Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 34 ● અંક : ૯૯
તા.૧૫-૦૫-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૦))
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૯ સૂર્યાસ્ત : ૦૭:૧૩

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧ | વડોદરા | ૪૧ |
| અમદાવાદ | ૪૧ | સુરત | ૩૫.૬ |
| ગાંધીનગર | ૪૧ | નલિયા | ૩૭ |

ચાંદી : ૪૧૦૦૦ સોનું : ૩૨૬૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કર્ણાટકમાં કોનું રાજ ? : આજે ફેંસલો

**તમામ રાજકીય પંડિતોની નજર વિધાનસભા પરિણામ પર કેન્દ્રિત : ઉંચા મતદાન બાદથી ભાજપ અને કોંગ્રેસ દ્વારા જીતના દાવા કરાયા : હજારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો**



બેંગ્લોર

જેની રાજકીય વર્તુળો અને કારોબારીઓમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આવતીકાલે મતગણતરી થયા બાદ બપોર સુધીમાં તો કર્ણાટકમાં કોની સરકાર બનશે તે બાબત સ્પષ્ટ થઈ જશે. કર્ણાટકમાં કોંગ્રેસ તેના કિલ્લાને જાળવી રાખવામાં સફળ થાય છે કે પછી ભાજપ અહીં પણ પોતાની જીત મેળવે છે તે બાબત ઉપયોગી રહેનાર છે. કર્ણાટક ચૂંટણીના પરિણામ પર દેશના કરોડો લોકોની પણ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ૧૨મી મેના દિવસે ઉંચુ મતદાન ૭૦ ટકાની આસપાસ રહ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ બન્ને દ્વારા જીત માટેના દાવા કરવામાં આવી રહ્યા છે. અનુસંધાન પાના નં.૬

**ગુજરાતના અનેક ભાગોમાં પણ હવામાનમાં એકાએક પલટો**

## સાબરકાંઠાના ખેડબ્રહ્મા, વડાલી અને ભિલોડામાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ

અમદાવાદ

દેશના જુદા જુદા ભાગોમાં પ્રચંડ તોફાન, આંધી અને વરસાદના દોર વચ્ચે આજે ગુજરાતમાં કેટલાક ભાગોમાં હવામાનમાં પલટો આવ્યો હતો અને અનેક જગ્યાઓએ વરસાદ થયો હતો. કમોસમી વરસાદના કારણે લોકોમાં પણ ભારે ચર્ચા જોવા મળી હતી અને ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. આજે રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ થતાં તાપમાનમાં ઘટાડો થયો હતો. સાબરકાંઠાના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. ખેડબ્રહ્મા અને વડાલીમાં વરસાદ થયો હતો.

આ ઉપરાંત ભિલાડામાં વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો. મોડાસા અને મેઘરજમાં વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. અરવલ્લીમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. બીજી બાજુ અમદાવાદમાં પણ આજે તીવ્ર તાપથી આંશિક રાહત મળી હતી. તાપમાનમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. વાદળછાયુ વાતાવરણ આંશિકરીતે રહ્યું હતું. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યું હતું. આવતીકાલે મહત્તમ તાપમાન ૪૨ની આસપાસ રહી શકે છે.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં કેટલીક સૂચનાઓ પણ જારી કરવામાં આવી ચુકી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે ૪૨ ડિગ્રી રહી શકે છે.

## વિચાર વૈભવ...

### માલતી

'ભયગ્રસ્તતાની સ્થિતિ-પરિસ્થિતિની ઉપસ્થિતિ આવી પડે, ત્યારે તેવા સમયે પોતાનું આત્મબળ ટકાવી રાખવા માટે શું કરવું જોઈએ ?'

આ પ્રશ્નમાં જવાબ સ્વરૂપે એક ચિંતકે સાત વિચાર કણિકાઓ આપી છે.

હું મારા મનનો સ્વામી છું, તેથી મારી ઈચ્છા સિવાય ભયના રાક્ષસને મારી અંદર પ્રવેશવા દઈશ નહીં. આઈ એમ 'ડેન્જરસ' ફોર ડેન્જર. ભય માટે હું પોતે જ ભયાનક છું.

મારામાં પ્રાર્થનાની અજબની શક્તિ છે. મારી શ્રદ્ધાશીલ પ્રાર્થના ભયને મારી પાસે ફરકવા પણ દેશે નહીં.

હું એટલો બધો કાયર નથી કે ભયના સરમુખત્યારનો ગુલામ બની જાઉં. હું ઊર્જાનો સ્રોત છું અને મારી આંતરિક શક્તિ ભયને પણ ભયગ્રસ્ત કરી શકે છે. હું વહેમ, અંધશ્રદ્ધા અને અમંગળના ખ્યાલની નાગચૂડમાં ફસાયા વગર ગમે તેવી કપરી સ્થિતિમાં પણ ભયનો સામનો કરીશ. જેમણે નિર્ભય અને અડગ રહીને ભય પર વિજય મેળવ્યો છે. એમનાં પ્રેરક ઉદાહરણો હું નજર સમક્ષ રાખીશ.

જીવન દુર્લભ અને કિંમતી છે. એને ભયના વ્યાજખોરને ઘેર ગીરો ન મૂકાય.

મેં માનવજન્મ ધારણ કરેલો છે. એટલે રોગ, દુઃખ, આધિ, ઉપાધિ એ બધાંને પહોંચી વળવા માટે હું બંધાયેલો છું. મિથ્યા ભયના માઠાં પરિણામોની કલ્પના કરી મારી જાતને કમજોર નથી બનાવવી.

મને જગતનો ડર નથી, કારણ કે પરમાત્મા મારી અડખે-પડખે જ છે. ભયના રાવણ માટે હું હનુમાન છું. એટલે ડર કે ભયથી મારે હનુમાન ચાલીસાના પાઠની જરૂર નથી.

- પં.રાજહંસવિજયજી ગણિ

## ભાભરના કુવાળા ગામે આઈપીએલ મેચ ઉપર સટ્ટો રમતા બે ઝડપાયા

**પાલનપુર એલ.સી.બી.એ રૂા.૫૦,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો : સ્થાનિક પોલીસ ઉંઘતી રહી**





તા.પ્રતિનિધિ ભાભર

ભાભરમાં ક્રિકેટ મેચની બદી વ્યાપક પણે ફાલીફુલી છે. રહેણાંક મકાનોમાં આવી પ્રવૃત્તિ સ્થાનિક પોલીસની રહેમ નજર હેઠળ ચાલી રહી હોવાનું કહેવાય છે. કેન્દ્રિય મંત્રી હરીભાઈ ચૌધરીએ જાહેર મંચ ઉપર ભાભરમાં સટ્ટો મોટા પ્રમાણમાં રમાય છે. તેવું ગર્વ સાથે બોલ્યા હતા અને જિલ્લા પોલીસ વડા ભાભરના જાગૃત મીડીયા કર્મીઓના મેસેજની વાત ધ્યાને લેતા ટૂંક સમયમાં ત્રણ જગ્યાએથી ક્રિકેટ મેચની ઓફિસો પોલીસે પકડી છે.

ભાભરના કુવાળા ગામેથી રહેણાક મકાનોમાંથી જુદી- જુદી જગ્યાએથી પાલનપુર એલ.સી.બી.એ બે મેચના સટ્ટોડીયાઓને ઝડપી પાડતા સટ્ટોડીયાઓમાં ફફડાટ ફેલાયો છે. કુવાળા ગામેથી પ્રતીક પીયુષભાઈ શેઠ રહે. કુવાળા તેના ઘરમાં ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતો ઝડપાઈ ગયો હતો. તેની પાસેથી મોબાઈલ ફોન, ટી.વી અને સાહિત્ય સહિત ૩૭૭૦૦ નો મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયો હતો. જ્યારે કુવાળા ગામેથી એજ દિવસે પ્રકાશ રમેશભાઈ ફોફાણી રહે.કુવાળા તા. ભાભર વાળો તેના ઘરે ક્રિકેટ સટ્ટો રમતા રૂા. ૧૨૫૦૦ નો મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી પાડ્યો હતો. ભાભરના કુવાળા ગામેથી ક્રીકેટ મેચનો સટ્ટો રમતા જુદી- જુદી જગ્યાએથી બે સટ્ટોડીયા સામે ભાભર પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

**ગુજરાતમાં સુજલામ સુફલામ અભિયાન ત્રણ વર્ષ ચાલશે**

## ભાવિ પેઢીને ૫૦ વર્ષ સુધી જળ સમૃદ્ધિનો વારસો અપાશે : રૂપાણી

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુજલામ સુફલામ જળ અભિયાન આગામી ત્રણ વર્ષ સુધી ચાલુ રાખીને રાજ્યભરના તળાવો ઊંડા કરી ભાવિ પેઢીને આવનારા ૫૦ વર્ષ સુધી જળ સમૃદ્ધિનો વારસો આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે આગામી વરસાદી મોસમ પહેલા તળાવો ઊંડા કરવા, નહેરોમાંથી કાંપ કાઢવા સહિતની જળસંચય કામગીરી ૨૪-૭ ચાલુ રાખવા જિલ્લા તંત્રોને વ્યવસ્થા ગોઠવવા સૂચન કર્યું હતું. મુખ્યમંત્રીએ સુજલામ-સુફલામ જળ અભિયાન અંતર્ગત રાજ્યના ૬ જિલ્લાના ગામોમાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ અને કામોનું સીધું મોનિટરિંગ જિલ્લા સ્તરે ડ્રોન ટેકનોલોજી અને મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી કમાન્ડ કન્ટ્રોલ વોલ ટેકનોલોજીના ઉપયોગથી કર્યું હતું. તેમણે રાજકોટ અનુસંધાન પાના નં.૬

## પાલનપુરમાંથી ચાર શકુનીઓ ઝડપાયા



પાલનપુર

જિલ્લા પોલીસવડાની સુચનાથી પાલનપુર એલસીબી પી.આઈ. જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ પ્રો.પો.સ.ઈ. એન.એન. પરમાર તથા પ્રો. પો.સ.ઈ. એમ.આર. મોહની આ તથા એલ.સી.બી. સ્ટાફના નરેશભાઈ, દિગ્વિજયસિંહ, મહેશભાઈ, રાજેશભાઈ અનુસંધાન પાના નં.૬

**ઝડપાયેલા શકુનીઓ**

રમેશભાઈ ઈશ્વરભાઈ ઠાકોર
દિનેશભાઈ નાથાભાઈ પ્રજાપતિ
બંને રહે. ચડોતર, તા. પાલનપુર
નરેશભાઈ સેમરાજભાઈ ઠાકોર
રહે જોડનાપુરા, તા. પાલનપુર
ધવલકુમાર કાંતિભાઈ પટેલ
રહે. લક્ષ્મીપુરા, તા.પાલનપુર

## વિદેશી દારૂનો જંગી જથ્થો ભરેલું કન્ટેનર ઝડપાયું : રૂા.૬૧ લાખનો મુદ્દામાલ કબજે

હિમતનગર

હિંમતનગર-ઉદેપુર નેશનલ હાઈવે પર શામળાજી ચેકપોસ્ટ નજીકથી પોલીસે વિદેશી દારૂની પેટીઓથી ખીચોખીચ ભરેલ એક કન્ટેનર ઝડપી લઇ આશરે રૂા.૬૧ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

શામળાજી પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે રાજસ્થાનથી વિદેશી દારૂનો જંગી જથ્થો ભરી એક કન્ટેનર ગુજરાત તરફ આવી રહ્યું છે. આ બાતમીના આધારે શામળાજી પોલીસે હિંમતનગર - ઉદેપુર નેશનલ હાઈવે પર સવારથી જ નાકાબંધી કરી કડક વાહન ચેકિંગ શરૂ કર્યું હતું. દરમ્યાનમાં અણસોલ ગામ નજીકથી મોડી રાત્રે એક કન્ટેનર પુરઝડપે પસાર થતા પોલીસે તેનો પીછો કરી કન્ટેનર ઝડપી લઇ તલાશી લેતા તેમાંથી જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂ ભરેલી ૯૧૫ પેટી મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂનો જથ્થો અને કન્ટેનર મળી રૂા.૬૧ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. રાત્રીનો સમય હોવાથી કન્ટેનરનો ચાલક અંધારાનો લાભ લઇ નાસી છૂટ્યો હતો. આ વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી ભરવામાં આવ્યો હતો અને ગુજરાતમાં ક્યાં લઇ જવામાં આવી રહ્યો હતો તે અંગે સઘન તપાસ શરૂ કરાઈ છે.

## ઉઘરાણી મુદ્દે વૃધ્ધ પર જીવલેણ હુમલો કરનાર પતિ-પત્નિને પાંચ વર્ષની કેદ

**પાલનપુર ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજનો ચુકાદો**





પાલનપુર

વડગામ તાલુકાના છાપીમાં ઉઘરાણી મુદ્દે ઘરે બોલાવી વૃધ્ધ ઉપર જીવલેણ હુમલો કરનાર પડોશી પતિ-પત્નીને પાલનપુર કોર્ટે પાંચ વર્ષની કેદ અને મદદગાર તેમની માતાને પણ ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી.

બનાવની ટૂંકી વિગતો મુજબ ગત તા. ૨૯/૨ /૨૦૧૬ ના રોજ છાપીના નરોત્તમભાઈ મોદીને તેમની પડોશમાં રહેતા ચંચીબેન પોપટલાલ મોચીએ પૈસાના હિસાબ માટે ઘરે બોલાવ્યા હતા. જેથી તેઓ તેમના ઘરે જતા તેમનો પુત્ર ભરત પોપટલાલ મોચી તેની પત્નિ હંસાબેન મોચી અને ચંચીબેન મોચીએ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી લોખંડની પાઈપ અને હથોડી ફટકારી ગંભીર હદે ઘાયલ કર્યા હતા. જેથી તેમને તાબડતોબ અનુસંધાન પાના નં.૬

## ડીસામાં બંગાળી યુવકનો આપઘાત

ડીસા

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાના સોની બજાર તરફ રહેતા બંગાળી યુવકે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન દોરી ટૂંકાવી દેતા અરેરાટી મચી જવા પામી છે. શહેરના સોની બજારમાં રહી સોની બજારમાં મજુરીનું કામ કરતા બંગાળી સંતોજી સંદરાએ ગઈકાલે અગમ્ય કારણોસર પોતાના ઘરમાંજ ગળેફાંસો ખાઈ આપઘાત કરી દીધો હતો.

જેની અડોશ - પડોશમાં જાણ થતા તેમણે પોલીસને જાણ કરી હતી. તેથી દક્ષિણ પોલીસ દોડી આવી હતી અને મૃત યુવકની લાશ ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હતી. બાદમાં પોલીસે આ મુદ્દે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સાર સમાચાર...

**કેન્દ્રીય મંત્રી મંડળમાં ફેરફાર**

### જેટલી રજા ઉપર જતાં નાણા મંત્રાલય પિયુષ ગોયલને હવાલે

નવીદિલ્હી

કેન્દ્રીય મંત્રી મંડળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નાણાં મંત્રી અરૂણ જેટલીની કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાતા તેઓ રજા ઉપર ગયા છે. આથી નાણાં મંત્રાલયનો હવાલો રેલ મંત્રી પિયુષ ગોયલને સોપવામાં આવ્યો છે. જ્યારે સ્મૃતિ ઈરાની પાસેથી સુચના અને પ્રસારણ મંત્રાલયનો વધારાનો હવાલો રાજવર્ધનસિંહ રાઠોડને સોપવામાં આવ્યો છે. આ ઉપરાંત એસ.એસ.આહુવાલ્યાને આઈટીનો હવાલો સોંપાયો છે.

## ગતકડું....

- દેવન વ્યાસ




પક્ષ પલટો કરવો કે નહિં ? તે હવે કર્ણાટકની ચૂંટણીના પરીણામો પછી જ નક્કી કરીશ ?

### દુષ્કર્મના ગુનામાં નાસતા ફરતા બે આરોપી ઝડપાયા

ડીસા

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાના આધારે પી.એસ. આઈ. સી.પી. ચૌધરીના માર્ગદર્શન મુજબ પાલનપુર પેરોલ ફર્લો સ્કવોર્ડના એ.એસ.આઈ. કિરણસિંહ, ઐયુબખાન, પ્રવિણસિંહ તથા હે.કો. મહેન્દ્રસિંહ તેમજ પો.કો. શૈલેષકુમાર તથા રાજુભાઈ વગેરેના સ્ટાફના માણસો વડગામ વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા ત્યારે ડીસા ઉત્તર પોલીસ મથકે દુષ્કર્મના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા બે આરોપીઓ અનુસંધાન પાના નં.૬

## પાલનપુરના લડબી નાળા પાસે ટ્રક પલ્ટી ખાતા ચાલકને ઇજા

**પાલનપુર-ડીસા હાઇવે પર ટ્રક પલ્ટી ખાતા વાહન વ્યવહાર સર્વિસ રોડ પર ડાયવર્ટ કરાયો**

પાલનપુર

રાજસ્થાનથી જીરાનું ભૂસુ ભરી ઉંઝા જઈ રહેલા ટ્રક ચાલકને અકસ્માત નડ્યો હતો. વહેલી સવારે પાલનપુર-ડીસા હાઇવે ટ્રક આગળ શ્વાન આવી જતા ટ્રક ચાલકે કાબુ ગુમાવતા ટ્રક પલટી ખાઇ ગયો હતો.જેમાં ચાલકને ઈજાઓ થતા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

બ.કાં.માં અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક હદે વધી રહ્યુ છે. રાજસ્થાનથી ટ્રક ચાલક પ્રેમારામ જેતરામ પ્રજાપતિ ટ્રકમાં જીરાનું ભૂસુ ભરી ઉંઝા જઇ રહ્યો હતો. દરમિયાન, વહેલી સવારે પાલનપુર-ડીસા હાઇવે ઉપર લડબી નાળા નજીક ટ્રક આગળ શ્વાન આવી જતા ટ્રક ચાલકે સ્ટીયરીગ ઉપરનો કાબુ ગુમાવતા ટ્રક પલટી ખાઇ ગઇ હતી.જેથી ટ્રકમાં ભરેલ ભૂસાની બોરીઓ રોડ ઉપર ખડકાઇ ગઇ હતી.આ ઘટનાને પગલે ટ્રાફીક જામ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી ટ્રાફીક ખુલ્લો કરાવી ઈજાગ્રસ્તને સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જેમાં ચાલકને સામાન્ય ઈજાઓ થઇ હતી પરંતુ ટ્રકને ભારે નુકસાન થયુ હતુ.



(સંજય જોષી)

**હાઇવે બ્લોક કરાયો**

પાલનપુર-ડીસા હાઈવે પર લડબી નાળા પાસે ટ્રક પલ્ટી ખાતા સમગ્ર રોડ બ્લોક થઈ ગયો હતો. જેથી ટ્રાફિક જામ થઈ ગયો હતો. વહેલી સવારે હાઈવે પરથી ટ્રક ખસેડી ના શકાતા આ હાઈવેનો વાહન વ્યવહાર સર્વિસ રોડ પર ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. અંતે ૫ કલાક બાદ અકસ્માત ગ્રસ્ત ટ્રક ક્રેનની મદદથી દૂર ખસેડતાં હાઈવે ખુલ્લો થતા વાહન વ્યવહાર પૂર્વવત થયો હતો.

## કાંકરેજના રાણાવાડા (જા.) ગામે નરાધમે સગીરાને કુંવારી માતા બનાવી

**પિડીત યુવતીએ બાળકને જન્મ આપ્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી**

(પ્રતિ.) શિહોરી

કાંકરેજ તાલુકાના રાણાવાડા (જા) ગામે એક વર્ષથી નરાધમ ધાક ધમકી આપી દુષ્કર્મ પંદર વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારતો હતો ત્યારે સગીરાને ગર્ભવતી બનાવી હતી અને સગીરાએ બાળકને જન્મ આપ્યાની ફરિયાદ શિહોરી પોલીસ સ્ટેશને નોંધાવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ કાંકરેજના રાણાવાડા જાગીર ગામે સગીરાના પિતા ભાગે જમીન વાવી ખેતી કામ કરતા હતા. તેની સાથે તેની સગીર દીકરી પણ રહેતી હતી ત્યારે તેની બાજુના ખેતરે બાજુમાં રહેતા હેદુજી ઠાકોર રહે, વાતમ, તા.દિયોદર રહેતો હતો.

તેણે આ સગીરાને એક વર્ષ અગાઉ સગીરા તેના ઘરે છાપરે એકલી હતી ત્યારે આ ઈસમ ત્યાં આવી સગીરાનો એકલતાનો લાભ લઈ તેના પર દુષ્કર્મ ગુજર્યું હતું અને ત્યારપછી પણ આ ઈસમ અવાર નવાર સગીરાને ધાક ધમકી આપી વારંવાર દુષ્કર્મ ગુજારતો હતો. તેથી આ સગીરાને ગર્ભવતી બની ગયેલી સગીરાએ તા.૧૨/૫/૨૦૧૮ ના રોજ બાળકને જન્મ આપ્યા બાદ આ મામલે શિહોરી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવાઈ છે. જેના પગલે શિહોરી પોલીસે દુષ્કર્મી વિરૂધ્ધ કલમ ૩૭૬, ૫૦૬, ૨ અને પોસ્કો કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

**સૂર્યોદય - ૫.૫૯ સૂર્યાસ્ત - ૭.૧૩**

## તિથિદર્શન

વૈશાખ વદ-૦)) મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ :અમાવસ મંગળવાર નક્ષત્ર : ભરણી સવારે ૧૦.૫૬ પછી કૃતીકા યોગ :શોભન કરણ:ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) સાંજે ૪.૨૭ પછી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

**શ્રમેણ ધાન્યં ચ શ્રમેણ ભાગ્ય, શ્રમેણ વિદ્યા ચ શ્રમેણ વિતમ્**
**શ્રમેણ વિન્દતિ સુખાન્તિ લોક:, મનુષ્યલોકે હિ શ્રમ: પ્રધાન:**

ભાવાર્થ: 'શ્રમથી ધાન્ય પાકે છે અને શ્રમથી જ ભાગ્ય ફળે છે, શ્રમથી જ વિદ્યા મળે છે, શ્રમથી જ ધન પ્રાપ્તિ થાય છે, શ્રમ વડે જ સુખ- શાંતિની પ્રાપ્તિ થાય છે મનુષ્ય - લોકમાં પરિશ્રમનું જ મહત્વ છે.

આજે વિશ્વમાં પરિશ્રમ વિના ટૂંકે રસ્તે બધાને કમાઈ લેવાની અને મોજશોખ, ભોગ ભોગવવાની પ્રબળ ઈચ્છાઓ છે. પરિશ્રમ અને પુરુષાર્થના ધીરજભર્યા લાંબા રસ્તા છોડીને ટૂંકે રસ્તે કૌભાંડ અને છેતરપીંડીની કેડીઓ પકડી ઊંચે ચઢી જવું છે. આવા ટૂંકા રસ્તા સમાજ અને પોતાને માટે, સામાજિક પતન માટે ખતરનાક છે.

આજે પ્રધાનશ્રીઓ, અધિકારીઓ, જાડેજા બાપ-ુઓ અને એકના બે ગણા, ત્રણ ગણા કરી આપનારા 'સ્કીમવાળા' ભોળી- નિર્દોષ પ્રજાને છેતરી, પરિશ્રમ વિના કરોડો એકત્ર કરી ગરીબોની 'હાય' નિસાસ લે છે.

પરિશ્રમ- પુરુષાર્થ વિના કંઈ જ મળતું નથી. પરિશ્રમ વિનાની આવક થોડો સમય સારી લાગે પણ એનો અંત તો 'જેલ' થી આવે છે. આજે. કેટલાય રાજાઓ- કલમાડી- બાપુઓ 'તિહાર'માં 'પરિશ્રમ' વિનાના રોટલા ખાય છે. બદનામીની ચટણી તો ખરી જ. જીવનમાં પરિશ્રમનું જ મહત્વ છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)નવું સાહસ ટાળવું હિતાવહ. કાર્યબોજ વિશેષ રહે...**
**વૃષભ : (બ.વ.ઉ.)અગત્યના કાર્યમાં સફળતા મળે. વડીલવર્ગથી લાભ રહે..**
**મિથુન : (ક.છ.ઘ.)વાણીસંયમ જાળવવો હિતાવહ. નાનો પ્રવાસ થાય.**
**કર્ક : (ડ.હ.) જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.જીવનસાથીથી સંઘર્ષ ટાળવો.**
**સિંહ : (મ.ટ.)યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)અણધાર્યો ધન લાભ થાય. શત્રુ નમતા આવે.**
**તુલા : (ર.ત.)ખોટા ખર્ચના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. ગૃહવિવાદ ટાળવો.**
**વૃશ્ચિક : (ન.ય.)માનસિક વ્યથા અનુભવાય. લાભની તક હાથમાંથી સરી જાય.**
**ધન : (ભ.ફ.ધ.) પ્રિયજનથી મિલન- મુલાકાત સફળ બને. ક્રોધ ટાળવો હિતાવહ.**
**મકર : (ખ.જ.) માંગલિક કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.**
**કુંભ : (ગ.શ.સ.)આરોગ્ય અંગે સંભાળવું. મનની મુરાદ બર ન આવે.**
**મીન : (દ.ચ.જ.થ.)અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. ખર્ચનો પ્રસંગ બને.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

બંગ- ભંગ ચળવળના છેલ્લા દીપક ક્રાન્તિવીર શ્રી ત્રૈલોક્યનાથ ચક્રવર્તીની જન્મજયંતી છે.

એમનો જન્મ ૧૫/૫/૧૮૮૯ના રોજ પૂર્વ બંગાળના માપતસિંગ જિલ્લાના કપસતિયા ગામમાં થયો હતો.

'કારાવાસમાં ૩૦ વર્ષ' અને 'ભારત- પાકિસ્તાન આઝાદી સંગ્રામ' નામના પુસ્તકમાં પોતાના જીવનનાં અનેક પ્રેરક સંસ્મરણો તેમણે નોંધ્યાં છે.

બારીસાલ કાવતરા કેસના એક આરોપી તરીકે, કોલકત્તાની નેશનલ સ્કૂલના સંચાલક તરીકે, બ્રહ્મદેશમાં વસતા હિંદી ક્રાન્તિકારીઓનાં સંપર્ક અધિકારી તરીકે અને છેલ્લે સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ પોતાની માતૃભૂમિ પૂર્વ પાકિસ્તાનના વફાદાર નાગરિક તરીકે તેમણે જે જીવનસંગ્રામ ખેલ્યો છે તે ખૂબ જ નોંધપાત્ર છે. આ મહાન ક્રાન્તિકારીનું તા. ૯/૮/૧૯૭૦ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા સભર.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૧૫.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૮૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૪.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૦૭ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૮૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૯૦૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૭૮૭ પોઈન્ટ થી ૧૦૭૭૩ પોઈન્ટ, ૧૦૭૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૪.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૪૩૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૨૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૪૭૭ પોઈન્ટ થી ૨૬૫૦૫ પોઈન્ટ, ૨૬૫૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૫૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**મહિન્દ્રા & મહિન્દ્રા (૮૫૪) :- ઓટો ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૮૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૮૧૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૮૬૮ થી રૂ.૮૭૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૮૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**સન ફાર્મા (૪૭૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૪૬૦ આસપાસ પોઝીટ-ીવ બ્રેકઆઉટ..!!! રૂ.૪૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૪૮૮ થી રૂ.૪૯૪ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**JSW સ્ટીલ (૩૨૮) :- રૂ.૩૧૩ નો પ્રથમ તેમજ રૂ.૩૦૩ ના બીજા સપોર્ટથી સ્ટીલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૩૩૭ થી રૂ.૩૪૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**હિન્દ પેટ્રો (૩૨૦) :- PSU ઓઈલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૩૩૩ થી રૂ.૩૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ONGC લિમિટેડ (૧૮૮) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૮૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયકઁ જોં ઓઈલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૯૩ થી રૂ.૧૯૭ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૮૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રીફાઇનરી સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૦૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૭૩ થી રૂ.૯૬૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૦૧૨ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ટેક મહિન્દ્રા (૬૬૭) :- રૂ.૬૮૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૯૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૬૫૩ થી રૂ.૬૪૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૯૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**તાતા સ્ટીલ (૬૧૧) :- સ્ટીલ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૩૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૯૭ થી રૂ.૫૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૦૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૮૮ થી રૂ.૪૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપીટલ (૩૯૧) :- રૂ.૪૦૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૧૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૮૩ થી રૂ.૩૭૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો **www.nikhilbhatt.in** ને આધીન...!!!

## શુભલગ્ન

- ડીસા નિવાસી નરસિંહભાઈ બચુભાઈ નાયીની સુપુત્રી ચિ.રવિનાના શુભલગ્ન નાથપુરા નિવાસી જામાભાઈ જીવાભાઈ નાયીના સુપુત્ર ચિ.વિષ્ણુકુમાર સાથે તા. ૮/૫/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અરેચથાં છાણી નિવાસી અમથાજી મગનજી ચાવડાના સુપુત્ર ચિ. ડૉ.લાલજીના શુભલગ્ન જેગોલ નિવાસી પ્રતાપજી હરજીજી જેગોલાની સુપુત્રી ચિ. દક્ષા સાથે તા. ૪/૫/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- જુનાડીસા નિવાસી નરેન્દ્રભાઈ શાંતિલાલ ગોહિલની સુપુત્રી ચિ.આરતીના શુભલગ્ન પાલનપુર નિવાસી હસમુખલાલ મીયાંચંદભાઈ ચૌહાણના સુપુત્ર ચિ.હાર્દિક સાથે તા. ૨૭/,૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

-પેપરાલ નિવાસી બાબરાભાઈ નરસુંગભાઈ ચૌધરીના સુપુત્ર ચિ.ભાવેશના શુભલગ્ન ગેળા નિવાસી જેવતાભાઈ નાગજીભાઈ ચૌધરીની સુપુત્રી ચિ.અલકા સાથે તા. ૧૧/૫/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- ધારૂસણ નિવાસી પ્રહલાદભાઈ હરદેવભાઈ નાઈના સુપુત્ર ચિ. સાગરના શુભલગ્ન મુડેઠા નિવાસી દશરથલાલ ડાયાલાલ નાઈની સુપુત્રી ચિ.કિરણ સાથે તા. ૨૮/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- દાંતા નિવાસી ભરતભાઈ બબાભાઈ કાકરેચાના સુપુત્ર ચિ.રાહુલ(બી.ઈ.) ના શુભલગ્ન ગંગવા નિવાસી અમરતભાઈ શંકરભાઈ ખડાકની સુપુત્રી ચિ. મિત્તલ સાથે તા. ૨૯/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- રાણપુર ઉગમણાવાસ નિવાસી હર્ષદભાઈ ચમનલાલ મેવાડાના સુપુત્ર ચિ. ભાર્ગવના શુભલગ્ન ચિ. દિપીકા સાથે તથા ચિ.મનીષા (રિન્કુ) ના શુભલગ્ન ચિ.પ્રકાશકુમાર (આંગોત્રી નિવાસી ગણપતલાલ પોપટલાલ મેવાડાના સુપુત્ર તથા સુપુત્રી) સાથે તા. ૨૮/૨૯-૪-૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- કુંપટ નિવાસી જયંતિલાલ વિરચંદભાઈ મેવાડાના સુપુત્ર ચિ. અશ્વિનના શુભલગ્ન ચંડીસર નિવાસી પ્રકાશભાઈ ભાયચંદભાઈ મેવાડાની સુપુત્રી ચિ. અલ્પા સાથે તા. ૨૯/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- ડીસા નિવાસી વાસુભાઈ પરસોત્તમભાઈ મોઢની સુપુત્રી ચિ. સ્વાતીકુમારીના શુભલગ્ન સુરત નિવાસી હેમંતજી નારાયણજી રાજગુરુના સુપુત્ર ચિ. મનોજકુમાર સાથે તા. ૪/૫/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- ડીસા નિવાસી ખેતાણી મુકેશકુમાર હિંમતલાલના સુપુત્ર ચિ. દર્શિલના શુભલગ્ન હિતેશકુમાર સંઘવીની સુપુત્રી ચિ. મલ્લી સાથે તા. ૨૮/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- અમદાવાદ નિવાસી મનિષકુમાર બાબુલાલ દોશીની સુપુત્રી ચિ. પ્રિન્સીના શુભલગ્ન પ્રકાશકુમાર વાઘજીભાઈ વોહેરાના સુપુત્ર ચિ. તીર્થકુમાર સાથે તા. ૧૨/૫/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- અમદાવાદ નિવાસી પ્રકાશચંદ્ર મણીલાલ મોરખીયાની સુપુત્રી ચિ. પ્રાચીના શુભલગ્ન સુરેશકુમાર બાબુલાલ શેઠના સુપુત્ર ચિ.મીતકુમાર સાથે તા. ૨૮/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

# જળ સંચયના કામોથી ભૂગર્ભ જળસ્તર ઉપર આવશે

પાલનપુર

સરકાર દ્વારા હાથ ધરાયેલ સુજલામ સુફલામ જળ સંચય અભિયાનથી વરસાદના વહી જતા પાણીને તળાવો અને ચેકડેમોમાં તથા જળાશયોમાં સંગ્રહ કરવાથી વિરાટ પ્રમાણમાં વરસાદના પાણીનું જળ સંચય થશે. ઠેર ઠેર તળાવો, ચેકડેમો, ખેત તલાવડીઓ પાણીથી છલોછલ ભરાતાં તે વિસ્તારના ભૂગર્ભ જળ ભંડાર સમૃધ્ધ બનશે. જેનો ફાયદો વિશેષ કરીને ખેડુતો અને પશુપાલકોને વધુ થશે. બનાસકાંઠા જિલ્લાના જળ સંચયના કામો માટે કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઝીણવટભર્યુ આયોજન કરી કામગીરી કરવામાં આવી રહી છે.

તા. ૭ મે-૨૦૧૮ના રોજ વધુ ૫૪ કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સિંચાઇ સ્ટેટના-૨, સિંચાઇ પંચાયતના-૧, વન વિભાગના-૩, સરદાર સરોવર નર્મદા નિગમના-૨ અને પાણી પુરવઠાના ૪૬ કામોનો સમાવેશ થાય છે.

# વાલપુરા ખાતે માતાજીનો હવન યોજાયો



કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના વાલપુરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવી વયનિવૃત થતાં સમસ્ત ગ્રામજનોને ભોજન પ્રસાદી આપવાનો નિર્ણય કરતાં વાલપુરાના વતની પ્રજાપતિ મૂળજીભાઈ કાળાભાઈએ માતાજીનો હવન તેમજ ગ્રામજનોનાં ભોજન પ્રસાદનો કાર્યક્રમને આયોજન કરવામાં આવેલ જેમાં કાંકરેજના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, મહામંત્ર ઈસુભા વાઘેલા વગેરેએ હવનના દર્શનનો લાભ લીધો જેમનું સન્માન યજમાન મૂળજીભાઈ કાળાભાઈ તથા વિજયભાઈ મૂળજીભાઈ, શારદા બેન મૂળજીભાઈ પરિવાર દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. સમગ્ર પ્રજાપતિ સમાજના આઠ પરગણાના પ્રમુખો, મંત્રીઓ આઠ પરગણા ના રાધનપુર ઉણ, જતોડા સમી વાંસા તેરવાડા વગેરે પરગણાના પ્રમુખ મંત્રી ઓ, પૂર્વ પ્રમુખોનું પણ સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગામે ભોજન પ્રસાદી લીધી હતી.

# કાણોદર હાઈસ્કૂલ નું વિજ્ઞાન પ્રવાહનું ૬૬.૬૬ ટકા પરિણામ

**શાળાના ચાર વિદ્યાર્થી ઓએ ૯૫ ટકા કરતા વધુ ગુજકેટ અને પી .આર.રેન્ક મેળવ્યો**

પ્રતિનિધિ છાપી

માર્ચ ૨૦૧૮માં લેવાયેલ ધોરણ -૧૨ની વિજ્ઞાન પ્રવાહ પરીક્ષામાં કાણોદરની એસ.કે.એમ. હાઈસ્કૂલનું ૬૬,૬૬ ટકા પરિણામ આવ્યું હતું જેમાં શાળાના ચૌહાણ રુચિતેં બોર્ડ માં ૯૪,૩૭ પી.આર. તેમજ ગુજકેટમાં ૯૭,૨૭ પી.આર. (૨)રાહુલ આર.ઠાકોરે ૯૪,૩૭ પી.આર. તેમજ ગુજકેટમાં ૯૫,૨૮ પી.પી.આર.(૩) ગાભવા જયકલ એચ.બોર્ડમાં ૯૩,૨૬ અને ગુજકેટ માં ૯૪,૩૬ (૪) મોદી કરને બોર્ડ માં ૯૧.૨૭ અને ગુજકેટ માં ૯૧,૪૩ પી.આર.જયારે નાંદોલિયા મહમદે બોર્ડ માં ૯૦,૫૧ અને ગુજકેટમાં ૮૭,૬૩ પી.આર. મેળવી શાળાનું નામ રોશન કર્યુ હતું.

આ તમામ વિધાર્થીઓ ને શાળાના પ્રમુખ હસનભાઈ કુગશિયા ઉપ પ્રમુખ મહમદભાઈ કડીવાલ મત્રી એઝાંઝભાઈએ શાળાનું નામ રોશન કરનાર વિધાર્થીઓને અભિનન્દન સાથે શુભેચ્છા પાઠવી હતી ?

# તપોવન સમર વેકેશન સંસ્કાર કેમ્પના બાળકોએ માનવપ્રેમ વ્યક્ત કર્યો



નવસારી

''ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો, મારું જીવન અંજલિ થાજો'' આ પંક્તિનો પ્રેક્ટીકલ અમલ કરી સમર વેકેશન સંસ્કાર કેમ્પ નવસરી- તપોવનના બાળકોએ માનવપ્રેમ કરીને ઉજવ્યો હતો. તપોવન આજુબાજુની ઝુંપડપટ્ટીમાં મીઠીબુંદી- સેવ અર્પણ કરવામાં આવતાં હર્ષથી ઘેલા બનેલા લોકોએ ''જય મહાવીર'' ''જય મહાવીર'' નો જયઘોષ કર્યો હતો. નાના ગરીબ બાળકોને મીષ્ટાન ખાતા જોઈને શિબિરના બાળકો ગેલમાં આવી ગયા હતા. મોટા થઈને મોજશોખમાં પૈસા ઉડાવવાને બદલે વધુમાં વધુ સંપત્તિ સત્કાર્યોમાં વાપરવાનો સંકલ્પ કર્યો હતો.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ કહ્યું કે, ભારતમાં ગરીબોની પરિસ્થિતિ અતિભયાનક છે. ઘણા લોકોને રોટી- કપડા અને મકાનના ફાંફા છે. જગતનો તાત ખેડુત દેવાદાર બનીને આપઘાત કરે છે. બિહાર જેવા રાજ્યોમાં ભૂખથી તડપડતા માબાપ સંતાનોને વહેંચે છે. તે બાળકોના વિવિધ અવયવો કીડની, આંખ, લીવર, લોહી વગેરેના લાખો રૂપિયાની વેચવાનું સ્કેન્ડલ ચાલે છે. આવા સમયે સાદગીભર્યું જીવન જીવવું જોઈએ. અને ગરીબોના આંસુ લુંસવા પ્રયત્ન કરવો જોઈએ. ફેશન કરનાર કદી ફેમશ બની શકતો નથી. ફેમશ તો જેઓ ગાંધીબાપુ જેવી સાદગી અપનાવી ગુણવાન બનશે તે થઈ શકશે..

સમર વેકેશન સંસ્કાર કેમ્પની પૂર્ણાહુતિ નિમિત્તે બાળકોએ ડાંગી નૃત્ય, એકપાત્રીય અભિનય, સ્વાગત ગીત, માની મમતાનું ગીત- નૃત્ય કરીને વાલીઓને ખુશ કરી દીધા હતા. પં. જયભૂષઠવિજયજી મુનિશ્રી નયરક્ષિતવિજયજીએ બાળકોને સંસ્કારમાં વૃદ્ધિ કરવા માટે પ્રેરણા કરી હતી. આ પ્રસંગે પંન્યાસ પદ્મદર્શનવિજયજી આશિષ આપવા પધારેલ હતા.

# અમદાવાદ : માત્ર ૧૨ દિનમાં ઝાડા-ઉલ્ટીના ૪૮૨ કેસ થયા

અમદાવાદ

પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં તંત્રના પગલા બિનઅસરકારક સાબિત થઇ રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૧૨ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૪૮૨ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૨ જ દિવસમાં ૧૦૯ અને ટાઇફોઇડના ૧૨૧ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૨ દિવસના ગાળામાં ૧૭૫ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ૦૪ કેસો સપાટી ઉપર આવ્યા છે. મે ૨૦૧૭ દરમિયાન લીધેલા ૬૪૨૧૭ લોહીના નમૂના સામે ૧૨મી મે ૨૦૧૮ સુધીમાં ૩૩૧૧૦ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી છે. મે ૨૦૧૭ દરમિયાન લેવામાં આવેલા ૧૩૩૯ સીરમ સેમ્પલ સામે ૧૨મી મે ૨૦૧૮ સુધીમાં ૧૨૫ સીરમ સેમ્પલ લેવામાં આવ્યા છે.

લગ્ન સહિત માંગલિક કાર્યો ઉપર બ્રેક

# આવતીકાલથી અધિક જયેષ્ઠ પુરુષોતમ માસનો પ્રારંભ

**અધિક જયેષ્ઠ માસ તા. ૧૬ થી શરૂ થઈ તા. ૧૩ જુનના રોજ પૂર્ણ થશે**

ડીસા

દર ત્રણ વર્ષે પુરુષોતમ માસ આવે છે. આ માસ સૂર્ય સંક્રાંતિ વિહીન માસ હોવાથી વૃધ્ધિ માસ કહેવાય છે. વૃધ્ધિ માસમાં માંગલિક કામો થઈ શકતા નથી. જપ- તપ- દાન, વ્રત, કથાશ્રવણ ઉપવાસ માટે શ્રેષ્ઠ માસ છે. આ માસમાં દરેક ભક્તિધર્મ કર્મનું ઉત્તમ શ્રેયકારક ફળ મળે છે.

અધિકમાસ વિશે જ્યોતિષી કનુભાઈ દવે(જગાણા)એ જણાવેલ કે સમગ્ર માસ દરમિયાન રોજ સવારે વહેલા સ્નાન કર્મ કરી બાજઠ ઉપર અક્ષતનો સ્વસ્તીક બનાવી અખંડ જ્યોત (દિવો) કોડીયામાં કરવો. શ્રીફળ (શ્રી વિષ્ણુ નમ:) બાજઠમાં મુકવું. એક ટાઈમ જમીને પુરૂષોત્તમ ભગવાનનું ધ્યાન ધરવું. ઓમ નમો ભગવતી વાસુદેવાય. પુરૂષોતમ દેવાય નમ: મંત્રથી અનુષ્ઠાન કરવું રોજ તુલસી ગાય, પીપળો, મા- પિતા- ગુરૂને વંદન કરવા. આ રીતે પુરૂષોત્તમ માસ દરમિયાન પુજા કરવાથી ગ્રહ નડતર કાલસર્પ યોગ.શાપિત દોષમાંથી મુક્તિ થાય છે અને સૌ પ્રકારના સુખોની પ્રાપ્તિ થાય છે. શ્રવણ, કીર્તન, ધ્યાન, યોગ, ઉત્તમ ફળ આપે છે.

તા. ૮/૬/૨૦૧૮ થી દક્ષિણ તરફનું ચોમાસુ શરૂ થશે. ભારતના કેટલાક વિસ્તારમાં હળવો પવન સાથેનો વરસાદ. સૂર્ય, મૃગશીસ નક્ષત્રમાં પ્રવેશથી થશે. સારો વરસાદ તા. ૨૨/૬/૧૮ સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશથી થશે. ખેતી લાયક સારો વરસાદ થશે તેમજ ચોમાસુ સારૂ જશે.

# વિશ્વકર્મા મેવાડા પ્રગતિ સમાજ દ્વારા ક્રિકેટ કાર્નિવલ ૨૦૧૮નું આયોજન

ડીસા

શ્રી વિશ્વકર્મા મેવાડા પ્રગતિ સમાજ અમદાવાદ દ્વારા મેવાડા ક્રિકેટ કાર્નિવલ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૭,૧૮,૧૯ અને ૨૦ મે ના રોજ સાયન્સ સિટી ઓગણજ, એસ પી રીગ રોડ અમદાવાદ ખાતે વિવાનઝા ગોપી ફાર્મ માં આ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાનાર છે. ચાર દિવસ બપોરે ૪ થી રાત્રે ૧૨ કલાક સુધી યોજાનાર આ નાઈટ ટેનીસ ટુર્નામેન્ટમાં ૧૦ યુવા ટીમો અને ૪ બાળકોની ટીમો ભાગ લેશે. ધાણધાર મેવાડા સુથાર પરિવાર અમદાવાદના યુવાનો દ્વારા સતત બીજા વર્ષે આ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. જેમાં સમાજના દાતાઓ દ્વારા ભોજન અને ટ્રોફી સહિત માટે દાનનો ધોધ વહેવડાવ્યો છે.

# જેઈઈ : ૧.૬૦ લાખ વિદ્યાર્થી દ્વારા રજિસ્ટ્રેશન કરાવ્યું

અમદાવાદ

ધોરણ-૧૨ સાયન્સ અને ગુજકેટનાં પરિણામ જાહેર થયા પછી હવે વિદ્યાર્થીઓ તા.૨૦મીએ લેવાનારી જેઈઈ એડ્વાન્સ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. હવે વિદ્યાર્થીઓ ટોચની એન્જિનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ આપશે, પરંતુ ચોંકાવનારી વાત એ છે આ વર્ષે સૌથી વધુ એટલે કે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ જેઈઈ આપવામાં ડ્રોપ આઉટ થયા છે. જેઇઇની પરીક્ષામાં છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી મોટો ડ્રોપ આઉટ નોંધાતાં શિક્ષણ સત્તાધીશોએ આ મુદ્દે ગંભીર ચિંતા વ્યકત કરી છે. જેઇઇની પરીક્ષા માટે ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા હોવા છતાં ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓએ જ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જે વર્ષ ૨૦૧૫ પછીનો એટલે કે છેલ્લાં ૩ વર્ષનો સૌથી મોટો ડ્રોપ આઉટ આંક છે. આ ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓમાં ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પણ છે. આઈઆઈટીમાં પ્રવેશ નહીં મળવાની અપેક્ષાએ પહેલાંથી જ મોટી સંખ્યામાં ડ્રોપ આઉટ લેવાયો છે. ચાલુ વર્ષે આઈઆઈટી-કાનપુરને જેઈઈની એડ્વાન્સ પરીક્ષાની જવાબદારી સોંપાઈ છે, જેમાં જેઈઈ મેઈન સ્કોરના આધાર પર એડ્વાન્સ પરીક્ષા માટે ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય કરાયા છે, જેમાં ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેમાંના ૭૦ હજાર વિદ્યાર્થીઓ રેસમાંથી બહાર થયા છે. ગુજરાત બોર્ડ અને ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ તેમાં સામેલ છે. ખાસ કરીને ગુજરાત બોર્ડના અનેક વિદ્યાર્થી લેંગ્વેજ પ્રોબ્લેમ, રિઝલ્ટ ક્રાઈટેરિયા જેવાં પરિબળોના કારણે હિંમત હારી ગયા હોવાનું જાણવા મળે છે. આ સિવાય ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓના ઓછો સ્કોર અને ક્રીમ બ્રાન્ચમાં પ્રવેશ ન મળવાની આશાએ પણ વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થયા છે. કમ્પ્યૂટર બ્રાન્ચ માટે ૩ હજારમાં રેન્ક જોઈએ. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને બોર્ડમાં ૭૫ ટકા કે ટોપ ૨૦ પર્સન્ટાઈલ રેન્ક ન આવતાં એડ્વાન્સ માટે રજિસ્ટ્રેશન ટાળ્યું છે.

# શાંતનું મહેશ્વરી અને વિગ્નેશ પાંડે ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ સિઝન- ૩ને હોસ્ટ કરશે



ભારતના શ્રેષ્ઠ અભિનય પ્રતિભા દ્વારા કેટલાક પ્રેરણાદાયક કૃત્યો અને પ્રદર્શન સાથે પ્રેક્ષકોને મનોરંજન કર્યા બાદ, ઝી ટીવીના પ્રખ્યાત પ્રતિભા વાળા રીયાલ્ટી શો ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ ફરી એકવાર તેની ત્રીજી આવૃતિ લઈને આવી ગયું છે. શો, તેના પાછલી સીઝન્સમાં, ઘણાં ઉભરતાં બાળ કલાકારોને તૈયાર કર્યા છે જેવા કે કાર્તિકેય રાજ, તમન્ના દિપક, કાર્તિકેય માલ્વિયા અને પ્રનિત જેમને પોતાના માટે મનોરંજનની દુનિયામાં એક અલગ વ્યક્તિત્વ બનાવ્યું છે. તેની આ સીઝનમાં, ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ શુદ્ધ મનોરંજનની સાથે એક્ટીંગના ઉત્સાહીઓની ક્ષમતાને ઉભારી તેમને ભવિષ્યના સુપરસ્ટાર બનાવવા માટેનો ધ્યેય છે.આ પ્લેટફોર્મ બાળકને તેમનું ભવિષ્ય બનાવવામાં મદદરૂપ થાય છે કારણકે, તેઓમાં કેમેરાનો સામનો કરવાની સાથોસાથ દુનિયાનો સામનો કરવાનો પણ આત્મવિશ્વાસ આવે છે. હું આ સિઝનના પ્રવાસ માટે અત્યંત ઉત્સાહિત છું.''વિગ્નેશ પાંડે ઉમેરે છે, ''હું ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝની આ સિઝને હોસ્ટ કરવા માટે અત્યંત ઉત્સાહિત છું. આજના બાળકો અત્યંત પ્રતિભાશાળી છે અને લોકોની સામે તેમની આ પ્રતિભાને જીવંત જોવી એ અત્યંત મજાનો અનુભવ છે. બાળકોમાં એક અલગ જ પ્રકારની ઉર્જા અને તેમની સકારાત્મક્તા તથા કામ પ્રત્યેનું તેમનું સમર્પણ હોય છે અને તે ખરેખર મને ખૂબ જ પ્રેરિત કરે છે. શોની આ સિઝન ખરેખર મોટી હિટ સાબિત થશે. હું કે પછી વેન્ટ્રીલોક્વિસ્ટ તરીકે, ટેલિવિઝન પર કોઈ શો પ્રથમ વખત હોસ્ટ કરું છું અને હું થોડો ચિંતિત છું સાથોસાથ ઉત્સાહિત પણ છું.''ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ સિઝન ૩, જલ્દી પ્રસારિત થશે ઝી ટીવી પર!

# પાલનપુરના પીતાંબર મહેતાના માઢમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## પૂર્વ પોલીસની ટીમે રૂા.૩૧૫૦૦ના મુદ્દામાલ સાથે આરોપીને દબોચી લીધો


સંજય જોષી

પાલનપુર

પાલનપુર મોટીબજાર વિસ્તારમાં પીતાંબર મહેતાના માઢમાં તાજેતરમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં પૂર્વ પોલીસની ટીમને સફળતા મળી છે. જેમણે ચોરી થયેલા રૂપિયા ૩૧૫૦૦ના મુદ્દામાલ સાથે આરોપીને દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાલનપુર ખાતે મોટી બજાર રોડ પર આવેલા પીતાંબર મહેતાના માઢમાં રહેતા સતીષભાઇ સોમાલાલ દેસાઇના મકાનમાં તાજેતરમાં ત્રાટકેલા તસ્કરે પર્સમાંથી રોકડ રૂપિયા ૨૨,૫૦૦, તેમની દીકરીના પર્સમાંથી રૂપિયા ૪૦૦૦ તેમજ એટીએમમાંથી રૂપિયા ૫૫૦૦ મળી કુલ રૂપિયા ૩૧,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી.

આ અંગે સતીષભાઇ દેસાઇએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરની સૂચનાથી ઇન્ચાર્જ પીઆઇ આર. કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ટી. જે. દેસાઇએ સ્ટાફના મોહનસિંહ, ભરતભાઇ સાથે તપાસ હાથ ધરી હતી. જેમાં આરોપી પાલનપુરના મોટીબજાર વિસ્તારમાં પિતાંબર મહેતા માઢમાં રહેતા નયન ઘનશ્યામ ભાઇ પંચાલને ઝડપી લીધો હતો.

# નવી ભીલડી ગામે દેવીપુજક પરિવારમાં ધીગાણું

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના નવી ભીલડી વિસ્તારમાં રેલ્વે સ્ટેશનની સામે દેવીપુજક પરિવારમાં કંઈક સામાન્ય બોલાચાલીમાં કૌટુંબીક ભાઈએ કંઈક કારણોસર બબાલ થતાં સામ સામી ફરીયાદ નોંધાઈ છે.

ફરીયાદી આશાબેન ગોવિંદભાઈ પટણીએ ફરીયાદમાં જણાવેલ કે તેના જેઠના દિકરા સચીનને આરોપી સુરેશભાઈ ફુલાભાઈ પટણીને અપશબ્દો બોલી માર મારતાં હોઈ જેથી કરીને ઠપકો આપતા એકદમ ઉશ્કેરાઈ જઈ સુરેશભાઈ ફુલાભાઈ પટણીએ પાઈપ વડે ફરીયાદી આશાબેનને જમણા હાથ પર તથા સાથળના ભાગે પાઈપ વડે માર મારેલ અને આરોપી બેજુભાઈ ફુલાભાઈ પટણીએ ધારીયા વડે માથાના ભાગે અને જમણા હાથ ઉપર માર મારેલ જેમાં આરોપીઓ સુરેશભાઈ ફુલાભાઈ પટણી, બેજુભાઈ ફુલાભાઈ પટણી, પપ્પુભાઈ ફુલાભાઈ પટણી, ભીખાભાઈ ફુલાભાઈ પટણી વિરૂધ્ધ ભીલડી પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટાર નં.૨૨/૨૦૧૮ આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪ (ખ) ૧૧૪ મુજબ ફરીયાદ નોંધાઈ છે.

જ્યારે સામાપક્ષે ફરીયાદ મનોજભાઈ સુરેશભાઈ દેવીપુજકે આરોપી પુનમભાઈ ધુડાભાઈ પટણી, ગોવિંદભાઈ ધુડાભાઈ પટણી, મહેશભાઈ ધુડાભાઈ પટણી, વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ છે. જેમાં જણાવેલ છે કે મન ફાવે તેમ અપશબ્દો બોલવાનીના પાડતા આરોપીઓ માથાના ભાગે રોડા અને પાઈપ પણ મારેલ જેની વધુ તપાસ હેડ કોસ્ટેબલ શ્રીમાળી રાજુભાઈ ચલાવી રહ્યા છે.

# ક્ષત્રિય ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચે ગૌચર પરત અભિયાન છેડ્યું



સંજય જોષી

## પાલનપુર ખાતે ગૌચર પરત અભિયાન અન્વયે જિલ્લા કલેકટરને આવેદનપત્ર

પાલનપુર

પ્રખર હિન્દુત્વવાદી અને કહેવાતી ગૌપ્રેમી ભાજપ સરકારના રાજમાં રાજ્યમાં ગૌચરની જમીનોનો દૂરપયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના, ઓબીસી એસસી, એસટી એકતા મંચ દ્વારા ગૌચર પરત અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અન્વયે બનાસકાંઠાના કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

ગૌપ્રેમી રાજ્યની ભાજપ સરકારના રાજમાં ગૌચરની જમીનો રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને માલેતુજારોને પાણીના મોલે પધરાવવામાં આવી રહી છે. જે જમીનો પરત લેવા માટે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના, ઓબીસી૪ એસસી, એસટી એકતા મંચ દ્વારા ગૌચર પરત અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અન્વયે બનાસકાંઠાના કાર્યકરો દ્વારા ગતરોજ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ. જેમાં જણાવવામાં આવ્યું હતુ કે, રાજ્ય સરકાર ગૌચરની નિતી જાહેર કરે, ૨૭૫૪ ગામમાં ગૌચર જ નથી એનો જવાબ રાજ્ય સરકાર આપે, ૬૨૯ પાંજળાપોળમાંથી પાંચસો પાંજરાપોળ દેવાદાર છે.

અનુસંધાન પાના નં.૬

### બનાસકાંઠામાં કેટલું ગૌચર

તારીખ ૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં ૩૨૯૭૩-૧૭-૪૧ હે.આરે. ચો. મી. ગૌચર હોવું જોઈએ જેની જગ્યાએ અત્યારે માત્ર ૫૭૧૪૨-૧૦-૮૧ હે. આરે. ચો. મી. ગૌચર ઉપલબ્ધ હોવાનું આવેદનપત્રમાં જણાવાયું છે.

## ભયભીત કરવાવાળી ભાષાના ઉપયોગનો આક્ષેપ

# મોદીની સામે મનમોહનસિંહે રાષ્ટ્રપતિ કોવિંદને પત્ર લખ્યો

નવીદિલ્હી

પૂર્વ વડાપ્રધાન મનમોહસિંહ અને કોંગ્રેસના અન્ય કેટલાક વરિષ્ઠ નેતાઓએ વડાપ્રધાન મોદીની સામે નારાજગી વ્યક્ત કરીને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખ્યો છે. પત્રમાં રાષ્ટ્રપતિ સમક્ષ અપીલ કરીને કહેવામાં આવ્યું છે કે, તેઓ વડાપ્રધાનને કોંગ્રેસ નેતાઓ અને અન્ય પાર્ટીના નેતાઓની સામે ધાકધમકી આપવાવાળી ભાષાથી રોકવા માટે પ્રયાસ કરે. મનમોહનસિંહ અને અન્ય નેતાઓએ આક્ષેપ કરતા કહ્યું છે કે, મોદીનું વર્તન પીએમની મર્યાદા મુજબ દેખાઈ રહ્યું નથી. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ આ સંદર્ભમાં માહિતી આપી છે. કર્ણાટકના હુબલીમાં ચૂંટણી પ્રચાર કરતી વેળા મોદીએ ભાષણ આપતા કહ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓને એક વાત સમજી લેવાની જરૂર છે કે જો મર્યાદાને પાર કરશે તો આ મોદી છે. લેવાના દેવા પડી જશે. કોંગ્રેસે આ ભાષણનો ઉલ્લેખ કરીને તેને વાંધાજનક ગણાવ્યું છે અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને આ સંદર્ભમાં જાણ કરી છે. કોંગ્રેસે પોતાના પત્રમાં આ ભાષણના યુટ્યુબલિંકનો પણ ઉલ્લેખ કર્યો છે. પત્રમાં પીએમ પદ માટે લેવામાં આવતા શપથનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે, હજુ સુધી કોઇપણ વડાપ્રધાને પોતાના હોદ્દાની મર્યાદાને પાળીને આ પ્રકારના નિવેદન કર્યા નથી. તમામ વડાપ્રધાનો મર્યાદામાં રહ્યા છે અને આક્ષેપબાજીમાં પડ્યા નથી. ભારત જેવા લોકશાહી દેશમાં વડાપ્રધાનના હોદ્દા પર રહીને કોઇ વ્યક્તિ આ પ્રકારની ભયભીત કરવાવાળી ભાષાનો ઉપયોગ કઇરીતે કરી શકે છે. મોદીની સામે રાષ્ટ્રપતિને લખવામાં આવેલા પત્રમાં મનમોહનસિંહ ઉપરાંત કોંગ્રેસના અનેક નેતાઓએ પોતાના હસ્તાક્ષર કર્યા છે જેમાં ચિદમ્બરમ, અશોક ગેહલોત, દિગ્વિજયસિંહ, મુકુલ વાસનીક, કમલનાથ, મોતીલાલ વોરા, અંબિકા સોની, અહેમદ પટેલ, આનંદ શર્મા અને એકે એન્ટોનીનો સમાવેશ થાય છે. મનમોહનસિંહ દ્વારા લખવામાં આવેલા આ પત્રને લઇને રાજકીય પક્ષોમાં પણ ચર્ચાનો દોર ચાલી રહ્યો છે. મોદીની સામે મનમોહનસિંહના પત્ર બાદ રાષ્ટ્રપતિ તરફથી હજુ સુધી કોઇ પ્રતિક્રિયા આપવામાં આવી નથી પરંતુ ભાજપના લોકોનું કહેવું છે કે, લોકોને ગેરમાર્ગે દોરવાના હેતુસર આ પ્રકારના દાવા અને આક્ષેપબાજી કોંગ્રેસ તરફથી કરવામાં આવી રહી છે. મનમોહનસિંહના પત્રમાં કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓના હસ્તાક્ષર રહેલા છે.

# અમીરગઢ દેના બેંક દ્વારા રૂા. ૧૦ના સિક્કા ના સ્વીકારતાં ગ્રાહકોમાં રોષ


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ મામલતદાર રોડ પર આવેલી દેના બેંક દ્વારા રૂા. ૧૦ ના સિક્કા ના સ્વીકારાતા ગ્રાહકોમાં રોષ જોવા મળેલ છે.

અમીરગઢમાં આવેલી દેનાબેંકમાં જાવિદ મોહમદ ઈસ્માઈલભાઈ તૈલી તથા રહીમભાઈ વફાતી મોહમદ તૈલી જે રૂા. ૫૦૦૦ ભરવા ગયેલા અને બેંક દ્વારા રૂા. ૫૦૦૦ માં રૂા. ૩૬૦ માં ૧૦ ના સિક્કા હોવાથી કેસ સ્વીકારવાની ના પાડી હતી. બેંકના કર્મચારી તથા મેનેજરને પુછતા જણાવેલ કે આર.બી.આઈ.એ ૧૦ ના સિક્કા સ્વીકારતી નથી. આર.બી.આઈ. તથા સરકારની વારંવાર જાહેરાતો આપવા છતાં બેંકો દ્વારા ગ્રાહકોને પરેશાન કરવામાં આવે છે. લેખિતમાં આપે છે કે સ્વીકારવામાં આવશે નહીં. સરકારના કાયદાનું ખુલ્લે આમ ઉલ્લંઘન કરતા આવા કર્મચારીઓ સામે કોઈ એક્શન લેવાશે કે નહીં..? કે પછી બધુ આવુ જ ચાલ્યા કરશે? અને સરકાર પ્રજા માટે ગમે તેમ કરે અધિકારો દ્વારા ગ્રાહકોને પજવતા રહેશે.

# પાલનપુર ખાતે સુજલામ સુફલામ જળ સંચય અભિયાનની સમીક્ષા બેઠક યોજાઇ

## સમગ્ર દેશમાં જળ સંચય ક્ષેત્રે વિરાટ અભિયાન આદરનાર ગુજરાત પ્રથમ રાજય છે - મંત્રી પરબતભાઈ પટેલ

પાલનપુર

તા. ૧ લી મે, ગુજરાતના સ્થાપના દિવસથી સમગ્ર રાજયમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વિરાટપાયે જળ સંચયના કામો શરૂ કરવામાં આવ્યાદ છે. જેમાં અત્યાર સુધી બનાસકાંઠા જિલ્લામાં જળ સંચયના કેટલા કામો કરવામાં આવ્યા છે તેની સમીક્ષા બેઠક પાલનપુર, કલેકટર કચેરી ખાતે સિંચાઇ અને પાણી પુરવઠા રાજયમંત્રીશ્રી પરબતભાઇ પટેલના અધ્ય,ક્ષસ્થામને યોજાઇ હતી. જેમાં મંત્રીશ્રીએ વિવિધ કચેરીના અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરી ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

બેઠકમાં મંત્રી પરબતભાઇ પટેલે જણાવ્યું કે આપણા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શનથી સમગ્ર રાજયમાં વિરાટ પાયે જળ સંચય અભિયાન ચાલી રહ્યું છે. આ કામોનું નિરીક્ષણ કરવા મુખ્યમંત્રી, મંત્રીઓ અને સચિવઓ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉનાળાની ગરમીમાં ગામડાઓ ખુંદી રહ્યા છે. તેમણે કહ્યું કે જળસંચયના કામોમાં લોકો તરફથી ઉત્સાઓહભર્યો પ્રતિભાવ મળે અને લોકો પાણીના મહત્વિને સમજી આ અભિયાનમાં સામેલ થાય એ બહુ જરૂરી છે. તેમણે કહ્યું કે જનપ્રતિનિધિઓ પણ આ અભિયાનમાં સામેલ થાય અને કામો ઝડપથી પૂર્ણ થાય તે રીતે કામગીરી કરીએ. મંત્રીએ અધિકારીઓને જણાવ્યુંઝ કે જળસંચય માટે વિરાટ પાયે સરકાર દ્વારા હાથ ધરાયેલ આ અભિયાનમાં સૌને સામેલ કરી અભિયાનને વિક્રમજનક સફળ બનાવીએ.

કલેકટર સંદીપ સાગલેએ બેઠકમાં વિગતો આપતાં જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લા માં આ અભિયાન અંતર્ગત વિશાળ સંખ્યાવમાં જળ સંચયનાં વિવિધ કામો જેવા કે તળાવો ઉંડા કરવા, તળાવ ડિસીલ્ટીંગ અને તળાવ સુધારણાના કામો, ચેકડેમ ડિસીલ્ટીંગ, આડબંધ સુધારણા, ખેત તલાવડી, માટી પાળા અને બંધપાળાનાં કામ, નદીને પુનઃજીવીત કરવાની કામગીરી, વન તલાવડી રિપેરીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કેનાલ ક્લિનીંગ, જુથ યોજનાના એરવાલ્વ રિપેરીંગ કરવા જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામમાં સિંચાઇ વિભાગ રાજય દ્વારા તળાવ ઉંડા કરવા, ચેકડેમ ડિસીલ્ટી ગ અને જળાશય ડિસીલ્ટીવગના મળી કુલ ૧૭૦ અને સિંચાઇ વિભાગ પંચાયત દ્વારા આવા કુલ ૪૮ કામો હાથ ધરવામાં આવ્યાા છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૮ જુથ યોજના અન્વવયે ૩૭૯૦ એરવાલ્વથ રિપેરીંગના કામો,

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા પોલીસ અને એલ.સી.બી.એ વિદેશી દારૂ ઝડપ્યો

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસે રાજમંદિર ટોકીઝ સામેથી વિદેશીદારૂ ૧૮ બોટલો (કિંમત રૂા.૧૮૦૦) તથા એલ.સી.બી. પોલીસે સરાલ ગામેથી ૧૩૦૦ રૂપિયાની વિદેશી દારૂની ૧૩ બોટલો ઝડપી પાડી હતી.

ટુંકી હકીકત એવી છે કે સરાલ ગામેથી ગોપાલભાઈ વાઘાભાઈ માજીરાણા પાસેથી એલ.સી.બી. પોલીસે પાલનપુરે વિદેશી દારૂ બોટલ નંગ - ૧૩ (કિંમત રૂા.૧૩૦૦) તથા ધાનેરા પોલીસે રાજમંદીર ટોકીઝની સામે કાન્તાબેન હરેશભાઈ ગૌસ્વામીના ઘરેથી વિદેશી દારૂની બોટલ નં.૧૮ (કિંમત રૂા.૧૮૦૦) પકડી પાડી હતી. જોકે આ બંને જગ્યાએ ઘરે પોલીસ ને કોઈપણ વ્યક્તિ મળેલ નથી.

# ડીસા સહિત જીલ્લાભરમાં વૈશાખ વદ અમાસ શનિ જયંતિ રૂપે ઉજવાશે

## વાઘપુરા પાટીયા નજીક હાઈવે પર આજે શનિદેવની સ્થાપના


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડવાળ

વૈશાખ વદ અમાસ શનિદેવની જયંતિ તરીકે ઉજવવામાં આવે છે જેથી ડીસા સહિત જિલ્લાભરમાં ઠેરઠેર ધામધુમથી શનિ જયંતિની આજે ઉજવણી કરવામાં આવનાર છે.

આવર્ષે વૈશાખ વદ અમાસને મંગળવાર આવતા શનિ દેવ મહારાજની જયંતિનો અનોખો સંયોગ રચાયો છે તેથી લોકોની વહેલી સવારથી શનિદેવ મહારાજના મંદિરોમાં પુજન - અર્ચન માટે લાઈનો લાગશે આ દિવસે અનેક લોકો વિવિધ પૂજા પાઠ અને અન્નદાન કરતા હોય છે. આ ઉપરાંત આ દિવસે કાળાવસ્ત્ર, લોખંડ, કાળા અડધ તથા સરસીયાનુ તેલ વગેરેનુ દાન પણ કરતા હોય છે તથા શનિદેવ મહારાજને પ્રસન્ન કરવા ધુપદિપ નૈવેધ તથા પૂષ્પથી પૂજા કરવામાં આવતી હોય છે સૂર્યપુત્ર શનિની જયંતિ વૈશાખ વદ અમાસે છે રોગ, સંકટો વગેરેનો નાશ કરવા માટેનો ઉત્તમ દિવસ ગણવામાં આવે છે.

આ બાબતે જયોતિષીના જણાવ્યા પ્રમાણે આજે મંગળવાર નારોજ આવતી શનિ જયંતિ વિશેષ બની રહે છે કારણ કે શનિ મહારાજ ધન રાશિમાં વક્રી ભ્મ્રણ કરી રહ્યા છે જે સંક્રાતિના પુણ્યકાળમાં સાધના ઉપાસના પુણ્ય કરવાથી વિશેષ ફળ પ્રાપ્તિ થતી હોય છે

અનુસંધાન પાના નં.૬

# મીઠી-પાલડી ખાતે સ્કૂલના નવિન મકાનનું ઉદઘાટન


નવિન દોશી

પ્રતિ. મીઠી પાલડી

દિયોદર તાલુકાના મીઠી-પાલડી ખાતે આવેલ દિપ ઈગ્લિંશ મીડીયમ સ્કુલના નવા મકાનનું ગત તા.૧૧/૫/૨૦૧૮ ના રોજ ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આજથી લગભગ ત્રણ વર્ષ પહેલાં મીઠી પાલડીમાં જય માતાજી એજ્યુકેશન એન્ડ ચેરીટ-ેબલ ટ્રસ્ટ દ્વારા દિપ સ્કુલની શરૂઆત કરવામાં આવી હતી. તે જોત જોતામાં નાનકડા છોડમાંથી મોટો વટવૃક્ષ બનીને ઉભરી આવતાં સંસ્થાના પ્રિન્સીપાલ તેમજ અગ્રણીઓ દ્વારા એક વિશાળ મોટું મકાન સ્કુલના ભાગ રૂપે બનાવવામાં આવ્યુ છે જે મકાનનું બાંધકામ સંપૂર્ણપણે પરિપુર્ણ થતાં ગત તા.૧૧-૫-૨૦૧૮ ના રોજ દિયોદર વિભાગના ધારાસભ્ય શીવાભાઈ ભુરીયા તથા રાજકીય અગ્રણીઓના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું, તેમજ સ્કુલ સંકુલનો શુભારંભ થવા પામ્યો હતો.

ઉપરોક્ત પ્રસંગે અંદાજે ૩૪૦ જેટલા સ્કુલ વિદ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ અર્થ જોવાયાના અહેવાલ સાંપડી રહ્યા છે, તેમજ સ્કુલ સંચાલન તરફથી પધારેલા મહેમાનોનું તેમજ ઉપસ્થિત વાલીગણનું સાલ ઓઢાડી સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. તથા તેજસ્વી તારલાઓ ચાંદીના સિક્કા તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્કુલ સંચાલક લક્ષ્મણસિંહ દરબાર તેમ સ્કુલ સ્ટાફગણ હાજર રહી સમગ્ર પ્રસંગનું ધામધૂમ પૂર્વક આયોજન થવા પામ્યુ હતું.

# ગુજરાત : વર્ષા-હવામાનની પરિસ્થિતિની સમીક્ષા કરાઈ

અમદાવાદ

રાજ્યમાં વર્ષાઋતુ ૨૦૧૮ દરમિયાન વરસાદ અને હવામાનની પરિસ્થિતિની સમીક્ષા તેમજ આગોતરા સલામતી આયોજન અંગે જરૂરી ભલામણો માટે વેધર વોચ ગ્રુપ સમિતિની રચના કરવામાં આવી છે. મહેસુલ મંત્રી કૌશિક પટેલે આ અંગેની વિગતો આપતા જણાવ્યું કે રાજ્યના રાહત કમિશનરના અધ્યક્ષ સ્થાને શહેરી વિકાસ જીએસડીએમએ, નર્મદા જળસંપત્તિ, મત્સ્યોદ્યોગ, ઉર્જા, પાણી પુરવઠો, આરોગ્ય, વન તેમજ કૃષિ, બાયસેગ સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ૨૪ જેટલા વરિષ્ઠ અધિકારીઓના

અનુસંધાન પાના નં.૬

# દાંતીવાડા તાલુકાના ગંગેશ્વર મહાદેવ મંદિરમાં જીવંત ભંડારો યોજાયો


ઈશ્વર રબારી

દાંતીવાડા

ધાનેરા નજીક આવેલ દાંતીવાડા તાલુકાના (ગાંગુપીયા) ગંગેશ્વર મહાદેવના મહંત પ.પૂ.શ્રી સદાનનગીરીજી મ.નો જીવંત ભંડારો યોજાયો હતો. જેમાં સાધુ ભગવંતો તથા રવિધામના મહંત ૧૦૦૮ શ્રી સત્યાનંદજી મહારાજ તથા રાજસ્થાન વાંકાડાના મહંત પ.પૂ. વિજયયોગીજી મ., પથમેડાના શિષ્ય તથા મધ્યપ્રદેશથી પણ સાધુ મહંતો, સીકારપુર, ના મહંત લેટાના મહંત, સુરેશ્વરના મઠાધિકારી વગેરે પધાર્યા હતા.

રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે સાધુ ભગવંતોના આશિર્વચન મેળવ્યા હતા. ગંગેશ્વર ગૌશાળામાં ૭૦ ગાયોની સેવા પ.પૂ.મહંત કરે છે. દેવીલાલ પુરોહિતે (કેશવ શિક્ષણ સંસ્થાના પ્રમુખ) સંતોનું મોમેન્ટો આપી સ્વાગત કર્યુ હતું. સંચાલન ગણપતભાઈ પુરોહિતે કર્યું હતું.

# પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણીમાં ભારે હિંસા

કોલકાતા

પશ્ચિમ બંગાળમાં પંચાયતી ચૂંટણી દરમિયાન મોટાપાયે હિંસા થઇ છે જેથી પંચાયત ચૂંટણી રક્તરંજિત બની ગઈ છે. આ હિંસામાં ૧૨ લોકોના મોત થઇ ગયા છે. મોટાપાયે હિંસાથી કેન્દ્ર સરકાર પણ હચમચી ઉઠી છે. કેન્દ્ર સરકારે હિંસાઓના સંદર્ભમાં પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી રિપોર્ટની માંગ કરી છે. મોતનો આંકડો વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજે સવારે મતદાન થયા બાદ જ હિંસાની શરૂઆત થઇ હતી. મોટી સંખ્યામાં લોકો ઘાયલ પણ થયા છે. મતદાન ચાલી રહ્યું હતું કે, બપોરે બે વાગ્યા સુધી રાજ્ય ચૂંટણી પંચને ૫૦૦થી પણ વધારે ફરિયાદો મળી હતી. બંગાળ ભાજપના અધ્યક્ષ દિલીપ ઘોષ અને તૃણમુલ કોંગ્રેસથી ભાજપમાં સામેલ થયેલા મુકુલ રોય હિંસાના મામલામાં રાજ્યપાલ સમક્ષ પણ રજૂઆત કરી રહ્યા છે. નંદીગ્રામમાં અપક્ષ ઉમેદવારના બે સમર્થકો વચ્ચે હિંસા થઇ હતી જેમાં બેના મોત થયા હતા. બેલદાંગામાં ભાજપના કાર્યકર તપન મંડલની હત્યા કરી દેવામાં આવી હતી. બોંબ હુમલા, છૂરાબાજીની ઘટના, બોંબ ઝીંકવાની ઘટનાઓ, સામ સામે મારામારી સહિતની ઘટનાઓ બની હતી. ઉત્તરીય ચોવીસ પરગનાના અમડંગામાં બોંબ ફાટતા ૨૦ લોકો ઘાયલ થયા હતા.

અનુસંધાન પાના નં.૬

# થરાદની રાષ્ટ્રીયકૃત બેંકોમાં કરાતા ઉદ્ધત વર્તનથી ગ્રાહકોમાં રોષ

પ્રતિનિધિ થરાદ

થરાદની શહેર અને હાઈવે પર આવેલી સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા તથા દેનાબેંકમાં ફરજ બજાવતા પૈકી કેટલાક હિન્દીભાષી કર્મચારીઓ તરફથી બેંકમાં રોજીદા કામકાજ માટે આવતા ગ્રાહકો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરીને બેઈજ્જતી કરવામાં આવતી હોવાની વ્યાપક ફરીયાદો રોષ સાથે ઉઠવા પામીછે.બેંકો તેમની સેવાઓના બદલામાં ગ્રાહકો પાસેથી વિવિધ પ્રકારે ચાર્જ વસુલતી હોવા છતાં પણ પ્રાથમિકથી માંડીને બેંકિંગ સેવાઓ સંતોષકારક રીતે નહી મળતી હોવાના કારણે ભારોભાર રોષની લાગણી ફેલાવા પામીછે. બેંક તરફથી બેઠક,કેશબારીઓ અને ઉનાળામાં ઠંડકના વાતાવરણની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવતી ન હોઇ અનેક ગ્રાહકોનો બેંકમાં દમ ઘુંટાઇ રહ્યાનો અનુભવ કરીને બહાર નિકળેછે

ગ્રાહક પટેલ પબાભાઈ વજેસીભાઈએ જણાવ્યું હતુંકે ગત તા.૧૩/૦૪/૨૦૧૮ના રોજ થરાદની હાઈવે સ્થિત બેંકમાં ખેતરમાં લીધેલ પાક ધિરાણ ભરપાઈ કરી દીધેલછે તેનું નૉ ડ્યુ. સર્ટીફિકેટ (લોન ભરેલછે તેવું પ્રમાણપત્ર) મેળવવા માટે અરજી આપીછે.જે માટે ત્રણ વખત લેખિત અને આઠ વખત મૌખિક રજુઆત કરવા છતાં પણ મુદતો આપી ધરમધક્કા ખવડાવવા છતાં પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યું નથી.આવા તો અનેક ગ્રાહકો બેંકની બેજવાબદારીને કારણે કારમી મોંઘવારીમાં વ્યાજ ભરી રહ્યાછે.

થરાદ દેનાબેંકના બહુ ખરાબ અનુભવ વિશે દશરથદાન ગઢવીએ જણાવ્યું હતુંકે અઠવાડીયામાં કલીયર થઈ જતો ચેક બે મહિના સુધી કલીયર થયો ન હતો.અને કાયમ ધક્કા ખાવા છતાં પણ કર્મચારીઓ અમે તો ક્લિયરિંગ માટે જે તે સમયે મોકલી આપ્યો છે ના જવાબ આપતાં ઉચ્ચસ્તરે જાણ કરતાં ચેક કલીયરીંગમાં મોકલાયો જ ન હોવાની જાણ થઇ હતી.તાજેતરમાં થરાદ સ્ટેટબેંકના મેનેજરને તો એક કંટાળેલા ગ્રાહકે જાહેરમાં લાફો ખેંચી દિધો હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું હતું.

# જાનથી મારવાની ધમકી આપનાર ત્રણ ઇસમો સામે ફરીયાદ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના માલોત્રા ગામના દરજી પોપટભાઈ દરજી પોતાની ગાડી લઈને ધાખા ગામે લગ્નમાંથી પરત આવી રહ્યા હતા ત્યારે રાજસ્થાનના ભીનમાલ તાલુકાના સાવીદર ગામના દરજી પ્રભુજી ખેતાજી, અરવિંદજી પ્રભુજી દરજી, મદન પ્રભુજી દરજી વગેરે ઈનોવા ગાડી લઈને પોપટભાઈની ગાડીને આંતરીને પોપટભાઈ દરજીને ગાડી બહાર કાઢી કહેલ કે તમે કૈલાસબેન વાળા કેશમાં કેમ ઈનવોલ થાઓ છો તેમ કહી માર મારેલ ત્યારે પોપટભાઈ દરજી એ બુમો પાડતા તેમની પાછળ આવી રહેલ ગાડીમાં બેઠેલા દેવાભાઈ હંસાભાઈ દરજી આવે જતાં તેમને વચ્ચે પડીને પોપટભાઈ ને છોડાવતા તેઓ ગાડી મુકીને ભાગી છુટેલ. અગાઉ પણ પોપટભાઈ દરજી ઉપર આ ઈસમોએ હુમલો કરેલ હતો અને તે બાબતે ધાનેરા પોલિસ મથકે ફરીયાદ પણ નાંધાવી હતી તેમ છતાં ધાનેરા પોલિસે આ બાબતે કોઈ પગલાં ના ભરતાં આ ઈસમો બેફામ બનીને ફરી મારવાની કોસીસ કરતા આ ત્રણે ઈસમો સામે ધાનેરા પોલિસ મથકે ફરીયાદ નાંધાવી હતી.

## તંત્રી સ્થાનેથી ...

**ઈમાનદારીથી કમાયેલું ધન મનુષ્યની સાત્વિક બુધ્ધિનો વિકાસ કરે છે.**

## બિટકોઈન ખંડણીની તપાસ અંગે વ્યુહરચના ઘડવી જરૂરી

બિટકોઈન ખંડણી કેસનો અંત ક્યારે આવશે તે હાલમાં કળવું મુશ્કેલ છે. જો કે હાલમાં જોવા જઈએ તો અમરેલી બિટકોઈન કૌભાંડને કારણે દરરોજ અખબારોમાં ચમકેલુ રહે છે, અને આ બિટકોઈન કઈ બલાનું નામ છે તે સમજાતું ન હતું. અસંખ્ય લોકો બિટકોઈનમાં છેતરાયા છે અને તપાસના અંતે શું પરિણામ આવશે તે સમજવું મુશ્કેલ છે. આ સમગ્ર પ્રકરણમાં રોજેરોજ કંઈ નવું સાંભળવા મળે છે. ભેદભરમથી ભરપુર આ કેસ કયા કયા મહારથી સંડોવાયેલા હશે તે પણ જાણવું મુશ્કેલ છે. અમરેલીનું બિટકોઈન પ્રકરણ કોઈ ત્રિઅંકી સસ્પેન્સ નાટકની જેમ આગળ વધી રહ્યું છે. ત્યારે તેની હકીકતનું વર્ણન ક્યાંથી કરવું તે એક સવાલ મહત્વનો માની શકાય. આમ તો ગુજરાતમાં ઘણા બધા કૌભાંડો થાય છે અને બહાર પણ આવે છે. પરંતુ બિટકોઈન કૌભાંડની અસર ભયાનક બનતી જાય છે.

બિટકોઈન પ્રકરણ કેટલું ગુંજશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. ગુજરાતમાં કેટલા જણાનું બિટકોઈનમાં રોકાણ હશે અને કેટલાના પૈસા બિટકોઈનમાં સલવાયા હશે તે બાબતની તપાસ ચલાવનારા અધિકારીઓએ તપાસ ચલાવવી મુશ્કેલ બનશે. કેમ કે આ કેસમાં કયા કયા મહારથીઓ સંડોવાયેલા છે તે નક્કી કરી શકાયું નથી. અપહરણ, ધાકધમકી, છેતરપીંડીથી ખંડણી વસુલવા જેવી અનેક બાબતો બિટકોઈનમાં સમાયેલી છે. જે તે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તે તમામની રોજેરોજ પૂછપરછ થયા કરે છે. બિટકોઈન ખંડણીમાં ચર્ચાસ્પદ બનેલા રાજકારણી પૂર્વ ધારાસભ્ય નલિન કોરડિયાએ સી.આઈ.ડી.ને માત્ર તારીખ આપી છે, તેમાં તેઓ તા. ૧૨ મી ના રોજ હાજર થશે તેવું જણાવ્યું હોવા છતાં તેઓ સીઆઈડી સમક્ષ હાજર થયા નથી.

ત્યારે હવે સીઆઈડી નલિન કોરડિયાને શોધી રહી છે અને કોરડિયાની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન થયા છે, બીજી તરફ કિરીટ આલડિયાના રિમાન્ડ વધ્યા થયા છે, સીઆઈડીએ ગત રવિવારે વધુ છ દિવસના રિમાન્ડની માગણી કરી છે. ત્યારે હાલમાં તા. ૧૬ સુધીના રિમાન્ડ મંજુર થયા છે. હવે સીઆઈડીએ ૧૧૯ બિટકોઈન કબજે કરવા માટે આલડિયાની વધુ પૂછતાછ કરશે.

સીઆઈડીના જણાવ્યા અનુસાર આલડિયાના એકાઉન્ટમાં કરોડો રૂપિયાના બિટકોઈનની લેવડદેવડ થઈ છે. તેમાં કોનું કોનું રોકાણ છે તેની વિગતો જાણવી જરૂરી છે. ખંડણીથી મેળવેલા ૧૭૬ પૈકીના ૧૦.૮૫ લાખ યુએસ ડોલરની કિંમતના ૧૧૯ બિટકોઈન આલડિયાના બિયાન્સ એકાઉન્ટમાં છે. આ એકાઉન્ટમાંથી બિટકોઈન જેવીપે એકાઉન્ટમાં ટ્રન્સફર કરી સરકારી બેંક એકાઉન્ટમાં પૈસા મેળવવા કાર્યવાહી કરવાની છે. વર્તમાન સંજોગોમાં અદાલતે કિરીટ આલડિયાને તા. ૧૬ સુધીના વિશેષ રિમાન્ડ પર સોંપેલ છે.

કહેવાય છે કે બિટકોઈનના ઓનલાઈન ટ્રેડિંગની જાણકાર કિરીટ આલડિયા હસ્તક અનેક લોકોએ ક્રિપ્ટો કરન્સીની ખરીદી કરી હતી અને શૈલેષ ભટ્ટ પાસેથી ખંડણી પેટે બિટકોઈન ઉઘરાવવાના કેસમાં મહત્વની સફળતા મળ્યા પછી સીઆઈડીએ હવે 'પહેલી ખંડણી' નો ડેટા મેળવવાના પ્રયાસો કર્યા છે.



મનીષ જોશી

વડોદરા નજીકના કુંઢેલા ગામે નવનિર્મિત સ્વામીનારાયણ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વડતાલ ગાદી સંસ્થાનના આચાર્ય પ.પૂ.શ્રી રાકેશપ્રસાદ મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યો. તેમજ પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞમાં કંડારી ગુરૂકૂળના કોઠારી સ્વામી શ્રી શુકવલ્લભદાસજી , વડતાલના સ્વામીશ્રી શ્યામ વલ્લભદાસજીએ પોતાની જ્ઞાન વાણીનો લાભ ભાવિકોને આપ્યો હતો. રહયા છે. પાંચ દિવસીય આ કાર્યક્રમમા વડતાલ સ્વામિનારાયણ સંસ્થાનના મુખ્ય કોઠારી સ્વામી ઘનશ્યામ પ્રકાશદાસજી સહિત અનેક સંતોની પાવન ઉપસ્થિતિ રહી હતી. જ્યારે ધર્મ સભામાં સાંસદ રામસિંહ રાઠવા સહિત આજુબાજુના ગામોના ગણમાન્ય નાગરીકોની પણ હાજરી જોવા મળી હતી.

## 'ફાઈવપૈસા' ફ્રી સ્ટોક ટ્રેડીંગ એપના યુઝર્સની સંખ્યા ૧ મિલિયન થઈ, ડિસ્કાઉન્ટ બ્રોકરમાં પ્રથમ સ્થાને



ભારતના સૌથી કિફાયત ડિસ્કાઉન્ટ બ્રોકર, ફાઈવપૈસા.કોમે આજે જણાવ્યું હતું કે તેની ફ્રી મોબાઈલ એપ્લીકેશન ફાઈવપૈસાના યુઝર્સની સંખ્યા ૧ મિલિયન સુધી પહોંચી છે અને એ સાથે તે ભારતના ડિસ્કાઉન્ટ બ્રોકર્સમાં સૌથી વધુ ડાઉનલોડ થતી અને ઉપયોગમાં લેવાતી એપ્લિકેશન બની છે.આ એપ ફાઈનાન્સિયલ માર્કેટ્સ એપ્લિકેશનમાં ૧ મિલિયન ડાઉનલોડ સુધી સૌથી ઝડપથી પહોંચી છે અને તે દુનિયામાં કોઈપણ જગ્યાએ સૌથી વધુ ઉપયોગમાં લેવાતી એપ બની છે.'તેના ૭૦ ટકા જેટલા ગ્રાહકો પ્રથમવાર રોકાણકારો છે જ્યારે ૯૦ ટકા ગ્રાહકો ૪૦ વર્ષથી નીચેના છે. મોબાઈલ એપ વપરાશમાં સરળ છે કે જે નેચરલ સ્ટોક ઈન્વેસ્ટમેન્ટ અને ટ્રેડીંગ પ્લેટફોર્મ બની છે જેના દ્વારા ગ્રાહકો આપમેળે ટ્રેડ કરી શકે છે. તેના ૮૦ ટકાથી વધુ ટ્રેડીંગ અને રોકાણો મોબાઈલ એપથી થાય છે.ફાઈવપૈસા.કોમ એ વિશ્વમાં એક માત્ર એવી માર્કેટ એપ છે જે પ્રતિષ્ઠિત અમેરિકન રિસર્ચ હાઉસ વિલિયમ ઓ'નીલ સાથે સહયોગ કરીને ૪૦૦૦ ભારતીય કંપનીઓ પર કરાતા સંશોધનનો ઉપયોગ કરવાની સુવિધા આપે છે. ફાઈવપૈસા.કોમ તેના ઝીરો બ્રોકરેજ અને કોઈપણ સાઈઝના ટ્રેડમાં પ્રતિ ટ્રેડ માત્ર રૂ. ૧૦ જેવી ફ્લેટ ફીના કારણે ખૂબ લોકપ્રિય છે, જે પી તેના હરીફો કરતાં ૯૮ ટકા ઓછી છે. ફાઈવપૈસા.કોમ એ એકમાત્ર ઓનલાઈન માર્કેટપ્લેસ ભારતમાં છે જે તમામ પ્રકારની ફાઈનાન્સિયલ પ્રોડક્ટ ડિજિટલી આપે છે અને તેમાં કોઈ માનવીય દરમિયાનગીરીની જરૂર પડતી નથી.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ભારતમાં ઈજનેરી શિક્ષણ કયા માર્ગે?

**સાંપ્રત**

**મહેશ દોશી**

**"દેશમાં ૮૦ ટકાથી વધુ 'ગ્રેજ્યુએટ એન્જીનિયરો' નોકરી મેળવવા માટેની પાત્રતા ધરાવતા નથી; ઉચ્ચ કક્ષાની નોકરી માટે તો માત્ર આઠ ટકા ઈજનેરો જ લાયક હોય છે..."**

૨૦૧૬ના પ્રારંભમાં, આઈટી ક્ષેત્રની મોટાગજાંની, 'એચસીએલ' કંપનીએ બેંગલોર ખાતે સ્નાતક ઈજનેરો માટે 'વોક-ઈન-ઈન્ટરવ્યુ'ની જાહેરાત કરી હતી. કોઈપણ પ્રકારનો કામનો અનુભવ ના હોય તેવા ઈજનેરો માટેના આ ઈન્ટરવ્યુ હતા. ઈન્ટરવ્યુના દિવસે એવી સ્થિતિ સર્જાઈ જેની કંપનીના કોઈ અધિકારીએ કલ્પના પણ કરી નહોતી! દેશ આખામાંથી ૧૦ હજારથી પણ વધુ ઉમેદવારો ઈન્ટરવ્યુના સ્થળે આવી ગયા. આટલી મોટી સંખ્યામાં ઉમટી પડેલા ઉમેદવારોને ક્યાં બેસાડવા, કઈ રીતે 'હેન્ડલ' કરવા એની સમસ્યા પેદા થઈ. હો હા થવા લાગી અને કાયદો-વ્યવસ્થાની સમસ્યા સર્જાઈ ગઈ. 'ટેન્શન'માં આવી ગયેલા કંપનીના કર્મચારીઓ મૂંઝાઈ ગયા. શાંતિ જાળવવા આખરે કંપનીને સ્થાનિક પોલીસની મદદ લેવી પડી હતી! દેશમાં બેરોજગાર ઈજનેરોનું વધતું પ્રમાણ સૂચવતા સંખ્યાબંધ ઉદાહરણોમાંનું આ એક છે.

આંતરરાષ્ટ્રીયસ્તરે પ્રતિષ્ઠિત 'એસ્પાઈરિન્ગ માઈન્ડસ' નામની એક સંસ્થા દ્વારા બે વર્ષ પૂર્વે બહાર પડાયેલા 'રાષ્ટ્રીય રોજગારપાત્રતા અહેવાલ' મુજબ "ભારતમાં ૮૦ ટકાથી વધુ સ્નાતક ઈજનેરો નોકરી માટેની પાત્રતા ધરાવતા નથી." એકતરફ આપણી સરકાર નવી રોજગારીના સર્જન માટે 'મેઈક ઈન ઈન્ડિયા' જેવા મહત્વાકાંક્ષી અભિયાન છેડી રહી છે. બીજીતરફ, કઈ રીતે નોકરી મેળવવી તેની પણ ખબર ન પડતી હોય તેવા 'સ્નાતક ઈજનેરો'નું આ દેશમાં 'માસ-પ્રોડક્શન' થઈ રહ્યું છે. બે વર્ષ પહેલાની આ સ્થિતિ આજે ઓર વકરી ગઈ છે.

પરિસ્થિતિની કરૂણતા કહો કે વિચિત્રતા, આજે એકતરફ બેરોજગાર ઈજનેરોની ફોજ વધતી જાય છે તો બીજીતરફ, ખાસ કરીને, ખાનગી ઈજનેરી કોલેજો વચ્ચે ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે. ગુજરાતની વાત કરીએ તો છેલ્લા ત્રણ-ચાર વરસથી ખાનગી ઈજનેરી કોલેજોની ત્રીસથી સિત્તેર ટકા જેવી સીટો ખાલી રહે છે. બે વર્ષ પૂર્વે ગુજરાતમાં ઈજનેરીની સરકારી, ખાનગી બધી મળીને ૭૨ હજાર બેઠકો હતી તેમાંથી પચાસ ટકા બેઠકો ખાલી રહેતી હતી. કેટલીક કોલેજો બંધ થઈ અને ઘણી કોલેજોએ 'ઈન્ટેક' ઘટાડ્યો તેથી હવે ૬૬,૫૦૦ બેઠકો છે. આ વર્ષે આમાંની ૬૦ ટકા બેઠકો ખાલી રહેવાનો અંદાજ છે. સંખ્યાબંધ ખાનગી ઈજનેરી કોલેજોના અસ્તિત્વ પર પ્રશ્નાર્થ ચિન્હ લાગી ગયું છે. ઘણી સંસ્થાઓએ કોલેજ બંધ કરવાની પ્રક્રિયા આરંભી દીધી છે.

છેલ્લા દોઢ દાયકા દરમિયાન, આપણા દેશમાં ઈજનેરી કોલેજો બિલાડીના ટોપની માફક ફૂટી નીકળી છે. ગુજરાતમાં પંદર-સત્તર વરસ પહેલાં, માંડ ત્રણ-ચાર આંગળીના વેઢે ગણાય એટલી જ ઈજનેરી કોલેજો હતી; આજે દોઢસો જેટલી છે! દેશ આખામાં આવી જ પરિસ્થિતિ છે. એક સમય એવો હતો જયારે વિદ્યાર્થીઓ ઈજનેરી કોલેજોની પાછળ દોડતા હતા; આજે કોલેજો વિદ્યાર્થીઓની પાછળ દોડે છે. દેશમાં એન્જીનિયરીગ કોલેજોમાં પ્રચંડ વધારો થયો છે પરંતુ, ઈજનેરી શિક્ષણની ગુણવત્તામાં ચિંતાજનક ઘટાડો થયો છે. દર વર્ષે કોલેજોમાંથી વધુ ને વધુ ઈજનેરો બહાર પડી રહ્યા છે પરંતુ, એમના ભણતરની ગુણવત્તા અને નોકરી મેળવવા માટેની 'અપાત્રતા' ચોંકાવી મૂકે એવી છે. ઈજનેર બનેલા છાત્રોમાંથી માત્ર ૧૭-૧૮ ટકા જ નોકરીપાત્ર હોય છે. ઉચ્ચ કક્ષાના નિષ્ણાત પદ માટે તો માત્ર આઠ ટકા વિદ્યાર્થીઓ જ લાયક ઠરે છે.

આ સમસ્યાનો રસ્તો કાઢવા 'ટીસીએસ', 'સીટીએસ', 'એચસીએલ', 'ઈન્ફોસીસ' તેમજ 'વિપ્રો' જેવી મહાકાય આઈટી કંપનીઓએ પોતાના તાલીમ કેન્દ્રો ઊભા કર્યા છે. કંપનીમાં કોઈપણ સ્નાતક ઈજનેરની 'ટ્રેઈની' તરીકે ભરતી કરવામાં આવે કે, તુરત તેને સખત તાલીમ હેઠળ મૂકવામાં આવે છે. આ તાલીમ છ માસથી લઈને એક વર્ષ સુધીની હોય છે. તાલીમી ઉમેદવારો માટે આ કોલેજમાં ભણવા જેવું જ હોય છે પરંતુ, અહીં કોલેજ જેવા જલસા હોતા નથી. સાંજ પડ્યે ખાવાની પણ હોંશ ના રહે એવા, સખત મહેનતભર્યા તાલીમ કાર્યક્રમોમાં તેઓએ જોડાવાનું અને ઘડાવાનું હોય છે! તાલીમના અંતે, ચાળણીમાંથી ચળાયેલા માત્ર શ્રેષ્ઠ ઉમેદવારોને જ કંપનીના 'પ્રોજેક્ટ્સ'માં કામ પર મૂકવામાં આવે છે. અસફળ ઉમેદવારોને ખુબ સારી ભાષામાં દરવાજો દેખાડી દેવામાં આવે છે!

દેશમાં એંસીના દાયકામાં, કારખાનાઓમાં ભારે મોટો વધારો અને ઉત્પાદન ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ જોવા મળ્યો. સ્કૂટર, બાઈક, મોટરકાર, ટીવી કે ઈજનેરી ટૂલ્સ કોઈપણ ચીજ લો; દરેક ચીજના ઉત્પાદનને જબરદસ્ત વેગ મળ્યો. નેવુંના દાયકામાં, વિદેશી કંપનીઓને ભારતમાં મૂડીરોકાણની છૂટછાટો આપવામાં આવી. ઔદ્યોગિક વિકાસને ઓર વેગ મળ્યો અને ઈજનેરોની માંગ નીકળી. આઈટી ક્ષેત્રે ભરતીનું પ્રથમ મોજું આવતાં જ દેશમાં એકાએક કોમ્પ્યુટર એન્જીનિયરો માટે "લાવ લાવ" થવા લાગ્યું! દેશભરમાં ખતરનાક ઝડપે ઈજનેરી કોલેજો ખૂલવા લાગી. કોઈએ 'ડિમાન્ડ-સપ્લાય'નો વિચાર કર્યો નહી. "ભણવું હોય તો એન્જીનિયરીગ જ ભણવું" એવું સહુકોઈના મોઢેથી સંભળાવા લાગ્યું. આજે હાલત એ થઈ છે કે, ૨૪થી ૨૮ની વયના દર ચાર યુવાનોમાંથી એક 'ઈજનેર' હોય છે!

ખાનગી ઈજનેરી કોલેજોનો રાફડો ફાટતાં, અધ્યાપકોની પણ ખુબ મોટી માંગ નીકળી. નફાના એકમાત્ર ઉદ્દેશથી ધંધાદારી રાહે ખૂલેલી ખાનગી કોલેજોએ ભણાવવા સાથે સ્નાન સૂતકનો યે સંબંધ ના હોય એવા ઉમેદવારોની અધ્યાપક તરીકે ભરતી કરવા માંડી. 'કૂવામાં હોય તો જ અવાડામાં આવે' એ ન્યાયે આવા અધ્યાપકો પાસે ભણેલા વિદ્યાર્થી પાસે શું અપેક્ષા રાખી શકાય? આ વિદ્યાર્થીઓને નોકરી કઈ રીતે મળે? અધ્યાપકોને ઓછામાં ઓછું આપવું અને વિદ્યાર્થીઓને વધુમાં વધુ ખંખેરવા એવી મનોવૃત્તિ ધરાવતી ખાનગી કોલેજો વિદ્યાર્થીઓને સારી સુવિધાઓ અને સારું ભણતર આપે અથવા, સાચા અર્થમાં તેઓનું એક સારા નાગરિક તરીકે ઘડતર કરે એવી આશા રાખવાનું પણ વધુ પડતું જ ગણાય. આવી કોલેજમાંથી બહાર પડેલા યુવાન પાસે ડિગ્રી તો 'બીઈ' કે 'બી.ટેક.'ની હોય છે પરંતુ, તેનું ભણતર દસમું પાસ થયેલા વિદ્યાર્થી જેટલું જ હોય છે. હવે તેને પાંચ હજારની નોકરી યે મળે તો ગનીમત.

એક હકીકત એ પણ છે કે, પોતાનું સંતાન ઈજનેરીના ભણતર માટે લાયક છે કે નહીં અથવા તો એ ઈજનેરી ભણવામાં રસ ધરાવે છે કે નહીં તે જાણ્યા સમજ્યા વિના મા-બાપ તેના પર ઈજનેર બનવાનું દબાણ કરતા હોય છે. આ રીતે દર વર્ષે હજ્જારો તરુણો, યુવાનોની કારકિર્દી ખતમ થઈ જાય છે. માતા-પિતાના પરસેવાના નાણા બરબાદ થાય એ જુદું. "એડમિશન મળે છે એટલે લઈ લેવું" એવી માનસિકતામાંથી હવે બહાર નીકળવું પડશે. પોતાનું સંતાન વાસ્તવમાં જે પ્રકારના રસ-રુચિ ધરાવતું હોય એ જ પ્રકારનું ભણતર તેને મળે તો એ સોળે કળાએ ખીલી ઉઠશે તે હકીકત આજના માતા-પિતાઓએ સમજવી પડશે. કોઈપણ વિદ્યાર્થી શું ભણે છે તે મહત્વનું નથી; કેવું ભણે છે તે મહત્વનું છે. વિજ્ઞાન, ટેકનોલોજીના ક્ષેત્રે દુનિયા ખુબ આગળ નીકળી ગઈ છે; રોજેરોજ નવાં નવાં સંશોધનો થાય છે તેમ છતાં, આજે પણ આર્ટ્સ કે કોમર્સમાં મહેનત કરીને ભણેલા તેજસ્વી વિદ્યાર્થીઓને સારામાં સારી નોકરી મળે જ છે.

આપણી સરકારોએ ઈજનેરી શિક્ષણની આજની સ્થિતિ વિષે અત્યંત ગંભીર ચિંતન કરવાનો અને પરિસ્થિતિનો હલ કાઢવા માટે દરમિયાનગીરી કરવાનો સમય પાકી ગયો છે. પરંતુ, આજની સ્થિતિ માટે માત્ર સરકારોને દોષ દેવાનું પણ વાજબી નથી. દર વર્ષે લાખો ઈજનેરો બહાર પડે અને તેઓને નોકરી ના મળે તો એ માટે સરકાર પર જ બધા દોષનો ટોપલો ઓઢાડી દેવાની વૃત્તિ વધુ

આભાર - નિહારીકા રવિયા

પડતી છે. માતા-પિતા પોતાના અધૂરાં રહેલાં સપનાં પૂરા કરવાની જવાબદારી સંતાનોની માથે થોપે છે તેમાં જરા પણ શાણપણ નથી.

માત્ર નફો કમાવાના હેતુથી ફૂટી નીકળેલી અને નિયત ધારા-ધોરણોનો અમલ નહીં કરતી ગુણવત્તાવિહીન ઈજનેરી કોલેજો પર સરકારે સખત હાથે તૂટી પડવું જોઈએ એવી અપેક્ષા રાખીએ ત્યારે એવી કોલેજોમાં સંતાનને ભણાવીને કોઈપણ હિસાબે એન્જીનિયર બનાવી દેવાની અને ડિગ્રી અપાવી દેવાની વૃત્તિમાંથી સમાજે પણ બહાર નીકળવું જ પડશે. સરકાર સક્રિય થાય અને સમાજ સમજે તો આ સ્થિતિનો ઉકેલ આવી શકે.

અન્યથા, અભણ કે, દસમું નાપાસ થયેલા સફળ ધંધાર્થીને ત્યાં તમારાં 'ઈજનેર' પુત્ર-પુત્રી લાચાર થઈને ટૂંકા પગારની નોકરી કરતા હોય એવી સ્થિતિ સ્વીકારવાની અને વેઠવાની ફરજ પડશે. "અતિ સર્વત્ર વર્જયેત" એ સ્થિતિ દેશના ઈજનેરી શિક્ષણની આજની હાલતને સંપૂર્ણપણે લાગુ પડે છે. —અસ્તુ.

(લખ્યા તારીખઃ ૧૩મે, ૨૦૧૮, ગુરુવાર).

**m-doshi @ hot-mail.com**

## વ્હિસલિંગ વૂડ્ઝ ઈન્ટરનેશનલે ૨૦૧૮ માટે પ્રવેશ પરીક્ષાની જાહેરાત કરી

પ્રવેશ પરીક્ષાનો બીજો રાઉન્ડ એપ્રિલ ૨૦૧૮માં સફળતાપૂર્વક પૂરો થયા બાદ એશિયાનાં અગ્રગણ્ય ફિલ્મ, કોમ્યુનિકેશન અને ક્રિએટિવ આર્ટ ઈન્સ્ટિટ્યૂટ વ્હિસલિંગ વૂડ્ઝ ઈન્ટરનેશનલે પોતાનાં ફૂલ ટાઈમ ડિગ્રી અને ડિપ્લોમા કોર્સની પ્રવેશ પરીક્ષાનાં ત્રીજા રાઉન્ડની તારીખો ૨૨ મેથી ૨૪ મે , ૨૦૧૮ જાહેર કરી છે. આ સંસ્થા દ્વારા આપવામાં આવતાં ડિગ્રી અને ડિપ્લોમાના અભ્યાસક્રમો તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સિસ દ્વારા માન્ય છે.

જે વિદ્યાર્થીઓ ફિલ્મ, મીડિયા અને કોમ્યુનિકેશન્સનાં ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા હોય તેઓ આ અભ્યાસક્રમો માટે અરજી કરી શકે છે અહીં બીએસસી/બીએ ઈન ફિલ્મ મેકિંગ, બીએ ઈન સ્ક્રીનરાઈટિંગ, બીએસસી/બીએ ઈન એનિમેશન ફિલ્મ મેકિંગ, બીએસસી/બીએ ઈન વીડિયો ગેમ ડિઝાઈન, બીએ ઈન એક્ટિંગ, બીએ ઈન ફેશન ડિઝાઈન, બીએ ઈન વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈન, બીએ ઈન મ્યુઝિક પ્રોડક્શન એન્ડ કમ્પોઝિશન, બીબીએ ઈન મીડિયા એન્ડ કોમ્યુનિકેશન અને પીજીડી ઈન મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટના અભ્યાસક્રમો ચાલે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ એડવાન્સ ડિપ્લોમા ઈન ફિલ્મ મેકિંગ વિથ સ્પેશ્યલાઈઝેશન, એડવાન્સ ડિપ્લોમા ઈન એક્ટિંગ અને ડિપ્લોમા ઈન સ્ક્રીન રાઈટિંગ જેવા અભ્યાસક્રમો માટે પણ અરજી કરી શકે છે. મુંબઈના ગોરેગાંવ ઈસ્ટ ખાતે આવેલાં વ્હિસલિંગ વૂડ્ઝ ઈન્ટરનેશનલના ફિલ્મ સિટી કેમ્પસ ખાતે આ પ્રવેશ પરીક્ષા યોજવામાં આવશે.

હોલિવૂડ રિપોર્ટર દ્વારા આ સંસ્થાને દેશની ટોચની ૧૦ ફિલ્મ સ્કુલ પૈકીની એક ગણાવવામાં આવી છે. આ સંસ્થાના ૧૬૦૦ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિવિધ મીડિયા હાઉસ, ફિલ્મ અને ફેશન ઉદ્યોગ સાથે કામ કરે છે. અહીં વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતના નિષ્ણાતો પાસેથી શીખવાનો લાભ તો મળે જ છે તદુપરાંત સંસ્થામાં રહેલાં આધુનિક સાધનો અને સુવિધાઓનો ઉપયોગ કરવાનો લાભ પણ મળે છે. તેના કારણે વિદ્યાર્થીઓને બહાર કામ કરવામાં કોઈ જ તકલીફ નથી પડતી. પ્રવેશ પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થીઓ www.whistlingwoods.nett ની મુલાકાત લઈને ઓનલાઈન ફોર્મ ભરી શકે છે.

## ગુજરાતમાં રિટેલર્સ સાથે હોરાનાં સિગ્નેચર આઉટલેટ લોંચ થયાં



ટ્રેન્ડી એસેસરીઝ પસંદ કરતી યુવા પેઢી માટે સારાં સમાચાર છે. "ફેશ એન્ડ ફન" ફેશન બ્રાન્ડ હોરાએ અમદાવાદમાં પોતાનો સટોર શરૂ કર્યો છે. હોરા સ્વદેશી, ગુણવત્તા ગુણવત્તા સંચાલિત બ્રાન્ડ છે, જે પોતાનાં વાઈબ્રન્ટ એસેસરી કલેક્શન સાથે જવાબદાર સ્ટાઈલ પ્રદાન કરે છે. તેનું પુરુષો અને સ્ત્રીઓ માટે ઘડિયાળોનું લક્ઝરિયસ કલેક્શન ઘણી વિવિધ સ્ટાઈલ ધરાવે છે. હોરા ટોટેસ, હેન્ડબેગ, લેપ્ટોપ બેગ અને વોલેજની રેન્જ ધરાવે છે, જે પુરુષ અને સ્ત્રી બંનેને પસંદ પડે તેવી છે. તમને હોરાનું કલેક્શન ધ શોપ્પ- વડોદરા, મેજેસ્ટિક કનક, રાજીવ પ્લાઝા, રામ બાગ સામે, થલતેજ અને રાજ સ્ટેશનર્સ, સુરેન્દ્ર મંગળદાસ રોડ, આંબાવાડી, અમદાવાદમાં જોવા મળશે. તમારાં માટે કે મિત્રો અને પરિવારજનો માટે પરફેક્ટ ગિફ્ટ આપવા ટ્રેન્ડી એક્સેસરી મેળવવા સ્ટોરની મુલાકાત લો! અમારી દરેક પ્રોડક્ટમાં સચોટ હસ્તકાળ સાથે લેટેસ્ટ ટ્રેન્ડ અને ઈન્ટરનેશનલ સ્ટાઈલ જોવા મળે છે, જેમાં સ્ટાઈલ, ગુણવત્તા અને કારીગરીનો શ્રેષ્ઠ સમન્વય જોવા મળે છે. હોરા દરેક પીસમાં તમને પરફેક્શન આપે છે, જે સુનિશ્ચિત કરે છે કે દરેક એસેસરી તમારી જરૂરિયાત પૂર્ણ કરવા માટે કાળજીપૂર્વક બનાવવામાં આવી છે.

## ફુકરે તેમના જુગાડ સાથે પાછા ફરી રહ્યા છે




વેગાબોન્ડ્સ પાછું ફર્યું છે અ આ વખતે તે વધુ સારા જુગાડથી લઈને મોટી મુશ્કેલીઓ સાથે આવકારીએ 'ફુકરે' ગેંગ હની, ચૂચા, લાલી, ઝફર અને પંડિતને, જેઓ ફરીથી તેમની હાસ્યાસ્પદ એન્ટિક્સથી દર્શકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. એકદમ સ્વેગ સાથેની મહિલા ભોલી પંજાબણ ઉગ્ર બની અ ફૂકરે ગેંગને મુશ્કેલ પીછો આપવા માટે તૈયાર છે. જૂઓ ગેંગની દુનિયાને ઉથલપાથલ થતાં, એન્ડપિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ પ્રિમિયર્સમાં ફૂકરે રિટર્ન, રવિવાર, ૨૦મી મે, ૨૦૧૮ના રોજ બપોરે ૧૨ વાગ્યે. ફરહાન અખ્તર અને રિતેશ સિધવાની દ્વારા પ્રોડ્યુસ અને મૃગદિપ સિંઘ લાંબા દ્વારા ડિરેક્ટર કરવામાં આવેલા આ મૂવીમાં રિચા ચઢ્ઢા, પુલકિત સમ્રાટ, વરુણ શર્મા, અલિ ફઝલ અને મનજોત સિંઘ મુખ્ય ભૂમિકામાં છે.ફૂકરે રિટર્ન્સએ ૧૦૦ કરોડની ક્લબમા સ્થાન મેળવેલું છે, તે એક એક્શન પેક્ડ કોમેડી છે, જે ફૂકરે ફ્રેન્ચાઈઝીનો બીજો ભાગ છે. એક સંપૂર્ણ મનોરંજનનું પેકેજ એવા આ મૂવીમાં, કેટલાક મસ્તીભર્યા અને યાદગાર પાત્રો જેવા કે, ચૂચા, જેની પાસે કંઈક અલગ જ શક્તિ હોય છે જેનાથી તે ભવિષ્ય જોઈ શકે છે અ તે તેના જુગાડુ મિત્ર હની સાથે ખૂબ જ સારું જોડાણ અનુભવે છે. તેની સાથોસાથ લાલી અને ઝફર પણ છે. આ ચાર મિત્રોનું એક ખૂબ જ સુંદર જૂથ બનાવે છે, જેઓ કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં એકબીજા માટે સાથે ઉભા હોય છે.

ફુકરે રીટર્ન્સ જ્યાં પહેલો ભાગ પુરો થયો હતો ત્યાંથી એક વર્ષ પછી થી શરૂ થાય છે. ભોલી પંજાબણ (રીચા ચઢ્ઢા) જેલમાંથી જલ્દી બહાર આવવામાં સફળ થાય છે પરંતુ તેને તેના માટે કિંમત ચુકવવી પડે છે. ભોલી ને તેનો બદલો ચાર ફુકરે જે હની (પુલકીત શર્મા), ચુચા (વરૂણ શર્મા), લાલી (મનજોત સીંઘ) અને ઝફર(અલી ફઝલ) સાથે લેવાનો હોય છે, તે તેમનો સંપર્ક કરે છે અને તેમને કરોડ રૂપિયા જોઈએ છે તે ભેગા કરવા એક તુક્કો વિચારવા માટે કહે છે. હંમેશાની જેમ, ભોલીને ચુકવવાની તેમની સ્કીમ ઉંધી પડે છે અને તેઓ વધુ મોટા ખાડામાં ડુબે છે. ચુચા નજીકનું ભવિષ્ય જોવાની કળા ધરાવે છે. એક નસીબદાર વળાંકમાં, તેને વાઘને પિંજરામાં જોયો હોય છે. શું ફુકરાઓ અન ચુચાના મિત્રો ચીડિયાઘર(ઝુ) ખાતે વાઘ અને તેના બચ્ચા સાથે આ ખજાનો શોધી શકશે અને તેમની સમસ્યા ઉકેલી શકશે?

## નાયકા એ મેટ ટુ લાસ્ટ લિકવિડ લિપસ્ટીક લોન્ચ કરી



ભારતનું અગ્રણી બ્યુટી રિટેલર નાયકા.કોમ એ તેના બ્યુટી પ્રોડકટસના ઈન-હાઉસ કલેક્શન નાયકા બ્યુટીમાં સમકાલિન ભારતીય મહિલાઓની ભાવનાઓના સમ્માનની ઉજવણી કરતા મેટ ટુ લાસ્ટ લિકવિડ લિપસ્ટીક લોન્ચ કરી છે. ભારતના મુંબઈ, દિલ્લી, હૈદરાબાદ, આઈટી હબ બેંગ્લોર, જયપુર, અમૃતસર, સૂરત, ચેન્નાઈ (મદ્રાસ), કોલકત્તા અને ગૌહાત્તી એવા દસ શહેરોની સંસ્કૃતિથી પ્રેરિત અને ઈટાલીમાં નિર્મિત આ કલેકશનમાં દસ ભવ્ય લિકવિડ લિપસ્ટીક છે. હૈદરાબાદથી પ્રેરિત રોયલ હયુ 'બેગમ' (શાહી રંગછટા) કે અમૃતસરની વાઈબ્રન્ટ 'કુડી' કે ચેન્નાઈની મજેદાર 'મદ્રાસ કોપી' માંથી પસંદગી કરો.ઘરેલુ બજારમાં વિકસિત નાયકા ટ્રેન્ડ લીડર છે અને ભારતીય સંસ્કૃતિની વાઈબ્રન્ટ અને અનોખી પરંપરાઓની ઉજવણી કરતા ગ્રાહકો સાથે ઘનિષ્ટ સંબધોનું નિર્માણ કરતી પ્રોડકટસનું નિર્માણ કરે છે. નાયકા બ્યુટી પ્રોડકટસના પ્રત્યેક પ્રોડકટની જેમ જ મેટ ટુ લાસ્ટ પણ ગ્રાહકોના પ્રતિભાવોને સાંભળીને વિકસીત કરવામાં આવી છે. તેના પ્રકારના પ્રથમ પ્રોજેકટમાં, નાયકાએ આ પ્રોડકટ પોર્ટફોલિયો દ્વારા ભારતના દસ શહેરોની સમકાલીન ભારતીય મહિલાઓના મૂડ અને લાગણીઓનું સમ્માન કર્યુ છે. નાયકાએ આ પ્રોડકટ પોર્ટફોલિયો માટે સંસ્કૃતિના સમૃદ્ધ વારસા સાથે કલરના વધારે શેડ ધરાવતા જીવંત વ્યકિતત્વવાળા શહેરોની પસંદગી કરી છે.

## દુબઈ : રોકાણ માટે સલામત અને આકર્ષક બજાર



પ્રથમ વખત રિયલ એસ્ટેટમાં રોકાણ કરવું મુશ્કેલ બની શકે છે, ખાસ કરીને પહેલી વખત ખરીદનારો માટે. જો કે, રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પણ એક વિશાળ મિલકત હોઈ શકે છે, અને એક સ્થિર આવક સ્ત્રોત પણ હોઈ શકે છે. તેથી, જ્યારે કેટલાંક પોઈન્ટ કે જ્યાં દરેકને ધ્યાનમાં રાખવાની જરૂર છે ત્યાં રોકાણ કરવું જોઈએ.

● રોકાણની અલ્ટિમેટ સિક્યુરિટી● રોકાણ પર હાઈ ઈન્વેસ્ટમેન્ટ● હાઈ કેપિટલ એપ્રેસિએશન● સ્થાન અને ઉપલબ્ધતા કી● તમે રોકાણ કરો છો તે સ્થળાંતર અને કનેક્ટીવીલી● ગ્રેટ હેલ્થ ફેસિલીટીસઉપરમાંથી, સૌથી મહત્વનો મુદ્દો તે દેશ છે કે જેમાં તમે તમારી મહેનતની કમાણી કરી રહ્યાં છો તે સુરક્ષિત હાથમાં હોવું જોઈએ. આ પ્રદેશમાં વેપાર, પરિવહન અને સંસ્કૃતિ માટેનું વૈશ્વિક કેન્દ્ર છે. તે સલામત, વૈવિધ્યસભર અને ગગનચુંબી ઈમારતો, ચળકતી ઈમારતો અને ફાઈવ સ્ટાર હોટેલ દ્વારા વિકસતા જતા મહાનગર તરીકે વિકસાવવામાં આવે છે. દુબઈમાં રિયલ એસ્ટેટ માર્કેટમાં ઘણાં નાગરિકો, ખાસ કરીને ભારતીયમાં રોકાણમાં થયેલા તાજેતરના ઉછાળાના કારણે તે સૌથી નોંધપાત્ર કારણોમાંનું એક છે.

આ રિપોર્ટમાં યુએઈના નાણાંની આયાત માટેના પ્રયત્નોની પણ પ્રશંસા કરવામાં આવી છે કે જે કુદરતી સ્ત્રોતો પર આધાર રાખતું નથી, તેનાથી વ્યવસાય અને લેઝર પ્રવાસીઓને આકર્ષવા માટે અનન્ય પર્યાવરણ બનાવવામાં આવ્યું છે. તેથી, યુએઈ વૃદ્ધિના એક નવા તબક્કાના થ્રેશોલ્ડ પર છે જે ફક્ત ચાર દાયકાના વધુ સારા ભાગ માટે જ તેલની આવકના જથ્થા પર આધાર રાખે છે. તેના બદલે, તે આર્થિક વૈવિધ્યકરણની નીતિના અમલીકરણ બાદ બિન-ઓઈલ ક્ષેત્રના વિકાસ પર નિર્ભર કરે છે, જેના કારણે તાજેતરના વર્ષોમાં મુખ્ય ક્ષેત્રોમાં પ્રભાવશાળી વિકાસ થયો છે, જેમ કે પ્રવાસન અને હવાઈ પરિવહન, વેપાર અને નાણાંકીય સેવાઓ તેમજ ઉત્પાદન અને વૈકલ્પિક ઉર્જા વિકાસ પર નિર્ભર કરે છેયુએઈએ વિકાસની ગતિ અને ઊંચા જીવનધોરણ જાળવી રાખીને ફ્રુટના પાકને લણવાની શરૂઆત કરી છે. તેમના નવા રાષ્ટ્રના વિકાસ અને વિકાસની ખાતરી કરવા માટે, યુએઈ સરકારે વર્ક વિઝા, નવા વ્યવસાયો માટે પ્રોત્સાહનો આપીને વિશ્વની વસ્તી માટે દરવાજા ખોલવાનો નિર્ણય કર્યો છે. આજે, દેશોમાં વિશ્વના તમામ ખૂણેથી ઈમિગ્રન્ટ્સનું એક કરોડરજ્જૂ છે, જે તેમને અસંખ્ય ધર્મો, સંસ્કૃતિઓ અને ભાષાઓ સાથે લાવે છે.

## સુવાક્યો

સાવધ રહેતો માનવી ક્યારેક જ ભૂલ કરે છે.
બધી નિરાશાનું મૂળ ઉતાવળ છે. વિજયને આવતાં હંમેશાં વાર જ લાગે છે. એનો માર્ગ ખંતથી ખેડી જ રાખવો જોઈએ.
હું મારૂ દરેક કામ કરતી વખતે દુનિયામાં તે વખતે બીજી કોઈ ચીજ છે જ નહિ એમ માનીને કામ કરૂ છું
મોટા કામ કરો, પણ મોટા વચન ન આપો.
એ માનવી ખૂબ જ નસીબદાર છે, જે પોતાની ઈચ્છાઓ અને શક્તિઓ વચ્ચેની ખીણનું અંતર જાણી લે છે.
સમયનો સાચો ઉપયોગ કરવો એ સમયને બચાવવા બરાબર છે.
નાનું અમથું અભિમાન પણ મોટી ભુલ કરાવી દે છે.
આપનારનું હૃદય ભેટને વ્હાલી અને કીંમતી બનાવી દે છે.
કાયર ત્યારે જ ધમકી આપે છે જ્યારે એ સલામત હોય છે.

**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## દેવતા અને દારૂ સાથે ન રખાય

ભારતીય સંસ્કૃતિના વાહક ઋષિ મુનિઓએ પોતાના અનુભવોનો નિચોડ આપતાં અનેક ગ્રંથો આપણને વારસામાં આપીને આપણા ઉપર બહુ જ મોટો ઉપકાર કર્યોછે. વૈજ્ઞાનિકોએ પણ અમુક તથ્યોને વિજ્ઞાન સિદ્ધ હોવાનો મત સ્વીકાર્યો છે.દારૂને જો સળગતા અગ્નિ દેવતા પાસે લઈ જવામાં આવે તો મોટો ભડકો થવાની શકયતાઓ વધી જાય છે. એ રીતે યુવાન બહેન દિકરીઓ અને પુરૂષોને એકાંતમાં સાથે ન રહેવાની સોનેરી સલાહ આપણા ચિંતકોએ આપી છે. કારણ કે એકાંત બહુ જ ખતરનાક બની શકે છે.કુદરતે આપેલા કામ રૂપી આવેગને ખાળવો ઘણો જ કઠીન છે. પારાસર જેવા ઋષિઓ એક હજાર વરસના તપ પછી પણ મચ્છર કન્યાના મોહમાં લપેટાઈ જાય છે અને પોતાના તપોભંગ થકી સમાજમાં લજ્જીત થાય છે.આપણે તો પ્રતિક્ષણ મોબાઈલ એપ દ્વારા, કોમ્પ્યુટર દ્વારા, સમાચારપત્રો દ્વારા કે ટીવીના માધ્યમથી પોતાના ધંધાના વિકાસ માટે રાત દિવસ કામલીલાના પ્રગટીકરણના સમાચારથી પરિચિત રહીએ છીએ તેથી આવા સમયે તો આપણે ખાસ સાવધાન રહેવાની જરૂર છે. આઠ દસ વરસનાં બાળકો પણ આવાં દ્રશ્યો જોઈને વધારે બહેકી જતા જોવા મળે છે. તેમનામાં કાચી ઉંમરે પાકટતા આવવા લાગી છે તેના જવાબદાર આપણે જ છીએ.

અમારા વડીલો કહેતા કે, ઘરનો ગોળ, કુલડીમાં રાખીને ખાવો, મતલબ કે આપણા જીવનની અંગત પળોને ખુબ ગોપનીય રાખવી, એના બદલે સરેઆમ જાહેરખબરો દ્વારા પ્રગટતાં આવાં દ્રશ્યો કુમળાં બાળકોના મગજ ઉપર ખરાબ અસર કરે છે. તે વાત અત્યારનો સમાજ ભુલી ગયો છે. કહો કે માત્ર પૈસા કમાવા માટે જાહેરખબરોમાં પણ આવડાં નાનં બાળકો પાસે દ્વિઅર્થી સંવાદો બોલાવીને કે બિભત્સ ચેનચાળા કરાવીને પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે ત્યારે પુરૂષ હોય કે સ્ત્રી, નાની મોટી અનેક વ્યક્તિઓ આવાં દ્રશ્યો જોઈને બહેકી જાય છે. તેની સીધી અસર વિકૃત મગજના માણસો ઉપર વધારે થાય છે ત્યારે આવા લોકો નાનાં મોટાં બાળકો અરે ! કયારેક તો વૃદ્ધ માતાઓ ઉપર પણ પોતાની હવસખોરીના દાખડા કરતા થયા છે.અમુક તમુક ધર્મગુરૂઓને શરણે જવાવાળા માતા પિતાએ પણ પોતાની યુવાન દિકરીઓને એકાંતમાં મળવા માંગતા લોફર ગુરૂઓથી દુર રાખતાં શીખવાનું છે. બહેનો, દિકરીઓને પણ પોતાની જાતને સાચવતાં શીખવા માટે દ્રઢ મનોબળ અને શારીરિક ક્ષમતા પ્રાપ્ત કરીને સારા નરસા માણસોને ઓળખતાં શીખીને એવા લોકોનો સામનો કરતાં શીખવું પડશે. આવી બહેન દિકરીઓને મદદરૂપ થવાની આપણી ફરજ અદા કરીને ધન્ય થઈએ એ જ..

## શૌર્યં તેજો ધૃતિ દાૅક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્ ।
## દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્ ।।

માનવ માત્રનું ભૌતિક જીવન સ્થિર અને સુખી થવું જોઈએ. એ ભૂમિકા ઉપર ગીતાકારે ગીતામાં ચાતુર્વણ્ય વ્યવસ્થા કહી છે. આ વ્યવસ્થામાં ઉંચ નીચતા નથી આ એક વ્યવસ્થા છે, વિભાગ છે, જુદાઈ નથી. જાતિભેદ નહીં, પણ જાતિ વ્યવસ્થા છે. દરેક માનવીની અંતઃ પ્રકૃતિ તેને તેનાં સ્વાભાવિક કર્મો માટે પ્રેરે છે. આગળના શ્લોકમાં બ્રાહ્મણનાં સ્વાભાવિ કર્મો કહ્યા બાદ હવે ક્ષત્રીયનાં સ્વાભાવિક કર્મો બતાવતાં ભગવાન નીચેના શ્લોકમાં કહે છે કે :

**શૌર્યં તેજો ધૃતિ દાૅક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્ ।**
**દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્ ।। ૧૮-૪૩ ।।**

'શૂરવીરતા, શુરવીરપણું, વીરતા (શૌર્યમ્) તેજ, શક્તિ (તેજ) ધૈર્ય-સંકલ્પ (ધૃતિઃ)દક્ષતા-નિપુણતા-ચતુરાઈ (દાક્ષ્યમ્) તથા (ચ) યુદ્ધમાંથી-યુદ્ધમાં (યુદ્ધે) પણ (અપિ) ભાગી ન જવું, નાસી ન જવું (અપલાયનમ્) દાન આપવું-ઉદારતા (દાનમ્) અને (ચ) સ્વામીભાવ-સ્વામિત્વ (ઈશ્વરભાવ) એ ક્ષત્રિયનાં (ક્ષાત્રમ્) સ્વભાવથી ઉત્પન્ન સ્વાભાવિક (સ્વભાવજમ્) કર્તવ્ય-કર્મ છે. (કર્મઃ)'

આ શ્લોકમાં ક્ષત્રિયનાં સાત સ્વાભાવિક કર્મો બતાવ્યાં છે : શૌર્ય, તેજ, ધૈર્ય, ચતુરતા, યુદ્ધથી ન ભાગવું, દાન અને ઈશ્વરભાવ-એ ક્ષત્રિયના સ્વભાવ જન્ય કર્મો છે. ક્ષત્રિય એ સંસ્કૃતિનો રક્ષક છે. 'શૌર્યમ્' એટલે 'શૂરવીરતા' કોઈથી અભિભૂત છે કે દબાઈ ન જવાનો સ્વભાવ એ શૌર્ય છે. આ ૈંઙ્ઘિ્અિુીઙ્ઘિ એ બીજી શક્તિ છે.યુદ્ધમાં અંગ કપાઈ જાય, વાગે કે મૃત્યુનો સહેજ પણ ડર ન રાખતાં પ્રસન્નતા અને ઉત્સાહની સાથે અસ્ત્ર, શસ્ત્ર ચલાવતાં રહેવું તેનું નામ શૌર્ય છે. તેજઃ એટલે પ્રગલ્લભતા અર્થાત બીજાથી, શત્રુથી પરાભવ ન પામવાનો ગુણ એનું નામ 'તેજ' છે. જે પ્રભાવ કે શક્તિથી પાપી કે દુરાચારી અટકી જાય, જેની સામે લોકોની મર્યાદા વિરૂદ્ધ ચાલવાની હિંમત હોતી નથી અર્થાત જે શક્તિથી લોકો સ્વાભાવિક જ મર્યાદામાં રહે તે 'તેજ' છે.

'ધૃતિઃ' એટલે ધીરજ, ધારણાશક્તિ. ધારણાશક્તિ દ્વારા ઉત્સાહીત પુરૂષ શોક સંતાપરહીત હોય છે. આરંભેલું કાર્ય વિઘ્ન આવે છતાં પુર્ણ કરવાનું સામર્થ્ય અને વિપત્તિમાં ચિત્તનું વિચલીત ન હોવું તે ધૃતિ. વિપરીત અવસ્થામાં પણ ધર્મ કે નીતિવિરૂદ્ધ કાર્ય ન કરીને, ધૈર્યપૂર્વક પોતાની મર્યાદામાં રહેવું તેનું નામ ધૃતિ છે. દાક્ષ્યમ્ એટલે 'દક્ષ્યતા' ચતુરાઈ, મુશ્કેલીમાં પણ ન મુંઝાવાની શક્તિ' અર્થાત જીવનમાં સંઘર્ષની કુશળતા સેંકડો પ્રતિકુળતાઓ હોવા છતાં સ્વકાર્યનો નિર્વાહ કરવાનું સામર્થ્ય એ દક્ષતા છે. આમ વિશેષ યોગ્યતા કે ચતુરાઈનું નામ 'દાક્ષ્ય' છે.

'યુદ્ધે અપલાયનમ્' એટલે યુદ્ધમાંથી પાછા ન હઠવું અર્થાત યુદ્ધમાં અપલાયનવાદીપણું સામે મોત આવે તો પણ યુદ્ધભૂમિમાંથી પીઠ બતાવીને ભાગી ન જવું એ ક્ષત્રિયનો સ્વભાવ છે.

યુદ્ધમાં કયારેય પીઠ ન બતાવવી, મનમાં કયારેય હાર ન માની લેવી, યુદ્ધ છોડીને કયારેય ભાગવું નહીં એનું નામ 'યુદ્ધમાં અપલાયનપણું' છે. 'દાનમ' એટલે 'દાન ઉદારતાથી બીજાને આપવાની વૃત્તિ' બીજાને કાંઈક આપવું એ ક્ષત્રિય માટે સ્વાભાવિક છે. ક્ષત્રિયો મોટે ભાગે મહાદાની હોય છે. કોઈ વ્યક્તિ કાંઈક માગે તો તે કયારેય ઈન્કાર ન કરે એટલે 'આપવું' એ તેનો સ્વાભાવિક ગુણ છે. ક્ષત્રિયોમાં દાનવીરતા હોય છે. ઉદારતા હોય છે એટલા માટે અહીં દાન શબ્દ ક્ષત્રિયોના સ્વાભાવિક કર્મ માટે પ્રયોજાયો છે.

'ઈશ્વરભાવ' એટલે 'સ્વામીભાવ' ઐશ્વર્ય નિયમન કરવાની શક્તિ અર્થાત નિઃસ્વાર્થ ભાવે સર્વજન હીતાય' એવા શાસ્ત્રનો આદેશ અનુસાર શાસન દ્વારા પ્રેમાળ ભાવે પુત્રની જેમ પ્રજાનું પાલન કરવાનો ભાવ એટલે ઈશ્વરભાવ. જેમના પર શાસન કરવાનું હોય તેમના પર પ્રભુત્વ શક્તિ પ્રગટ કરવી તે ક્ષત્રિયના સ્વભાવજન્ય અર્થાત પૂર્વ સંસ્કારથી ઉત્પન્ન કર્મો છે. 'ક્ષતાત્ ત્રાયતે ઈતિ ક્ષત્રિય' અર્થાત દુઃખમાંથી બચાવે તે ક્ષત્રિય. જે માત્ર પ્રજાનું દુઃખોમાંથી રક્ષણ કરે તેનું નામ 'ક્ષત્રિય' છે. ભાગવત ૭-૧૧-૧૨ માં પણ ક્ષત્રિયના આ ગુણો વર્ણવ્યા છે.

**અધ્યાત્મ** — ૬૧૦ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## સંઘર્ષ, સમજ, સહનશીલતા, સદાચાર અને સરળતા જેવા સદ્દગુણો થકી નિજાનંદી જીવન જીવતા ડીસાના પ્રહલાદભાઈ બી.લીંબાચીયા



કેટલાક મહાનુભાવો આ પૃથ્વી ઉપર ખુબ જ ગરીમાપૂર્ણ જીવન જીવી રહેલ છે. સંઘર્ષ અને સહનશીલતા સાથે આગવો સંબંધ ધરાવતા મણીયારી તાલુકો ચાણસ્માના વતની અને હાલે ડીસા ખાતે રહેતા પ્રહલાદભાઈ લીંબાચીયા સમજ, સદાચાર અને સરળતા થકી નિજાનંદ જીવન જીવી રહેલ છે. તા.૩૦-૩-૧૯૩૯ ના રોજ પિતા બબલદાસ છગનલાલ નાઈ અને માતા પૂજ્ય કાશીબાના પરિવારમાં મણિયારી ખાતે જન્મ ધારણ કરનાર પ્રહલાદભાઈનું જીવન ખુબ જ સંઘર્ષશીલ અને પ્રેરણાદાયી રહ્યું છે.તેમણે ધો.૧ થી ૫ નું શિક્ષણ કિમ્બુવા ખાતે મોસાળમાં જ લીધું. નાની ઉંમરે જ પિતાજીનું અવસાન થતાં તેઓ ૧૫ વર્ષ સુધી મોસાળમાં રહીને જ ઉછર્યા. ધો.૬ થી ૭ નો અભ્યાસ મણીયારી ખાતે કર્યો અને ૧૯૫૬ માં પાટણ ખાતેથી એ વખતની ખુબ જ અગત્યની ફાયનલ પરીક્ષા તેમણે પાસ કરી. ૧૯૫૭ માં સૌ પ્રથમ વાર તલાટી તરીકે સરકારી નોકરીમાં જોડાયા અને મોઢેરા, મીઠી ખારીયાલ તેમજ સુણસર એમ ત્રણ ગામમાં ફરજ બજાવ્યા બાદ ૧૯૬૦ માં થરાદ તાલુકાના સેંદરા ગામે પ્રાથમિક શિક્ષક તરીકે સર્વિસમાં જોડાયા. ૧૯૬૩-૬૪ માં પી.ટી.સી.ની તાલીમ લીધી. આ તાલીમ બાદ તેઓ ફરીથી કાંકરેજ તાલુકાના ટોટાણા ગામે ૧૯૬૫ માં શિક્ષક તરીકે હાજર થયા. ૧૯૭૦ માં તેઓની બદલી કાંકરેજ તાલુકાના વાલપુરા ખાતે થઈ અને ૧૯૮૮ માં તેઓ ડીસા નગરની લીયો પ્રાથમિક શાળામાં બદલી થઈને આવ્યા બાદ આજ શાળામાંથી ૧૯૯૭ માં ખુબ જ સારી તંદુરસ્તી સાથે સુખરૂપ નિવૃત્ત થયા.

તેમના માતૃશ્રી પૂજ્ય કાશીબાએ તેમને સારૂં અને સાચું જીવન જીવવા સતત માર્ગદર્શન આપતાં પ્રહલાદભાઈનું જીવન ઘડતર ઉચ્ચ કક્ષાનું થયું છે. પ્રહલાદભાઈની જીવન જીવવાની ઉંચાઈ અને ગરીમા બેઉ ઉચ્ચ કક્ષાનાં છે. ૧૯૫૬ માં તેઓ કલ્યાણા તાલુકો સિદ્ધપુરના ચંપાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા અને તેમનું લગ્નજીવન પણ ઉચ્ચ કક્ષાનું છે. તેમના સમગ્ર જીવન દરમ્યાન શ્રીમતી ચંપાબેનનો સહકાર માર્ગદર્શન રૂપ રહ્યો છે.

વજુભાઈ કોટક, હરકીશન મહેતા અને કનુભાઈ આચાર્ય જેવા લેખકોનાં અનેક પુસ્તકો વાંચનાર પ્રહલાદભાઈ વાંચનના ખુબ જ શોખીન છે. શિક્ષક તરીકેની ફરજ દરમ્યાન અનેક બાળકોનું ખુબ જ વ્યવસ્થિત ઘડતર કરનાર પ્રહલાદભાઈએ અનેક શાળા પ્રવાસો પણ કર્યા હતા. સમગ્ર કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત ઉપરાંત હરીદ્વાર, ઋષિકેશ, તિરૂપતિ જેવાં અનેક સ્થળોએ ફરનાર પ્રહલાદભાઈને ધાર્મિક સ્થળો વધારે ગમે છે.

ભાઈ રામદાસ અને બહેનો ડાઈબેન, શાંતાબેન, નર્મદાબેન અને કમળાબેનના ભાઈ પ્રહલાદભાઈને કલાબેન (શિક્ષિકા), સરોજબેન (નર્સ), સાધનાબેન (શિક્ષિકા) ઉષાબેન (શિક્ષિકા)એમ ચાર દિકરીઓ અને ભરતભાઈ (બિલ્ડર)એમ એક દીકરો છે. તેમનાં પુત્રવધુ મીનાબેન પણ શિક્ષિકા જ છે. ખુબ જ માયાળુ, લાગણીશીલ, સમજદાર, સંઘર્ષશીલ, સરળ, સૌજન્યશીલ, સદાચારી અને સંબંધોની માવજત કરનાર પ્રહલાદભાઈને અભિનંદન આપવા તેમનો મો.નં. ૭૩૮૩૨૮૫૨૮૯ છે. ભરતભાઈને પણ યક્ષ અને ધ્યેય નામના બે પુત્રો છે. તો પ્રહલાદભાઈની દિકરીઓનાં બાળકો ખુબ જ શિક્ષિત છે. સામાન્ય રીતે નાઈ સમાજ મહેનતુ સમાજ છે અને મોટા ભાગે પોતાનો જાતિ ધંધો જ કરતા હોય છે પણ પ્રહલાદભાઈના પરિવારમાં શિક્ષણનો વ્યાપ વધારે છે. જોકે હાલના સંજોગોમાં તો નાઈ સમાજે ખરેખર વંદનીય, અભિનંદનીય અને પ્રશંસનીય પ્રગતિ કરી છે. રોજ પૂજાપાઠ, દેવદર્શન, વાંચન કરતા પ્રહલાદભાઈને 'તારક મહેતા કા ઉલટા ચશ્મા' સીરીયલ જોવી ગમે છે અને ટીવીમાં આવતા સમાચારો સાંભળવા ગમે છે.નખશીખ નીતિમય જીવન જીવનાર પ્રહલાદભાઈનાં ધર્મપત્ની ચંપાબેને પણ વાલપુરા ખાતે પોસ્ટ માસ્તર તરીકે સેવા કરેલી છે અને સિવણકામ પણ કરેલ છે. પ્રહલાદભાઈએ પાટણવાડા પરગણા પ્રગતિ નાઈ સમાજના ઉપપ્રમુખ અને મહામંત્રી તરીકે તેમજ આજ સંસ્થાના વચલા વિભાગમાં પ્રમુખ તરીકે ફરજ બજાવીને સમાજને પ્રગતિશીલ બનાવવામાં ઉમદા યોગદાન આપેલું છે. સરસ્વતી સાધના વિકાસ ટ્રસ્ટમાં પણ તેમણે સેવા આપી છે. પોતાના સમાજની પ્રગતિ માટે સતત ચિંતન અને મનન કરનાર પ્રહલાદભાઈએ સર્વધર્મ સમભાવની દ્રષ્ટિએ બધા સાથે સારા સંબંધો કેળવ્યા છે, ડીસા હાઈવે સ્થિત રાધે બંગ્લોઝમાં રહેતા પ્રહલાદભાઈ એક મળવા જેવા ઉમદા માણસ છે .આજે પણ તેઓ સદગત જે.વી.શાહ, સદ્ગત શાંતિભાઈ ભગત, સદ્ગત એ.બી.શેઠ, સદગત દલપતભાઈ શાહ, સદગત દોલતભાઈ પરમાર અને કનુભાઈ આચાર્ય, નાથાભાઈ ખત્રી જેવા મહાનુભાવો સાથેના સંબંધોનું સ્મરણ કરે છે. ટોટાણાના પૂજ્ય સદારામ બાપુમાં તેઓ આસ્થા ધરાવે છે. ટોટાણાના એ વખતના આગેવાનો વલીભાઈ ગનીભાઈ, જયંતિભાઈ શાહ, રતિલાલ લાલજીભાઈ ઠક્કર, કાંતિભાઈ, મણિયારીના હરીભાઈ પટેલ (તલાટી), વાલપુરાના બાબુભાઈ ઠક્કર, બાલચંદભાઈ શાહ, કાંતીભાઈ શાહ, જયંતિભાઈ શાહ, અલીકાકા, લાલજીભાઈ સુથાર, ગણેશભાઈ ભરવાડ સહિત અનેકજનોનું તેઓ સ્મરણ કરે છે. પોતાના જીવનની પ્રગતિમાં શરૂઆતથી જ પૂજ્ય કાશીબાના આશીર્વાદ, સંસ્કાર તેમજ લગ્નજીવનમાં શ્રીમતી ચંપાબેનનો પૂર્ણ સહકાર મળતાં તેઓ સારૂં જીવન જીવી શકયા છે અને પ્રગતિ કરી શકયા છે તે વાતનું પ્રહલાદભાઈ વારંવાર સ્મરણ કરે છે. વાલપુરાના તેમના મુસ્લિમ વિદ્યાર્થીઓ તેમના ઉપરની અતિશય લાગણીને લીધે તેમને કલકત્તા, કટક, ભુવનેશ્વર, જગન્નાથપુરી સહિતનાં સ્થળોએ યાત્રા કરવા પણ લઈ ગયા હતા.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## શુદ્ધ ધર્મ કરીએ, પાવન, પ્રજ્ઞા જાગે વિશુદ્ધ !
## નીરક્ષીરના ભેદનો, રહે વિવેક પ્રબુધ્ધ !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

હવે ગૌ-ગૌવંશ માટે કંઈક નક્કર કાર્યવાહી કરવાનો સમય પાકી ગયો હોય તેવું લાગે છે. ગામડાંથી માંડીને મહાનગરોના જાહેર માર્ગો પર ગૌ-ગૌવંશનો ભારે આતંક દેખાઈ રહ્યો છે. રાહદારીઓ વાહનચાલકો સૌ કોઈ ત્રાહીમામ પોકારી ગયા છે. સાચું બોલે કોણ ? અને સાચું બોલે તો બોલનાર સત્યવાદીની પિપુડી સાંભળે કોણ ? આ સ્થિતિ વચ્ચે બનાસકાંઠા જિલ્લાના ગૌશાળા, પાંજરાપોળમાં સંચાલકો એ સરકાર સામે બાંયો ચડાવી છે. વર્ષોથી સરકારી કંઈ જ સહાય ચુકવાતી નથી. ભીખ માંગી માંગીને કયાં સુધી ગૌ-ગૌવંશનું પુરૂં કરવું ને છેવટે ગૌશાળા પાંજરાપોળના સંચાલકોની એકલાની જવાબદારી નથી કે રખડતી માંદી અકસ્માત થયેલી આ ગાયો અને તેમના વંશો સાચવવા તમામ જીવદયાપ્રેમી ગૌભકત હિંદુઓની સંયુકત જવાબદારી છે ને ભારતીય સંસ્કૃતિમાં પાંચ માતાઓને અનોખું સ્થાન જીવસૃષ્ટીને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યું છે. જળની જનેતા, ગૌમાતા, નદીમાતા, તુલસી માતા, ભૂમિ માતા. તમે શાંત મને ચિંતન તો કરો કે આ ભવ્ય અતિ પ્રાચીન સંસ્કૃતિએ જે આપ્યું છે તેનો વિશ્વના લોકો આદર્શ રીતે માનતા થયા છે. આપણે ભલે પશ્ચિમી સંસ્કૃતિની આંધળી દોટમાં સમજયા વગર ગરકાવ થઈ રહ્યા હોઈએ પણ પશ્ચિમના લોકોને ભારતીય સંસ્કૃતિની નીતિ નિયમો રીતભાત, રહેણીકરણી, આદર્શ લાગે છે. પશ્ચિમી સંસ્કૃતિની સારી બાબતો હશે તો જોવાની સમજવાની સાચી રીત હોય તો તેમની એ બાબતોને જીવનમાં ઉગારી અમલ કરવામાં કંઈ જ ખોટું નથી. આપણે મુખ્ય વાત પર આવીએ આ પાંચ માતાઓનું સારી રીતે જતન કરવામાં આવે તનો માનવ જીવનમાં કયારેય દુઃખ ન આવે કે કોઈની સામે ભીખ ન માગવી પડે તેની સો ટકા ગેરંટી હું આપું છું. ભારતીય સંસ્કૃતિએ કેવી અમૂલ્ય ભેટ આપી છે એ તો તેનો અભ્યાસ કરવાથી જ સમજાશે. જીવો ને જીવવા દો એની સાથે અહિંસા પરમો ધર્મ એ શું સુચવે છે ? આપણે મકાન ભાડે રાખી કે નવું ખરીદીએ તો પહેલાં ત્યાંના રહીશો, આડોશી પાડોશી કેવા છે તેની ખાત્રી બહુ ઝીણવટપૂર્વક કરીએ છીએ પછી જ મકાન ભાડે કે નવું ખરીદીએ બસ જીવનમાં સત્ય હકીકત સમજાઈ જાય તો આપણે તો દુઃખી ના થઈએ પણ બીજાએ દુઃખી ન થાય . આજની ચિંતન રત્નકણીકાની શરૂઆત આપણે ગૌ-ગૌવંશથી એટલા માટે કરી છે કે બનાસકાંઠા જિલ્લાની ગૌશાળા, પાંજરાપોળોમાં સંચાલકોની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ છે.

હવે આ કહેવાતી નધણીયાતી ગાયો અને તેનાં સંતાનો ઘાસચારો માટે વલખી રહ્યા છે. તદ્ ઉપરાંત જાહેર માર્ગો પર જે રખડીને ઉપદ્રવ મચાવે છે. તેનું કોણ ? શું ગામડાંથી મહાનગર સુધીની આ વિકટ સમસ્યા કોઈના ધ્યાને આવતી નથી ના એવું નથી. રાષ્ટ્રપતિ-વડાપ્રધાનથી માંડીને સરપંચા સભ્યો સુધીના નેતાઓ પટાવાળાઓથી ઉચ્ચ અધિકારીઓ, અભણ-શિક્ષિત સૌ કોઈ જાણે છે.આ સમસ્યા ઉભી થવા પાછળનું સાચું રહસ્ય આપણી જ કયાંક ને કયાંક છે ખરૂં કે પછી ? વાતને ગંભીરતાથી લેવી જ પડશે. ગૌ-ગૌવંશ એ આપણા માટે પૂજનીય છે. એટલે આ રીતે ચોતરફ ઉપદ્રવ ફેલાવીને પોતાના પેટનો ખાડો પુરવા માટે ઉકરડા, એંઠવાડ જ શોધ્યા કરે છે તે તેના અબોલ પશુ પ્લાસ્ટીકની થેલીઓ બીજો અખાદ્ય કચરો ખાઈને દુઃખી થાય છે ને તે આ શોધાશોધમાં માનવીય ટ્રાફિકમાં અડચણરૂપ બને છે. હવે આ બાબતે કોઈ વ્યક્તિગત કાર્યવાહી કરવા જાય તો કાંઈકનો ભોગ બને પણ ખરેખર સરકારને સરકારી તંત્રની જવાબદારી આવે છે કે આવી રીતે ગૌ-ગૌવંશને રખડતાં મુકતાં તેના માલીકો પ્રત્યે કડક કાર્યવાહી કરવી જોઈએ પરંતુ દુઃખ સાથે લખવું પડે છે કે સરકાર અને સરકારી તંત્રને તાયફા સિવાય કંઈ જ આવડતું નથી. આજે ગૌચર-ખરાબા, જંગલો અરે કોમન પ્લોટો, તળાવ, નદી, વરસાદી પાણીના વહેણ, સ્મશાનની જમીનો, ભુમાફીયાઓએ હડપ કરી નાખી છે. આ ગૌ-ગૌવંશ જ નહીં બીજા વન્ય પ્રાણીઓ માટે પણ ખતરો ઉભો થયો છે. કોણ કોને કહે ? પશ્ચિમી દેશોમાં કોઈ નદી, ગાય તુલસી ભૂમિને 'માતા' કહેતું નથી.પરંતુ કોઈ દેશનો પ્રવાસ કરજો ત્યાં તમને છોડ, પશુ નદીની સાચવણી બહુ સારી રીતને થાય છે. નદી નાળામાં ગંદકી કોઈ કરતું નથી એ શું સુચવે છે ? આપણે ત્યાં સરકારી ગ્રાન્ટો મળે છે એટલે ગમે તેવી સંસ્થા ઉભી કરીને સરકારી સહાય મેળવે કોણ ? તપાસ કરે છે ને તપાસ કરવાવાળો છેવટે તો પેટ લઈને જ આવવાનો છે ને એટલે તેને ટુકડો નાખીશું તો આપણો ઢુકડો જ રહેશે. આ સત્ય હકીકત છે.ભ્રષ્ટાચાર, મોંઘવારી, ભેળસેળ, સટ્ટાખોરી જેવા દુષણો વધવા પાછળનું કારણ અહીંથી જ ઉભું થયું છે. માનવીય આંધળો સ્વાર્થ આજે દેશને અધોગતિ તરફ દોરી રહ્યો છે .

અનુસંધાન પાના નં.૬ ઉપર

## જેવા સાથે તેવા

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

બીજા દિવસે કુશલ પીતાની સાથે દુકાને ગયો. આખો દિવસ તેણે દુકાનનાં માણસો સાથે અને બીજા બધા જોડે વાતો અને મસ્તીમાં જ પસાર કર્યો. એના પછીના દિવસે પણ કુશલ દુકાને તો આવ્યો નહીં. સવારથી જ હરવા ફરવા જતો રહ્યો ને સાંજે ઘેર આવ્યો. કુશલે ભણવાનું પણ છોડયું અને દુકાનમાં પણ તેને ગમતું નથી. આખો દિવસ મિત્રો સાથે ફરવામાં વ્યતીત કરતો અને મિત્રો પણ તેના એવા જ મફતીયા હતા. મફતમાં મોજશોખ કરાવે એવા મિત્ર સાથે કોણ સંગતી ન કરે ? મોડી રાત્રે ઘરે આવતો અને સવારે વહેલો કુશલ ફરવા માટે જતો રહેતો. આવી રીતે કુશલના દિવસો, મહીનાઓ અને વરસો વીત્યાં.

હવે કુશલ નાનો ન હતો, ઉંમરલાયક થઈ ગયો હતો. આખો દિવસ બહાર ફર્યા કરે તે સારૂં ન કહેવાય. એટલે એક દિવસ અચલ શ્રેષ્ઠીને શેઠાણીએ કહ્યું, કુશલને ઘણાં લાડકોડમાં મોટો કર્યો એટલે હવે તો આપણી એક પણ વાત તે સાંભળતો નથી. જલદીથી તમે તમે તેનાં લગ્ન કરાવો તો થોડો સમય ઘરમાં પણ રહે અને તેની પોતાની જવાબદારી સંભાળે.

અચલ શ્રેષ્ઠીને શેઠાણીની વાત બરાબર લાગી. તેમણે કહ્યું : 'આપણે જલદીથી તેના લગ્ન કરાવીએ, પણ હજી એકાદ વાર પરીક્ષા કરી લઈએ કે ખરેખર તે મંદબુદ્ધિનો તો નથી ને ! અથવા તો આપણી આગળ નાટક તો નથી કરતો ને ! કેવી રીતે પરીક્ષા કરવી ? તે વાત અચલ શ્રેષ્ઠીએ શેઠાણીને બરાબર સમજાવી દીધી.

રાત્રે કુશલ ઘેર આવ્યો ત્યારે તેને ત્રણ સોનૈયા આપતાં શેઠાણીએ કહ્યું : 'પુત્ર ! આ ત્રણ સોનૈયામાંથી એક સોનૈયાથી તારે જે મોજમજા કરવી હોય તે કરજે. બીજી સોનૈયા નદીમાં ફેંકી દેજે અને બાકી રહેલી ત્રીજી સોનામહોર વડે તારે જે ખાવું હોય તે ખાજે. તરસ છીપાવજે, થોડું ગાય-ભેંસને ખવડાવજે. થોડો મુખવાસનો આસ્વાદ માણજે અને થોડી વાવણી કરજે. બીજી બધી પુત્ર સાથે વ્હાલથી વાતો કરીને શેઠાણીએ ત્રણ સોનૈયા આપી.

સવાર પડતાંની સાથે જ આનંદથી નાચતો કુદતો કુશલ બજારમાં જતો રહ્યો. માતાના કહ્યા પ્રમાણે તેણે પહેલી સોનામહોરથી ખાવાની અવનવી વસ્તુઓ ખરીદીને મોજમજા કરી. તરત જ તે નદી પાસે ગયો. ખિસ્સામાંથી બીજી સોનૈયા કાઢીને માતાની આજ્ઞા પ્રમાણે નદીમાં નાખવાની તૈયારી કરતો હતો ત્યાં જ તેને પ્રશ્ન થયો : આ સોનૈયા નદીમાં નાખું કે ન નાખું ? જો નદીમાં નાખી દઉં તો ધનનો દુરૂપયોગ કર્યો કહેવાય અને ધનનો દુરૂપયોગ કરવો એ સારૂં નથી અને જો માતાએ આપેલી આ સુવર્ણમહોર નદીમાં ન ફેંકુ તો માતાની આજ્ઞાનું ઉલ્લંઘન થાય

અનુસંધાન પાના નં.૬ ઉપર

## જીવન પ્રયોગશાળા છે

જીવનમા નિત નવાં અનુભવ કરીને રીસર્ચ કરવામાં આવે છે. વૈજ્ઞાનિકો જેવી રીતે પ્રયોગો કરીને એવી ચીજ, પદાર્થ કે નિયમની શોધો કરે છે .જે અત્યાર સુધી કોઈએ પણ ન કરી હોય એવી જ રીતે આપણે સહુએ પણ આપણી જીવનની પ્રયોગશાળામાં નિત નવા પ્રયોગો કરીને નવી નવી ઈન્વેન્શન કરવાની છે પ્રયોગશાળામાં પ્રયોગ માટે સાધનો અને પદાર્થો ની જરૂર પડે છે જીવનની પ્રયોગશાળામાં વસ્તુઓથિ પ્રયોગ નથી કરવાનો. લાગણીઓથી ભરેલા માણસો વચ્ચે પ્રયોગો કરવાના હોય છે .કોઈ વ્યક્તિ ક્રોધી હોય તો કોઈ શાંત ,કોઈ પ્રેમાળ હોય તો ,કોઈ નિષ્ઠુર ,કોઈ હક્ક જમાવી ઓર્ડર કરતા હોય તો કોઈ નિર્માણ થઈ વ્યવહાર કરતા હોય તો કોઈ, કોઈ સ્નેહી સમ્બંધી હોવા છતાં પણ સ્નેહી ન હોય અને કોઈની સાથે કોઈ સમ્બન્ધ ન હોય ત્યારે પણ સ્નેહી હોય , કોઈ સ્વાર્થી હોય, કોઈ નિસ્વાર્થભાવે આપની સાથે વ્યવહાર કરે છે . એવા સમયે આપની ભાવનાઓ, લાગણીઓના ઘોડાપુરને આપને નાથી શકીએ. ઘણીવાર વ્યક્તિ પર ભરોસો મુકતા ૧૦૦ વાર વિચારવું પડે છે અને ઘણા વ્યક્તિઓ ખુબ નિર્મળ હોય એવા સાથે વ્યવહારમાં ખુબજ સાવધાની રાખવાની જરૂર પડતી હોય છે. આવા અનેક લોકો જેમના ભિન્ન ભિન્ન સ્વભાવ, વ્યવહાર વચ્ચે આપને જીવનને સફળતા પૂર્વક , ખુશીથી આગળ વધતાનું છે . ત્યારે અનેક પ્રકારના પ્રયોગો કરવાના છે .જીવનની પ્રયોગશાળામાં નિત નવા પ્રયોગો કરી આપણે અનુભવી મૂર્ત બનતા જીએ છીએ અને તે આધારે એકબીજાને કહેતા પણ રહીએ છીએ.આપના મહાન પુરુષોએ પણ પોતાના જીવનની પ્રયોગશાળામાં પ્રયોગો કરીને આપના માટે નવી નવી શોધો રાખી છે . જેથી આપણે શું પણ જે તે પરિસ્થિતિઓમાં તેમના જીવનની પ્રયોગશાળાના અનુભવો લઈને પ્રેરણા લઈએ છીએ જીવનની પ્રયોગશાળામાં પણ અનેકવાર એવું બને છે.અનેકવાર પ્રયાસ કર્યા બાદ પણ રીઝલ્ટ મળતું નથી. સફળતા નજર આવતી નથી અને આપના પ્રયોગમાં અનેક લોકો વિઘ્નરૂપ પણ બને છે.છતાં પણ આવા વિરોધિઓનિ પરવાહ કર્યા વિના જો આપણે હિંમતથી સામનો કરતા

**સૌરભ** — બી.કે.નીતાબેન

અનુસંધાન પાના નં.૬ ઉપર

**કર્ણાટકમાં ...**

**પાના નં.૧ ચાલુ**

બીજી બાજુ મોટા ભાગના એક્ઝિટ પોલમાં ત્રિશકુ વિધાનસભાની વીત કરવામાં આવી રહી છે જેથી ભાજપ અને કોંગ્રેસ તેમજ જેડીએસ દ્વારા પોત પોતાની રીતે પણ નવા સમીકરણ બેસાડી દેવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે. કર્ણાટકમાં ભાજપના મુખ્યપ્રધાન પદના દાવેદાર બીએસ યેદીયુરપ્પાએ કહ્યુ છે કે ભાજપ ૧૨૫થી ૧૩૦ સીટો જીતી જશે જ્યારે કોંગ્રેસ પાર્ટી ૭૦ના આંકડાને પણ પાર કરી શકશે નહીં. જનતાદળ એસ ૨૪થી ૨૫ સીટોના આંકડાને પાર કરશે નહીં. ભાજપની તરફેણમાં જોરદાર મોજુ હોવાનો દાવો પણ યેદીયુરપ્પા કરી ચુક્યા છે. ૧૨મી મેના દિવસે કર્ણાટકમાં ૫૮૫૪૬ મતદાન મથકો પર મતદાન યોજાયું હતું. સવારે ૭થી લઈને સાંજે ૬ વાગ્યા સુધી મતદાન ચાલુ હતું. કર્ણાટકમાં ૨૦૧૩માં વિધાનસભાની ચૂંટણીમાં ૭૧.૪ ટકા મતદાન થયું હતું જ્યારે આ વખતે ૭૦ ટકા મતદાન થયું હતુ. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ૨૧૬ મહિલા ઉમેદવાર સહિત ૨૬૫૪ ઉમેદવારોના ભાવિ ૧૨મી મેના દિવસ બાદ ઈવીએમમાં સીલ થઇ ગયા હતા. હવે આવતીકાલે આ તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે.બેલાગાવી જિલ્લામાં સૌથી વધુ સંખ્યામાં ૩૭૨૩૫૮૫ મતદારો નોંધાયા હતા. બે મતવિસ્તાર જયનગર અને રાજેશ્વરીનગરમાં મતદાન મોકૂફ કરવામાં આવ્યું હતું. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે મતદાન પૂર્ણ થતાંની સાથે જ રાજકીય પક્ષો પોતાના સમીકરણો બેસાડવામાં લાગી ગયા છે. પરિણામ આવવા આડે હજુ બે દિવસ બાકી છે ત્યારે એક્ઝિટ પોલમાં કિંગમેકર તરીકે દેખાઈ રહેલા જનતાદળ એસ દ્વારા ગઠબંધનના સંકેત આપી દીધા છે. જેડીએસના વડા એચડી દેવગૌડાએ કહ્યું છે કે, હાલમાં તેઓ કોઇપણ બાબતને સ્વીકારવા માટે અથવા તો ફગાવવા માટે તૈયાર નથી. ૧૫મી મેના દિવસે મતગણતરી થયા પછી જ કોઇ નિર્ણય લઇ શકાશે. દેવગૌડા તરફથી કરવામાં આવેલું આ નિવેદન સંકેત આપે છે કે, તેઓ ગઠબંધન સરકારનો હિસ્સો બની શકે છે. આ પહેલા ચૂંટણી દરમિયાન અનેક વખત કહી ચુક્યા છે કે, જેડીએસ કોઈપણ પાર્ટી સાથે ગઠબંધન કરશે નહીં. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામને લઇને માત્ર રાજકીય વર્તુળોમાં જ નહી બલ્કે દેશના લોકોની પણ નજર છે. કારણ કે જો કોંગ્રેસ સત્તા જાળવી રાખવામાં સફળ રહેશે તો આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં તેની સ્થિતી વધારે મજબુત થઇ શકે છે. અને જો ભાજપ જીતશે તો સુધારા પ્રક્રિયાને વધારે ઝડપથી આગળ વધારી શકે છે. આવી જ રીતે જો ભાજપ સરકાર બનાવવામાં નિષ્ફળ રહેશે તો સુધારા પ્રક્રિયાની ગતિને ભાજપને ધીમી કરવી પડશે. સાથે સાથે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં તેની સામે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કર્ણાટકમાં ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ માટે ખુબ ઉપયોગી બનેલી છે. આની સાબિતી આનાથી મળી જાય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યમાં ૨૪થી પણ વધારે જાહેર સભા કરી હતી. સાથે સાથે અમિત શાહ મોટા ભાગે કર્ણાટકમાં રહ્યા હતા. આ ઉપરાંત ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે પણ ખુબ તાકાત લગાવી હતી. કર્ણાટકમાં ભાજપના મુખ્યપ્રધાન પદના ઉમેદવારો યેદીયુરપ્પા પણ દિન રાત એક કરી ચુક્યા હતા. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ એડી ચોટીનુ જોર લગાવ્યુ હતુ. તેમની સાથે સોનિયા ગાંધીએ પણ લાંબા સમય બાદ રેલી કરી હતી. ઉપરાંત પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ પત્રકાર પરિષદ કરવા માટે પહોંચ્યા હતા.

**ભાવિ પેઢીને ૫૦...**

**પાના નં.૧ ચાલુ**

જિલ્લાના ગોમટા, તાપીના ચીખલવાવ, સાબરકાંઠાના કમાલપુર, જૂનાગઢના નારેડી, દાહોદના દુધિયા અને નર્મદાના ભાડમ ગામોમાં ચાલી રહેલા તળાવો ઊંડા કરવાના સ્થળ પર જ ઉપસ્થિત ગ્રામજનો, સરપંચો, અગ્રણીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આવનારી વરસાદી મોસમ પહેલા આ અભિયાનના કામોથી જળસંચયમાં વૃદ્ધિ માટે જરૂર જણાય ત્યાં વધારાનો મેનપાવર, મશીનરી, જેસીબી, ટ્રેક્ટર વગેરે સઘન બનાવીને પણ કામો પૂર્ણ કરવા છે. આ અભિયાના કામો માટે સરકાર નાણાંની કોઇ કચાશ રહેવા દેશે નહીં તેમ સ્પષ્ટપણે જણાવતા વિજય રૂપાણીએ કહ્યું કે, લોક ફાળો અને લોકસહયોગ પણ આ કાર્યોમાં મોટાપાયે પ્રેરિત થયો છે. મુખ્યમંત્રી સાથેના આ સીધા સંવાદમાં રાજકોટના ગોમટા, સાબરકાંઠાના કમાલપુર, તાપીના ચીખલાવાવાના સરપંચો એ આ અભિયાન અભૂતપૂર્વ જળસંચય અભિયાન બન્યું છે તેમજ તળાવો ઉંડા કરવામાંથી નિકળતી માટી ખેડૂતોને વિનામૂલ્યે આપીને સરકારે નવી માટી રૂપી ખાતર ખેતરોમાં આપવાનો જે કલ્યાણ ભાવ દર્શાવ્યો છે તેની પ્રશંસા કરી હતી. ગ્રામજનોએ પણ આ જળસંચયના કામોને પરિણામે આવનારા ચોમાસામાં તળાવોમાં વધુ પાણી સંગ્રહ થઇ શકવાથી જળસંકટ દૂર થશે અને ખેતીવાડી માટે પુરતું પાણી મળશે તેવા હર્ષ ભર્યા પ્રતિસાદ આપ્યા હતા. મુખ્યમંત્રીએ ગોમટાના પ્રગતિશીલ કૃષિકારે આવા અભિયાન માટે અલાયદુ ભંડોળ રચીને તેમાં આવતું દાન જળસંચય વૃદ્ધિના કામો માટે જ વર્ષભર ઉપયોગમાં લેવાય તેવા કરેલા સૂચનનો સકારાત્મક પ્રતિભાવ આપતા આ દિશામાં સરકાર વિચારાધીન હોવાનો નિર્દેશ આપ્યો હતો.

તાપીના ચીખલવાવના નાગરિકોએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં તળાવ ઊંડા કરવાની કામગીરી સ્વાધ્યાય પરિવારના સહયોગતી હાથ ધરાઈ ત્યારે તળાવ ફાટે તો ખેતીને નુકસાન થસે તેવી ભીતિ રાખનારાઓ તે સમયે જળસંચયથી ખેતીને થયેલા ફાયદાને પરિણામે હવે ઉમંગભેર આ અભિયાનમાં જોડાઈને પ્રતિસાદ આપી રહ્યા છે. નર્મદા જિલ્લામાં તળાવો ઊંડા કરવાને પરિણામે તળાવની માટી ખેડૂતોને ખાતર તરીકે મળશે તથા તળાવમાં જળસંગ્રહ થતાં મત્સ્ય ઉત્પાદન-ઉછેર દ્વારા પણ રોજગારીની તકો વધશે તેમ ગ્રામજનોએ આ અભિયાનને વધાવતા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ સુજલામ સુફલામ જળ અભિયાનમાં શ્રમદાન કરતા શ્રમિકોને મનરેગા તહેત રોજગારી મળી રહે તે માટે તેમજ ગામના મોટા તળાવો હોય ત્યાં સતત કામગીરી કરી વધુ જળસંગ્રહ થાય તે રીતે સુવ્યવસ્થિત આયોજન માટેના પ્રેકર સૂચનો પણ કર્યા હતા.

**પાલનપુરમાંથી...**

**પાના નં.૧ ચાલુ**

વિગેરેનાઓ પાલનપુર પશ્ચિમ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે કોજીના પાછળ, નિધિ હીરાના કારખાનની પાછળ આવેલ ગલીમાં ખુલ્લામાં કેટલાક ઈસમો ભેગા કરી ગંજીપાના વડે તીનપત્તીનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે આથી ત્યાં રેઈડ કરતા ચાર ઈસમોને કૂલ રોકડ રકમ રૂ. ૧૨,૧૯૦ તથા મોબાઈલ નંગ.૨ કી. રૂ. ૯,૦૦૦ એમ મળી કુલ રૂ. ૨૧,૧૯૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**ઉઘરાણી મુદ્દે...**

**પાના નં.૧ ચાલુ**

૧૦૮ મોબાઈલ વાન દ્વારા સારવાર અર્થે ખસેડાયા હતા. બાદમાં તેમની પુત્રવધુ હંસાબેન શશીકાંતભાઈ મોદીએ ત્રણેય વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૩૦૭, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૨૦૧ અને ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવી હતી. જેનો કેસ નં. ૨૬/૨૦૧૬ પાલનપુરના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સુભદ્રા કે. બક્ષી સાહેબની કોર્ટમાં ચાલી જતા તેમણે ફરિયાદી પક્ષે રજુ થયેલ પુરાવા અને સરકારી વકીલ સી.જી. રાજપુતની દલીલોને ધ્યાને લઈ આરોપી ભરતભાઈ મોચી અને દક્ષાબેન મોચીને પાંચ વર્ષની સાદી કેદ અને ૨૦૦૦ રૂપિયાનો દંડ તથા ચંચીબેન મોચીને ત્રણ વર્ષની સાદી કેદ અને ૨૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

**દુષ્કર્મના ગુનામાં ...**

**પાના નં.૧ ચાલુ**

પૈકી પન્નાબેન લખમણભાઈ રાવળ રહે. રાણપુર તા. સતલાસણાને રાણપુર ગામેથી અને મોંઘજીભાઈ ગણેશભાઈ ચૌધરી રહે. રાણપુર તા. સતલાસણાને પાલનપુરથી ઝડપી લઈ ડીસા ઉત્તર પોલીસ મથથકના હવાલે કર્યા હતા.

**ગુજરાત : વર્ષા...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ સમિતિમાં સભ્યો તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. મહેસુલમંત્રીએ કહ્યું કે, આગામી ૧ જુન ૨૦૧૮થી ૩૧મી ઓક્ટોર ૨૦૧૮ના ચોમાસા સમયગાળા દરમિયાન વખતોવખત સમીક્ષા હાથ ધરવા સપ્તાહના દર મંગળવારે બપોરે આ બેઠક સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલરૂમ ખાતે મળશે. તેમણે ઉમેર્યું હતું કે, સમિતિ વેધર વોચ અને આપત્તા વ્યવસ્થાપનની સમીક્ષા પણ કરશે અને હવામાનની પરિસ્થિતિ, તાપમાન, સમુદ્રનું સંભવિત વાવાઝોડુ અને ડિપ્રેશનની આગાહી અને તેની સમીક્ષા, સેટેલાઇટ ઈમેજ તથા નક્શા, પાક પરિસ્થિતિ, વરસાદની પરિસ્થિતિ, માછીમાર અને સંભવિત અસરગ્રસ્તોને સમયસર ચેતવણી વગેરે બાબતોની ચર્ચા સમીક્ષા કરી જરૂરી ભલામણો કરશે. કૌશિક પટેલે જણાવ્યું હતું કે, મોસમ વિભાગ, એનડીઆરએફ, એરફોર્સ, આર્મી, કોસ્ટગાર્ડ જેવી કેન્દ્રીય એજન્સીના અધિકારીઓનો પણ આ કમિટિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહિ, જરૂરિયાત મુજબ બેઠકમાં અન્ય વિભાગો કે સંબંધિત ખાતોના અધિકારીઓને પણ બોલાવવામાં આવશે. મહેસુલ મંત્રીએ કહ્યું કે, દર મંગળવારે મળનારી આ વેધર વોચ કમિટિની બેઠકની વિગતો મુખ્ય સચિવને સચિવોની બેઠકમાં યોગ્ય સૂચનો પરામર્શ માટે પણ આપવામાં આવશે. રાજ્યમાં વરસાદી મોસમમાં કુદરતી આફત જાનમાલ નુકસાન અટકાવી શકાય તેમજ મહત્તમ સુરક્ષાત્મક પગલાનું આગોતરું આયોજન થઈ શકે તે હેતુસર આ વેધર વોચ કમિટિ રચવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

**પશ્ચિમ બંગાળમાં...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

વીરપાડાની સામેથી આવેલા એક વિડિયોમાં તૃણમુલ કોંગ્રેસના કાર્યકરો એક પોલિંગ બુથની બહાર લોકોને મત આપતા રોકી રહ્યા છે. ટીએમસી પર બુથ કેપ્ચરિંગનો આક્ષેપ પણ મુકવામાં આવી રહ્યો છે. શનિવારના દિવસે કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના એક કાર્યકર અને તેમના પત્નિને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. આજે વ્યાપક હિંસાની ઘટનાઓ બન્યા બાદ ખળભળાટ મચી ગયો છે. નાંદિયા જિલ્લાના નકાસીપુરામાં પોલિંગ બુથથી પરત ફરી રહેલા ટીએમસી કાર્યકરોની ગોળીમારીને હત્યા કરવામાં આવી હતી. સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરાઈ છે.

**ડીસા સહિત...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યારે આજે શનિદેવની જયંતિને લઈ જીલ્લાભરના શ્રધ્ધાળુ લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે ડીસા નજીકના ભોયણ નજીક આવેલ શનિદેવના મંદિરમાં પણ આજના દિવસે લોકો વિશેષ દર્શન કરી ધન્યતા અનુભવશે આ ઉપરાંત શનિદિવ મહારાજની જયંતિના દિવસે ડીસા તાલુકાના વાઘપુરા પાટીયા નજીક હાઈવે પર નિર્માણ થયેલ શનિદેવના મંદિરમાં શનિદેવ મહારાજની સ્થાપના પણ કરવામાં આવનાર છે છેલ્લા બે દિવસથી ચાલતા આ કાર્યક્રમમાં આજે શનિદેવ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે ત્યારે સમગ્ર જિલ્લાભરમાં શનિજયંતિની ધામધુમ પૂર્વક ઉજવણી કરાશે.

**પાલનપુર ખાતે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૮૫ જેટલા સરકારી મકાનો ઉપરના પાણીનું રેઈન વોટર હાર્વેસ્ટીકગનાં કામો, વન વિભાગ દ્વારા ૯૮ કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.એ.શાહ, નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા, કાર્યપાલક ઈજનેર સીપુ યોજના ડીસા અને આ અભિયાનના નોડલ અધિકારી આર.એન નિનામા, પ્રાન્તય અધિકારીઓ સહિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ક્ષત્રિય ઠાકોર...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

એના માટે જવાબદાર કોણ ? જીલ્લાવાર પાંજરાપોળમાં ગૌવંશ દિઠ રોજના પંદર કિલો ઘાસચારો આપવામાં આવે સહિતના મુદ્દે રજુઆત કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા કલેકટર સંદિપ સાગલેએ ઘટતી કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી. આવેદનપત્ર આપતી વખતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ ખજાનચી ચકાજી ઠાકોર, પ્રદેશ સંગઠન મંત્રી પ્રવિણજી ઠાકોર, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ સ્વરૂપજી ઠાકોર, ઉપપ્રમુખ દેવાજી ઠાકોર, ભાભર પ્રમુખ રામજીજી ઠાકોર, ડી.ડી.જાલેરા, પાલનપુર તાલુકા પ્રમુખ પ્રવિણજી ઠાકોર, પાલનપુર શહેર પ્રમુખ સંજય ઠાકોર સહિત મોટી સંખ્યામાં ટીમના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિંતન...

**અનુસંધાન ૫ નું ચાલું**

વિશ્વની મહાસત્તા ભારતને બનાવવાના સ્વપ્ન સેવી રહ્યા છીએ પરંતુ આ તરફનું એક પણ કાર્ય કરવું નથી. ગૌ-ગૌવંશ એક પણ કયાંય રખડે નહીં કે દુ:ખી ન થાય. જો વ્યવસ્થિત આયોજન સાચા અર્થમાં થાય તો ગધેડા, બકરા, ભેંસ, પાડા, ઉંટ કે બીજા પશુઓ કેમ નથી રખડતા. આવા પશુઓની શાળા, પાંજરાપોળો સરકારીને દાતાઓના સહાયથી ચાલતી હોય તેની સંખ્યા કેટલી ? ને તેમ છતાંય આવા પશુ બહુ રખડતાં જોવા મળતાં નથી. કારણ કે તે 'માતા' કે પૂજનીય સ્વરૂપે નથી. ભેંસ કે ઉંટડીને પૂજનીય કરી માતાનું બિરૂદ આપો પછી જુઓ દે ધનાધન ભુરી કાળી, માંજરી, ખખડધજ ભેંસ, ઉંટડીઓ અને તેના વંશજો કેવા જાહેર માર્ગો પર રખડે છે. તેના ત્રાસ સામે કરજો, ઉહાપોહ, ગૌ-ગૌવંશની જેમ નદીમાતાનું ભૂખનનત માફીયાઓએ ચીરહરણ કર્યું છે.ચોવીસ કલાક રેતખનન પ્રવૃત્તિના કારણે નદીઓના વહેણ બદલાવ્યા કે બંધ થઈ ગયા છે. ને જેના કારણે ભૂગર્ભ જળ સંકટ ઉભું થયું છે. હજુ પાણી વિના જીવન અશકય છે. જો ભવિષ્યમાં ભુતળમાં પાણી જ નહીં રહે તો કુદરતી પર્યાવરણનું જતન નહીં કરો તો જીવસૃષ્ટી માટે આનાથી પણ ભયંકર સમય આવી રહ્યો છે. કુદરતી ચેતવણી, સંકેત ગણો તો ગીધ, સમડી, કાગડા, ચકલી ગધેડા જેવા પક્ષી પશુઓ ઝડપભેર લુપ્ત થઈ રહ્યાં છે. જે માનવજાત માટે ખતરારૂપ જ છે. નદીઓ, જંગલો, પહાડો, ગૌચર, ખરાબાની જમીન ભલે વેરાન બનાવીને સીમેન્ટ ક્રોંકીટનાં જંગલો ઉભા કરો. તે છેવટે ગળેફાંસા રૂપ જ સાબીત થવાનું છે. ચૂંટણીઓ ટાણે રાજકીય પક્ષ સક્રીય બની રહે છે તેવો જો શાસન વ્યવસ્થામાં પાંચ દશ વર્ષ સક્રીય પ્રજા વિસ્તાર પર્યાવરણના કાર્યમાં રહે તો દેશ, રાજયોનુ શાસન સુચારૂ રૂપે ચાલે ને અનોખી પ્રગતિ થાય. વાચક મિત્રો કાળઝાળ ગરમીનો પ્રકોપ બેફામ વધી રહ્યો છે. સ્વાસ્થ્ય સારૂં તો બધું જ સારૂં.. ગરમીમાં કામ વગર નીકળવાનું ટાળો. જળસંચયનો હૃદય મનથી અમલ કરીએ, સરકારને સરકારી બાબુઓ તો જળસંચય ને ધનસંચય જ સમજી બેઠા છે. એટલે એ ચર્ચા બહુ કરવી નથી. તમે સૌ બુધ્ધિશાળી છો નજરો નજર જુઓ છો જેમની પાસે સમયનો અભાવ છે તે જળસંચય માટે કેવા દોડાદોડી કરે છે. અરે ! સાચી વાત કરૂં ? શિક્ષણની ઘોર ખોદાઈ રહી છે. ટયુશન, અપડાઉન, ગુલ્લીબાજી વચ્ચે બાળકોને શાળામાં ભણાવવાનું તો સદંતર બંધ થયું છે. ને હમણાં ભુલેચુકે કે તઘલખી નિર્ણયથી શિક્ષકોને શ્રમકાર્ય જળસંચય અભિયાનમાં જોતરવાનો કોઈ ટીપીઓ, ડીપીઓએ પરિપત્ર નેતાને ચાપલુસી કરવા માટે કરી નાખ્યો તો આપણા ચાણધકયએ કહેલ વાકય મુજબ શિક્ષક કભી સાધારણ નહીં હોતા. શિક્ષકો જ્યાં તળાવ ખોદાતા હતા ત્યાં મને કમને પહોંચી ગયા ને સારૂં શ્રમકાર્ય કરતા મજુર ભાઈ બહેન પાસેથી પાવડો, ત્રિકમ કોદાળી કે તગારૂં લઈને એકબીજા મિત્રોની મદદથી શ્રમકાર્યના એવા તો વોટસઅપ, ફેસબુક પર ફોટા વાયરલ કયાંક બિચારા શિક્ષકોને વેકેશનમાંય શ્રમ કાર્ય કરે છે. અરે શૈક્ષણિક સત્રમાં પોતાના ફાળે આવતું શિક્ષણ કાર્ય કરે તો આ ધરા ધન્ય બને. ડીપીઓ ટીપીઓ, બીઆરસી, સીઆરસી, બીટ કેળવણી નિરીક્ષકો બધા જ ૨૦૦ કી.મી.દુરથી અપડાઉન સાથે કરે તો કોણ કોને કહે ? વાચક મિત્રો અધિક માસ બેઠો એટલે ધર્મ કાર્ય થશે જેમાં જે થવું હોય તે થાય. આપણે અહીં અટકીએ.

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## સૌરભ...

**અનુસંધાન ૫ નું ચાલું**

રહીશું તો જરૂર સફળતાની મંઝીલ મેળવી શકીશું. પ્રયોગશાળામાં એવું પણ બને છે , ઘણીવાર વિસ્ફોટક પદાર્થોના કરને ધડાકો પણ થઇ શકે છે ,અને પ્રયોગ કરનારને પણ નુકશાન પહોચી શકે છે.જીવનમાં પણ ક્યારેક એવું બને છે કે કોઈ વ્યક્તિ ,પરિસ્થિતિ આપની માનસિક અવસ્થા પર અસર હારવાની જરૂર નથી એકવાર એક્સીડેન્ટ થયા પછી વ્હીકલ ચલાવવાનું છોડી નથી દેતા બિલકુલ એવી જ રીતે જીવનમાં આવતી સમસ્યાઓથી આપણે પણ રોકવાની જરૂર નથી. હારવાની જરૂર નથી. હતાશ કે નિરાશ પણ થવાની જરૂર નથી .આવેલી પરિસ્થિતિ નો ખુબ તાકાતથી સામનો કરો. હરો નહી પણ પરિસ્થિતિને હંફાવી હરાવી દો .પાછા ન પાડો વિઘ્ન પછાડી દો .જીવનની પ્રયોગશાળામાં નવા નવા પ્રયોગ કૈક નવું શીખો ,અનેકો માટે નવો રાહ બનાવો .બનેલા રસ્તા પર ચાલવાવાળા તો ઘણા છે પરંતુ નવો રસ્તો બનાવે તે મહાન છે.

જીવનની પ્રયોગશાળા આપણને ઘણા ચાન્સ આપે છે આપણે ચાન્સ લઈને નવી નવી શોધો કરીને આગળ વધતા રહેવાનું .જીવન વાસળી જેવું છે.ભલે એમાં ગમે તેટલા કાણા હોય પરંતુ જો વગાડતા આવડે તો સાતેય સુર વાગી સકે છે.વાસળી પાસે થી આપણે શીખ લેવાની જરૂર છે ●મુશ્કેલીઓની ક્યારેય ફરિયાદ કરવી નહી.કારણ કે મહાન ડાયરેક્ટર સૌથી અઘરો રોલ હમેશા બેસ્ટ એક્ટરને જ આપે છે .આપણે અઘરા રોલથી ડરવાની કોઈ જરૂર નથી એવોર્ડ પણ આવા અઘરા રોલ ભજવવાવાળા એક્ટ્રને જ મળે છે. જીવન બાજીના બાવન પત્તા જેવું છે .આપના હાથમાં છે કેવા પત્તા આવશે તે કિસ્મત ના હાથની વાત છે પણ કેવી રીતે રમવું એ તો આપના હાથની વાત છે.આપને જીવનની પ્રયોગશાળામાં પાસ થવાની જરૂર છે અને દુનિયાને નવા પ્રયોગોની ભેટ ધરવાની છે .

**બી.કે. નીતાબેન**

## જીવનદર્શન..

**અનુસંધાન ૫ નું ચાલું**

નાટકો જોવાના અને નાટકો ભજવવાના શોખીન પ્રહલાદભાઈએ નાનપણમાં વડીલોના વાંકે અને જય ચિત્તોડ જેવાં નાટકોમાં રોલ પણ ભજવ્યો છે. ખુબ જ સાત્વિક, સહકારમય, સદાચારી અને સમજપૂર્વકનું જીવન જીવનાર આદરણીય પ્રહલાદભાઈને વંદન, અભિનંદન અને અઢળક શુભેચ્છાઓ..

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૫૦૦-૪૧૦૦૦**
રૂપુ કાચું ૪૦૫૦૦- ૪૧૦૦૦
સોનુ તોલો ૩૨૩૦૦-૩૨૬૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૬૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર ૫ટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૨૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૮૦૦
લીંબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૫
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૨૦-૨૪૦
**ભીંડા ૩૦૦-૪૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૫૦૦-૧૯૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૨૪૦-૩૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૮૦૦-૧૨૦૦

## શ્રધા અને સંસ્કાર...

**અનુસંધાન ૫ નું ચાલુ**

એ વાત પણ પાલવે તેમ નથી. આમ બીજી સોનૈયાનો શું ઉપયોગ કરવો ? નાંખે તો પણ તકલીફ અને ન નાંખે તો પણ તકલીફ એવી પરીસ્થિતિ કુશલની થઈ. આમ મુંઝવણમાં ને મુંઝવણમાં કેટલીયે વાર સુધી કુશલ હાથમાં સોનામહોર લઈને નદીના તટ ઉપર બેસી રહ્યો.

થોડીવારમાં પાછળથી કોઈનો આવવાનો અવાજ થયો. તે જીવદાસ શ્રેષ્ઠીની પુત્રી ભાગીરથી હતી. ભાગીરથી બહુ જ બુદ્ધિશાળી હતી. ચિંતાગ્રસ્ત કુશલને જોઈને તેણે પુછ્યું, કેમ કુશલ ! નદીમાં પડવાનો વિચાર કરે છે કે શું ?

કુશલ ભાગીરથીને સારી રીતે ઓળખતો હતો. તેના ખાસ મિત્રની તે બહેન હતી. જેમ કુશલના પિતા નગરમાં શ્રેષ્ઠી હતા. તેમ ભાગીરથીના પિતા પણ નગરમાં શ્રેષ્ઠી હતા. એટલે તેમના વચ્ચે પણ મૈત્રી સારી હતી. કુશલે ભાગીરથીને કહ્યું : નદીમાં પડવાનો તો મારો કંઈ વિચાર નથી પણ આ સોનામહોર નદીમાં ફેંકુ કે ન ફેંકુ એ જ વિચાર કરૂં છું.'

નદીમાં વળી સોનામહોર ફેંકવાનો વિચાર કેમ આવ્યો ? કુતુહલથી ભાગીરથીએ પુછ્યું.

માતાએ જે કહ્યું હતું તે બધી વાત કુશલે ભાગીરથીને કહી અને એમ પણ કહ્યું, ખોટી રીતે કોણ ધનનો વ્યય કરે ? અને જો આ સોનૈયા નદીમાં ન નાખુંતો માતાની આજ્ઞાનું ઉલ્લંઘન થાય. એટલે હું બેય રીતે ફસાયો છું. હવે શું કરવું એ જ વિચારોના વનમાં વીહરી રહ્યો છું. બોલ તને શું સારૂં લાગે છે ? મારી જગ્યાએ તું હોય તો શું કરે ?

અરે કુશલ ! તું તો કેટલો ભોળો છે ? નદીમાં કોઈ સોનૈયા નાખતું હશે. આ તો તારી પરીક્ષા કરવા માટે તારી માતાએ તને આ વાત કરી હશે. એમનો તો એ જ આશય હશે કે ગમે તે રીતે આ સોનૈયાનો ઉપયોગ કરવો. નદીમાં ફેંકવાની કંઈ જરૂર નથી જેમ તું નદી માતાને આપવાનો હતો એમ પાછો જઈને તારી માતાને આપી દેજે.. એટલે આ સોનૈયાનો ઉપયોગ થઈ ગયો કહેવાશે.

**પં.રાજપદ્મ વિજયજી**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

## વિસનગરમાં પરિણીતા પાસે દહેજ પેટે રૂા. ૧૫ લાખની માંગણી કરતાં ફરિયાદ

મહેસાણા

વિસનગરમાં પરિણીતાને માનસિક શારિરીક ત્રાસ ગુજારી દહેજ પેટે રૂા. ૧૫ લાખની માગણી કરતા પરિણીતાએ ત્રણ જણા સામે ફરિયાદ નોંધાવી છે. વિસનગર શહેર પોલીસે ફરિયાદના આધારે ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ ચલાવેલ છે. વિસનગરના લક્ષ્મીપુરા (ભાલક) ખાતે રહેતા નિલમબેન સુરેશભાઈ પ્રજાપતિએ વિસનગરની અર્જુનનગર સોસાયટીમાં રહેતા મિલન ગંગારામ પ્રજાપતિ સામે પોલીસે તપાસ હાથ ધરી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીઓ દ્વારા ૬ મે ૧૯૧૭ થી નિલમબેન પ્રજાપતિને માનસિક ત્રાસ આપતા હતા અને પિયરમાંથી રૂા. ૧૫ લાખ દહેજ પેટે લઈ આપવાની માગણી કરી ત્રાસ ગુજારતા હતા.

## પાટણમાં ચાણસ્મા હાઈવે પર મીનીટ્રક-બાઈક અથડાતાં બે ને ઈજા

પાટણ

પાટણમાં ગાયત્રી મંદિરથી ચાણસ્મા હાઈવે જવાનો માર્ગ સીંગલ અને સાંકડો હોવાથી બેફામ રીતે વાહન ચલાવતા વાહન ચાલકોનાશ અકસ્માત સર્જતા હોય છે. સદર રોડ પર સવારથી મોડી સાંજ લગી વાહનોની અવર-જવર પુષ્કળ પ્રમાણમાં રહે છે ત્યારે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાતી જાય છે. દરમ્યાન ગત શુક્રવારે સાંજે ગાયત્રી મંદિરથી ચાણસ્મા હાઈવે તરફ જતી મીની ટ્રક ચાણસ્મા હાઈવેના પુલ નીચેથી બેફામ રીતે આવતા બાઈકને અથડાતા બાઈક પર સવાર બે જણાને સામાન્ય ઈજા થઈ હતી. બાઈક ચાલક હારિજ તરફનો હોવાનુ જાણવા મળે છે.

## ઊંઝા - પાટણ હાઈવે પર બે દ્વિચક્રી વાહનો અથડાતાં બે ના મોત

ઊંઝા

ઊંઝા - પાટણ ધોરી માર્ગ પર સુણક ગામની સીમમાં સાંજના સમયે બજાજ સ્કુટર અને એક્ટીવા બે દ્વિચક્રી વાહનો સામ સામે અથડાતા સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં બંને દ્વિચક્રી વાહન ચાલકોના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા. જ્યારે એક બાળકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. વિગત એવી છે કે ઊંઝા તાલુકાના સુણક ગામના મુકેશભાઈ શંકરભાઈ પરમાર પોતાના બજાજ સ્કુટર પર દિકરી ના ભાણીયાને બેસાડીને ઊંઝા- પાટણ રોડ પરથી ઘરે જઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં સુણક ગામની સીમમાં ઈન્દિરાનગરની પાછળ સામેથી આવી રહેલ એક્ટીવા બંને વાહનો સામસામે જોરદાર અથડાતાં સ્કુટર ચાલક મુકેશભાઈ પરમાર અને એક્ટીવા ચાલક ગીરીશકુમાર શાંતિલાલ પ્રજાપતિ રહે. પાટણના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા. જ્યારે બજાજ સ્કુટર પાછળ બેઠેલ કુલદીપ ઉ.વ.૪ ને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બનાવ અંગે મૃતક મુકેશભાઈ પરમારના ભત્રીજા હર્ષદકુમારની ફરિયાદના આધારે ઉનાવા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાટણ પાલિકાના સત્તાધારી પક્ષના સભ્યોમાં ભારે મતભેદ

પાટણ

પાટણ નગર પાલિકાના કોંગ્રેસના સત્તાધિશો વચ્ચે નગરપાલિકાના કન્સલ્ટન્ટને બ્લેક લિસ્ટ કરવાના મામલે હજુ પણ સત્તાધારી પક્ષના બે જુથો વચ્ચે ગરમા ગરમી ચાલી રહેલ છે.અગાઉ નગરપાલિકાનું મુલત્વી રહેલું બોર્ડ ફરીથી ટૂંક સમયમાં બોલાવીને આ મામલે સભ્ય વચ્ચે સહમતિ સાધવાનો પ્રયાસ કરવા પાટણના જુના સર્કિટ હાઉસમાં મળેલી કોંગ્રેસ પક્ષની બેઠકમાં સત્તાધારી પક્ષના બે જુથો વચ્ચે ભારે ગરમાં ગરમી અને બોલાચાલી થઈ હોવાનું આધારભૂત જાણવા મળ્યું છે.બંને જુથો મારામારી ઉતરી આવ્યા હતા. વારંવાર કોંગ્રેસ દ્વારા ગત મંગળવારે રાત્રે યોજાયેલી બેઠકમાં પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, પ્રભારી નિરીક્ષણ જય પ્રકાશ પટેલ,

બે નિરીક્ષકો, ધારાસભ્ય વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અગાઉ પાલિકામાં મુલત્વી રહેલા સામાન્ય સભામાં એજન્ડા પરના કેટલાક મુદાઓ અંગે ચર્ચા કરી બંને જુથો વચ્ચે સંમતિ સધાઈ હોવાનું પણ કહેવાય છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | લાખણી | મેથી | ૫૪૯-૬૫૦ |
| એરંડા | ૭૭૫-૭૮૬ | ગવાર | ૬૬૨-૬૮૦ |
| રાયડો | ૬૭૦-૭૧૫ | | સિધ્ધપુર |
| ગવાર | ૭૧૦ | જીરૂ | ૨૪૯૦ |
| સુવા | ૮૦૦-૮૫૬ | વરીયાળી | ૧૧૨૦-૧૧૬૭ |
| ઈસ. | ૧૨૧૧ | ઈસ. | ૧૦૫૦ |
| રાજગરો | ૧૧૮૦ | રાયડો | ૬૬૦-૭૪૫ |
| વરી | ૧૦૦૦-૧૪૨૪ | એરંડા | ૭૬૦-૭૯૩ |
| | પાલનપુર | ગવાર | ૬૬૧-૭૨૪ |
| ઘઉં | ૩૧૦-૩૬૬ | મેથી | ૪૭૩-૫૨૦ |
| બાજરી | ૨૩૫-૨૫૧ | ઘઉં | ૩૦૦-૪૩૪ |
| ચણા | ૬૫૧-૬૬૦ | સવા | ૮૦૦-૮૭૭ |
| રાજગરો | ૯૪૧-૧૨૬૭ | જુવાર | ૭૨૫-૮૦૧ |
| વરી. | ૧૧૭૦-૨૧૭૫ | જવ | ૩૧૫ |
| ઈસ. | ૧૧૦૦-૧૬૫૦ | બાજરી | ૨૦૦-૨૬૩ |
| રાયડો | ૬૮૫-૭૦૩ | | પાટણ |
| એરંડા | ૭૭૦-૭૯૦ | જીરૂ | ૨૬૯૫-૨૯૪૦ |
| | ધાનેરા | વરીયાળી | ૧૦૭૦-૧૪૦૦ |
| ઘઉં | ૩૦૫-૩૪૩ | મેથી | ૪૮૩-૫૩૮ |
| બાજરી | ૨૬૧-૨૭૬ | સુવા | ૭૦૦-૯૪૮ |
| ગવાર | ૭૧૧-૭૩૦ | રાયડો | ૬૫૦-૭૫૦ |
| રાયડો | ૬૭૫-૭૨૦ | એરંડા | ૭૬૦-૭૮૯ |
| એરંડા | ૭૭૦-૭૮૫ | ઈસ. | ૧૦૦૧-૧૨૭૬ |
| સુવા | ૭૮૦-૯૦૦ | અજમો | ૮૦૦-૮૮૧ |
| ઈસ. | ૧૧૧૧-૧૬૦૧ | ઘઉં | ૩૧૬-૪૫૨ |
| જીરૂ | ૨૫૦૦-૨૮૮૭ | બાજરી | ૨૨૫-૨૫૯ |
| વરીયાળી | ૯૦૧-૧૧૬૦ | કપાસ | ૭૩૫-૧૦૬૭ |
| રાજગરો | ૧૧૦૧-૧૨૦૯ | | થરાદ |
| અજમો | ૧૩૦૧ | રાયડો | ૬૭૦-૭૧૦ |
| રજકો | ૨૬૦૦ | એરંડા | ૭૭૫-૭૮૩ |
| તલ | ૧૪૭૦ | જીરુ | ૨૫૦૦-૨૯૫૦ |
| અન્ય | ૭૮૫-૧૨૦૯ | વરીયાળી | ૧૦૦૦-૧૪૨૪ |
| ચીકુડી | ૧૧૭૭-૧૨૮૯ | ચિકુડી | ૯૦૦-૧૨૩૫ |
| અસાળીયો | ૭૮૫ | સુવા | ૮૦૦-૮૫૬ |
| | થરા | ઈસબગુલ | ૧૨૧૧ |
| જીરૂ | ૨૫૦૦-૩૧૨૫ | ગવાર | ૭૦૦-૭૧૦ |
| એરંડા | ૭૭૭-૭૯૪ | રાજગરો | ૧૧૪૦ |
| રાયડો | ૬૯૦-૭૦૯ | | રાહ |
| વરી. | ૧૧૦૦-૧૬૭૦ | રાયડો | ૭૧૫-૭૩૬ |
| ઘઉં | ૩૧૫-૪૦૮ | એરંડા | ૭૭૦-૭૮૦ |
| બાજરી | ૨૪૦-૨૭૮ | બાજરી | ૩૫૦-૪૦૦ |
| અજમો | ૯૧૪-૧૪૬૦ | ચિકુડી | ૧૦૭૦-૧૨૪૦ |
| ઈસ. | ૧૦૮૦-૧૨૬૦ | સુવા | ૭૮૦-૮૨૫ |

બે માસ અગાઉ ત્રણ યુવકોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કર્યું

## હુંજ ગામની યુવતીના મોબાઈલ ઉપર બિભત્સ મેસેજ કરનાર યુવક ઝડપાયો

હિંમતનગર

બે માસ અગાઉ ત્રણ યુવકોના ઈન્સ્ટાગ્રામ એકાઉટ હેક કરી તેમની આઇડી ઉપરથી તથા અન્ય ફેક ઈન્સ્ટાગ્રામ આઇડી ઉપરથી એક યુવતીને ઈન્સ્ટાગ્રામ ઉપર બિભત્સ મેસેજો મોકલનાર હેકરને સાબરકાંઠા એસ.ઓ.જી. એ ઝડપી પાડયો હતો.


સતીષ ભટ્ટ

ગઇ તા.૨૯/૦૩/૧૮ ના રોજ એક અરજદાર બહેને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઉપર અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઇડી ઉપરથી બિભત?સ મેસેજો આવેલ હોઇ આ બાબતે સદર અરજદાર બહેને પોતાના પરીવારજનોને જાણ કરી એકાઉન્ટધારક યુવકોની પુછપરછ કરતાં આ એકાઉન્ટ પોતાના હોવાનું જણાવેલ પરંતુ આ મેસેજો પોતે નહી પરંતુ કોઇ અજાણ?યા ઇસમે તેઓના એકાઉન?ટ હેક કરી આ બિભત?સ મેસેજો કરેલ હોવાની હકીકત જણાવેલ હોઇ મેસેજ કરનારને શોધી કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે પોલીસ અધિક્ષકની કચેરી ખાતે આવી અરજી આપેલ...

સાબરકાંઠા પોલીસ અધિક્ષકશ્રી સૌરભસિંઘ સાહેબનાઓએ આ બનાવ સાયબર ક્રાઇમનો હોય આ બાબતે અંગત રસ લઇ એકાઉન?ટ હેક કરનાર તથા બિભત?સ મેસેજો મોકલનારની ઉંડાણપૂર્વક તપાસ કરી હેકરને પકડી પાડવા સુચના કરેલ હોય જે અનુસંધાને એસ.ઓ.જી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર એસ.એન.પરમાર તથા એસ. ઓ.જી.ની ટીમ કામે લાગેલ....આ બાબતે ફેસબુક ડીટેઇલ્સ એનાલીસીસ તથા ટેકનીકલ સર્વેલન્સની મદદથી ઉંડાણપૂર્વકની તપાસ દરમિયાન ઉપરોકત ત્રણેય એકાઉન્ટ હેક કરનાર તથા બિભત્સ મેસેજો કરનાર ઈસમ મોહમ્મદભાઇ સલીમભાઇ સુણસરા રહે. સતનગર તા.હિંમતનગર જી. સાબરકાંઠા વાળો હોવાની ખાતરી થતાં ગત રોજ તેને એસ.ઓ.જી. કચેરી ખાતે લાવી ઉંડાણપૂર્વક પુછપરછ કરતાં અને પોલીસ પાસે તપાસ દરમિયાન પુરતા પુરાવા એકત્રિત થયેલ હોઇ યુવક મોહમ્મદ સુણસરા પૂછપરછ દરમિયાન ભાંગી પડેલ અને પોતાની અંગત અદાવત ખાતર યુવકને બદનામ કરનાવા આશયથી તેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી તેના ઉપરથી કોલેજમાં પોતાની સાથે અભ્યાસ કરતી યુવતીને (ફરી. બહેનને) હેરાન તથા બદનામ કરવા માટે બિભત્સ મેસેજો કરેલ હોવાની કબુલાત કરેલ હોઇ તેની ગાંભોઇ પો.સ્ટે. ફર્સ્ટ ગુન્હા રજી. નં. ૩૧/૧૮ ઇપીકો ક. ૩૫૪ (ડી), ૪૧૯, ૫૦૦ તથા આઇ.ટી. એકટ ક. ૬૬ સી, ડી તથા ૬૭ મુજબના ગુન્હાના કામે ધરપકડની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તળાવો ઉંડા કરવાના ૬૯ કામો, ખેત તલાવડીના-૫૬ કામો અને આડબંધના-૧૨ કામો, મળી કુલ-૧૩૭ કામો મંજુર

પાટણ

સમગ્ર રાજયમાં તાઃ ૧/૫/૨૦૧૮ થી તાઃ ૩૧/૫/૨૦૧૮ સુધી "સુજલામ સુફલામ જળ અભિયાન" ની શરૂઆત કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે પાટણ જીલ્લામાં પણ તમામ તાલુકાઓમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તળાવો ઉંડા કરવાના ૬૯ કામો, ખેત તલાવડીના-૫૬ કામો અને આડબંધના -૧૨ કામો,મળી કુલ-૧૩૭ કામો મંજુર કરવામા આવેલ છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત જિલ્લામાં તળાવો ઉંડા કરવાના કામોનું જિલ્લા વિકાસ અધિકારી, રાજેશ રાજયગુરૂ અને નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી .ડી.એલ. પરમાર દ્વારાહારીજ તાલુકાના વાગોસણ ગામના તળાવના કામની મુલાકાત લેવામાં આવી. ત્યારબાદ સમી તાલુકાના મુખ્યમથક સમી ખાતેના તળાવના કામની મુલાકાત લેવામાં આવી. આ બન્ને કામો ઉપર ૨૪૧ જેટલામજૂરો કામ કરી રહેલ છે. આ તમામ જોબકાર્ડ ધારકોને સ્થળ ઉપર છાશ વિતરણ કરવામાંઆવી હતી. તળાવની સંગ્રહ ક્ષમતામાં વધારો થાય અને આગામી ચોમાસામાં મહત્તમ વરસાદી પાણી સંગ્રહ થાય અને તેનો લાભ ગ્રામજનોને તથા આજુબાજુના ખેડૂતોને મળે અને આ અભિયાનનો હેતુ સિદ્ધ થાય તે મુજબ કામગીરી કરવા સૂચિત કરવામાં આવ્યું. સ્થળ ઉપર કામ કરતા સ્ટાફને પણ સૂચનાઓ આપવામાં આવી. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ પણ સમયાંતરે તેમના તાલુકામાં ચાલતી તમામ કામોની સમયાંતરે મુલાકાતો લઈ કામ કરતા લોકોને વધુને વધુ કામ કરવા પ્રોત્સાહિત કરવા અને જરૂરી તમામ પ્રકારની સગવડો પૂરી પાડવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

## રાધનપુર તાલુકાના ગોતરકામાં કથામાં આશીર્વચન આપતા પૂજ્ય સંતશ્રી સદારામ બાપુ

રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકામાં શ્રી સ્વામીજી ગુરૂગાદી આસનધામના નવનિર્માણ અને દ્વારકાધીશ ભગવાનનું ૫૧ સ્તંભના ભવ્ય શિખરબંધ મંદિરના નિર્માણાર્થે સંગીતમય શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞ કથાનું ગોતરકાના ગ્રામજનો અને શ્રીરામ કથા સમિતિ તેમજ શ્રી સ્વામીજી ગુરૂગાદીના સમસ્ત સેવક સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, જે તા.૭ થી ૧૫ મેં સુધી ચાલશે. રવિવારે કથામાં ટોટાણાના સંતશ્રી સદારામ બાપુએ હાજર રહીને સમસ્ત ભાવિકજનોને આશીર્વચન પાઠવ્યા હતા,જેનાથી ભાવિકજનોએ ધન્યતા અનુભવી હતી.આ ઉપરાંત જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી,પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી સહિતે ઉપસ્થિત રહીને કથાશ્રવણનો લાભ લીધો હતો.સ્વામીજીની જગ્યાના વર્તમાન ગાદીપતિ સ્વામીજી મહારાજે ઉપસ્થિત તમામ સંતો-મહંતો અને મહેમાનોનું સન્માન કર્યું હતું.કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી નારણભાઇ દેસાઈ અને જલાભાઇ જાદવે કર્યું હતું

## મહેસાણામાં રિક્ષામાં પ્રજ્ઞાચક્ષુને માર મારીને લૂંટી લેવાયો

મહેસાણા

મહેસાણા- રાધનપુર ચોકડી પાસેથી રિક્ષામાં બેસી જગુદણ તરફ જઈ રહેલા પ્રજ્ઞાચક્ષુને રિક્ષા ચાલકે દંડાથી માર મારી તેની પાસેથી ખાટલો ભરવાની પાટી તથા રૂા. ૮ હજારની રોકડની લુંટ કરી રસ્તામાં ઉતારી ફરાર થઈ જતાં ચકચાર મચી છે. ઈજાગ્રસ્ત પ્રજ્ઞાચક્ષુને સિવિલમાં સારવાર અર્થે ખસેડાતા પોલીસે તેનું નિવેદન લીધું હતું.

જાણવા મુજબ બલોલ પાસે રહેતા ૫૪ વર્ષીય પટેલ ચંદુભાઈ પ્રજ્ઞાચક્ષુ છે. તેઓ ગત રવિવારે જગુદણ ખાતે ખાટલો ભરવા જવાનું હોઈ સવારે ખાટલાની પાટી લઈ શહેરના રાધનપુર ચાર રસ્તેથી રિક્ષામાં બેઠા હતા. જો કે રસ્તામાં જગુદણ- મેવડ ટોલટેક્ષ વચ્ચે રિક્ષા ચાલકે ચંદુભાઈને દંડાથી માર મારી પાટી અને રૂા. ૮ હજારની લુંટ ચલાવી ચંદુભાઈને રિક્ષામાંથી ઉતારી ફરાર થઈ ગયો હતો. બાદમાં લોકોએ ઈજાગ્રસ્તને સિવિલમાં ખસેડતા પોલીસે તેમનું નિવેદન લીધું હતું.

## અપહરણના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

હિંમતનગર

ઈડર પોલીસ સ્ટેશનમાં બે વર્ષ અગાઉ અપહરણના એક કેસમાં પોલીસને છેતરી નાસતા ફરતા સાંબલવાડાના એક શખ્સને એલસીબીએ ઈડર બસસ્ટેન્ડમાંથી હોવાની મળતાં ઝડપી લીધો હતો.

વર્ષ ૨૦૧૬ માં ઈડર પોલીસ મથકમાં અપહરણના ગુનામાં સંડોવાયેલા મનાતા ભવાન મનુભાઈ ઠાકોર (રહે. સાંબલવાડા) બે વર્ષથી નાસતો ફરતો હતો. દરમ્યાન એલસીબીને ભવાન ઠાકોર ઈડર બસસ્ટેન્ડમાં હોવાની બાતમી મળતાં બસસ્ટેન્ડમાં વોચ ગોઠવી ઝડપી લીધો હતો.

## રાધનપુર તાલુકાના નાયતવાડા ખાતે સુજલામ-સુફલામ જળ અભિયાન

પાટણ

રાજય સરકારદ્વારા સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત નાયતવાડા મુકામે રીલાયંસ ફાઉન્ડેશન અને લોક ભાગીદારીથી વરસાદી પાણીના જળસંગ્રહ થકી ભુગર્ભ જળ રીચાર્જ બોરવેલ બનાવવાના કાર્યક્રમનુ ખાતમુહુર્ત શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરના હસ્તે કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે મંત્રીએ રાજય સરકારના જળસંચય કાર્યક્રમનુ મહત્વ સમજાવી આવનાર પેઢી માટે પાણીનુ મહત્વ જણાવી, લોકભાગીદારી થકી આગામી ૩૦ દિવસમાં અભિયાન હાથ ધરી અને વિશાળ ફલક ઉપર જળસંચયના કામો માટે રાજય સરકારની કટિબઘ્ધતા જણાવી, ગ્રામલોકોને આ ભગીરથ કાર્યમાં જોડાવવા આહવાન કર્યુ હતુ. મંત્રી એ ડ્રીપ ઈરીગેશનના ઉપયોગ ઉપર ભાર મુકી વડાપ્રધાનના ખેડુતોની આવક બમણી કરવાના ઉદ્દેશને સાર્થક કરવા આગળ આવવા અપીલ કરી સેન્દ્રીય ખેતી પઘ્ઘતી અપનાવી મુલ્યવર્ધનપાકો તરફ આગેકુચ કરવા સંગઠીત થવા બનાસ કીસાન પ્રોડ્યુસર કમ્પનીના" ચોરાડ" બ્રાન્ડ જીરાના લોંન્ચિંગને આવકારી, અભિનંદન પાઠવી આ દિશામા સૌ સાથે મળી આગળ વધે તે માટે જણાવ્યુ હતું. મંત્રીએ કાંકરેજ અને ગીર ગાયના દૂધનુ મહત્વ સમજાવી ગાય પાળવા અને સેન્દ્રીય ખેતી તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો.

આ તબક્કે જીલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, ડી.એલ. પરમાર, પ્રાંત અધિકારી એસ. ડી. ગીલવા, જીલ્લા ખેતીવાડી અધિકારી શૈલેષભાઇ પટેલ, કંડલા પોર્ટના ટ્રસ્ટી ભરતભાઇ રાજગોર, જીલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઇ પટેલ, જીલ્લા સંગઠન મહામંત્રી પ્રવિણભાઇ મહાલક્ષ્મી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી,સંગઠન અગ્રણીઓ લવીંગજી ઠાકોર, ભોજાભાઇ આહીર, ભાવાજી ઠાકોર સહીત એ.પી.એમ.સી.ના ચેરમેન અમથાભાઇ ચૌધરી સહીત મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આતબક્કે જીલ્લા ખેતીવાડી અધીકારીશ્રી શૈલેષભાઈ પટેલએ માન.મુખ્યમંત્રીશ્રીનો સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૮ અંતર્ગત સંદેશ ગ્રામજનો સમક્ષ પ્રસ્તુત કરી જળ બચાઓ અભિયાનના શપથ લેવડાવ્યા હતા.રીલાયન્સ ફાઉંન્ડેશન હેમજીભાઇ ચૌધરીએ કાર્યક્રમ અંત્તર્ગત આયોજન હાથ ધર્યુ અને નાયતવાડા મુકામે ૯૫ હોલિયા માટે રુ.૧૨,૩૫,૦૦૦/- ના ખર્ચે લોકભાગીદારીથી કામોનો શુભારંભ મંત્રીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બનાસ કિસાન પ્રોડયુસીંગ કંપનીનાખેડુત્તો ઉપસ્થિત રહ્યા હતા, અને "ચોરાડ" બ્રાન્ડ જીરાથી મંત્રીનુ સ્વાગત કર્યુ હતુ.સરપંચ લાખાભાઇએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

આ પ્રસંગે આગેવાન કેશુભા પરમાર, કાનજીભાઇ, બાબુજી સહીત ખેડુતો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

## હારીજ તાલુકાના ગામોના તળાવ ઉંડા કરવાની કામગીરીનું મંત્રીએ નિરીક્ષણ કર્યું



પાટણ

રાજયભરમાં જળ સંગ્રહ માટે હાલ સુજલામ સુફલામ જળ અભિયાનઅંતર્ગત ગામે ગામ તળાવો ઊંડા કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીને પ્રોત્સાહિત કરવા માટે રાજયના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે હારીજ તાલુકાના દુનાવાડા, વાંસા, ખોખલા અને કુંભાણા ખાતે તળાવ ઊંડા કરવાની કામગીરીનું નિરીક્ષણ કર્યું.આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે પાટણમાં પાણીની સમસ્યા ભૂતકાળ બની જશે. પાટણ પાણીદાર બનશે જીલ્લાના મોટા ભાગના ગામોમાં તળાવો ઊંડા કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. તળાવો ઊંડા કરવા, નદીઓ પૂન જીવીત કરવી, ચેકડેમો જેવી જળ સંચયની કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદનું પણી પુરેપુરું સંગ્રહ કરવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. વરસાદના સંગ્રહ કરેલા પાણીથી જળસ્તર ઊંચા આવશે, ખેતીમાટે પણ ઉપયોગ કરી શકાશે. આવનાર પેઢી સમૃધ્ધ બનાવવી હોય તો, પાણીનું ટીપે ટીપુ સંગ્રહ કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે એપીએમસીના ચેરમેન ભગાભાઇ ચૌધરી, પોપટજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ જિલ્લામાં જિલ્લા કક્ષાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૪/૦૫ના રોજ યોજાશે

પાટણ

પાટણ જિલ્લાનો "સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ" જિલ્લા કક્ષાએ કલેકટર કચેરી, પાટણ ખાતે તા.૨૪/૦૫/૨૦૧૮ના રોજ ૧૧-૦૦ કલાકે યોજાનાર છે. આ કાર્યક્રમ માટે જાહેર જનતા જિલ્લાવ કક્ષાના સ્વા ગત કાર્યક્રમમાં પોતાના પ્રશ્નત/રજૂઆત કરવા માંગતા હોય તેઓને પોતાનો પ્રશ્ન કચેરીના કામકાજ સમય દરમ્યાન તા.૧૦/૦૫/૨૦૧૮ સમય ૧૬-૦૦ કલાક સુધી કલેકટર કચેરી, પાટણ ખાતે મળે તે રીતે બે નકલમાં મોકલી આપવાનો રહેશે અને અરજદારશ્રીએ જાતે "સ્વા૮ગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં" ઉપરોકત તારીખ અને સમયે હાજર રહેવાનું રહેશે.આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગેના, કોર્ટમાં કેસો ચાલુ હોય તે બાબતના, ન્યામયીક કે અર્ધ ન્યારયીક બાબતને લગતા પ્રશ્નોન તેમજ આ કાર્યક્રમમાં અગાઉ રજુ થયેલ પ્રશ્નો઼ ફરીથી રજુ કરવાના રહેશે નહિ. તેમજ પ્રથમવાર અરજી કરતાં હોય તેવા પ્રશ્નં રજુ કરવા નહિ આ માટે એક અરજીમાં એકજ પ્રશ્ની મોકલી શકાશે. અરજીના મથાળે "સ્વાનગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ" માટેનીઅરજી એમ લખવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પુરાવા સાથે આપવાની રહેશે, તેમ પાટણના નિવાસી અધિક કલેકટરશ્રીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણ-કાંસા-ભીલડી બ્રોડગેજ રેલવે પ્રોજેક્ટ પુનઃ અટવાયો

પાટણ

પાટણ સહિત સમગ્ર જિલ્લામાં વિકાસ માટે અનિવાર્ય એવો વર્ષોજુનો પાટણ-કાંસા-ભીલડી બ્રોડગેજ રેલવેનો પ્રોજેક્ટ વિવિધ પ્રકારના અંતરાયો વિવાદોના કારણે સતત વિલંબીત બની રહ્યો છે ત્યારે વર્ષોજુનો રેલવેનો આ પ્રશ્ન ઉકેલાતો નથી. અને પુરાતત્વ વિભાગના મતે આ રેલવે લાઈન પ્રાચીન સ્થાપત્ય સહસ્ત્રલીંગ તળાવ પાસેથી પસાર થતી હોવાથી કામ અટક્યું હોવાનું મનાય છે.

કેન્દ્ર અને રાજયમાં ભાજપની બહુમતી સરકાર હોવા છતાં અને રેલવે પ્રોજેક્ટ વિલંબમાં મુકવા માટે કેન્દ્ર સરકારના જ બે વિભાગો (પુરાતત્વ અને રેલવે) ના કાર્યક્ષેત્રનો મુદો હોવા છતાં આ રેલવે લાઈન આગળ વધીને પુરા થવાના બદલે પાટણમાં અટવાઈ રહ્યો છે.ચાર વર્ષ જેટલો સમય પસાર થઈ જવા છતાં ભાજપની કેન્દ્ર કે રાજય સરકાર પાટણ-ભીલડીનો બ્રોડગેજ રેલવેનો પ્રશ્ન કેમ ઉકેલી શકતા નથી.

પાટણ-કાંસા-ભીલડી રેલવે પ્રોજેક્ટ ફરીવાર ઘોંચમાં પડવા પાછળ પાટણની રાણીની વાવ પાસેથી પસાર થતી રેલવે લાઈનના કારણે વાવના પ્રાચિન માળખાને નુકશાન ન થાય તે માટે લાંબી પ્રક્રિયાના અંતે આખરે પુરાતત્વની માંગ પ્રમાણે ૧૦૩ મીટર દૂરથી રેલવે લાઈન પસાર કરીને દોઢેક કી.મી.નું ડાયવર્ઝન આપીને રેલવે લાઈન માંડ મંજુર થવા પછી તે માટે જરૂરી જમીનોના સંપાદનની લાંબી પ્રક્રિયા અને દોડધામ બાદ જમીન સંપાદનના વળતરની ચૂકવણી કર્યા બાદ રેલવેનું કામકાજ શરૂ થયું ત્યારે પાટણના પુરાતત્વ વિભાગે તેમની વડી કચેરી ખાતે રિપોર્ટ આવતા આ કામ ફરીથી ટલ્લે ચઢી ગયેલ છે

